આ પ્રોગ્રામની શરૂઆત તિલાવતે કુર્આનથી મંડળના ટ્રસ્ટી હાજી એયુબભાઈ નડિયાદ વાળા દ્વારા કરવામાં આવી હતી. મંડળના જનરલ સેક્રેટરી સમીરભાઈ વહોરા બોરીયાવી વાળાએ આવેલ તમામનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. મંડળના ખજાનચી અને રિશ્તા ગ્રુપના ચેરમેન હાજી અલ્તાફભાઈ વહોરા અડાસવાળાએ રિશ્તા ગ્રુપનો અહેવાલ રજૂ કર્યો હતો. તેમણે હાલના સંજોગોમાં રિશ્તા સંમેલનની જરૂરિયાત અને ઉદ્દેશ વિશે સંપૂર્ણ માહિતી આપી હતી. સમાજના દૂર-દૂર વસેલા લોકો એકબીજાને એક જ સ્થળ પર મળી શકે, ઉચ્ચ શિક્ષણ ધરાવતા પાત્રોની માહિતી સમાજના વાલીઓને મળે અને અહીં રિશ્તા અંગેની વાતચીત થઈ શકે તે માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરી પાડવાની કોશિશ અમે કરી રહ્યા છે તેમ જણાવ્યું હતું.



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

મંડળના પ્રમુખ હાજી નુરૂલહસન વહોરા અમદાવાદ વાળાએ આજના પસંદગી સંમેલનને અનુરૂપ પોતાનું ઉદબોધન આપ્યું હતું. તદુપરાંત ચરોતર વહોરા ૬૮ સમાજના આગામી શૈક્ષણિક કાર્યક્રમો, હાલ સમાજ દ્વારા ચલાવાતા ૧૧ અને ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ માટે રાહત દરે ટ્યુશન ક્લાસ, સમાજની મહિલા ઉત્કર્ષ ટીમ દ્વારા મહિલાઓને રોજગારી મળે તે માટે ચલાવતા વર્ગો વિશે માહિતી આપી હતી. રિશ્તા સંમેલનના આ કાર્યક્રમમાં કુલ ૨૧૦ દીકરા - દીકરીઓના ડેટા આવ્યા હતા. આ ડેટાને LED ડિસ્પ્લે દ્વારા આવેલ તમામ વાલીઓ સમક્ષ રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં મંડળની IT (આઇ ટી) ટીમ દ્વારા ખૂબ જ મહેનત કરવામાં આવી હતી. મંડળની આઇ ટી ટીમના ચેરમેન મહંમદ શફીભાઇ વહોરા નડિયાદવાળા તેમજ અયાજ વહોરા અને અનસ વહોરા એ ખુબ જ ઉત્સાહપુર્વક મહેનત કરી હતી. કાર્યક્રમના બીજા સેશનમાં પસંદ કરેલ ડેટાને અલગ-અલગ ટેબલમાં આઈડી નંબર દ્વારા દીકરા અને દીકરીઓના વાલીઓને ભેગા કરીને વાતચીત કરવાની પ્રક્રિયા કરવામાં આવી હતી. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે ટ્રસ્ટી મંડળ, વર્કિંગ કમિટીના સભ્યો, કારોબારી સભ્યો, મહિલા ઉત્કર્ષ ટીમ દ્વારા ખૂબ જ મહેનત કરવામાં આવી હતી. અંતમાં મંડળના જનરલ સેક્રેટરી સમીરભાઈ વહોરા બોરીઆવી વાળાએ આવેલ તમામનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

ઝારખંડના શિખરજી તીર્થધામ પાસે ગમખ્વાર અકસ્માતમાં સુરતના જૈન દંપતીનું મોત, ૧૨થી વધુ યાત્રાળુઓ ઘાયલ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૩

ઝારખંડના ગિરિડીહ જિલ્લાના મધુબન નજીક રવિવારે મોડી રાત્રે શ્રદ્ધાળુઓથી ભરેલી એક બસ અચાનક બેકાબૂ બની રસ્તાની બાજુમાં આવેલા ઝાડ સાથે ધડાકાભેર અથડાઈને પલટી ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બસમાં આગળની સીટ પર બેઠેલા પતિ-પત્નીનાં ઘટનાસ્થળે જ મોતનીપજ્યાં હતાં, જેઓ સુરત શહેરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે ૧૨થી વધુ મુસાફરો ઘાયલ થયા હતા. ગુજરાત સહીત સુરતથી આશરે ૫૦ જેટલા જૈન શ્રદ્ધાળુઓ ઝારખંડના પ્રસિદ્ધ સમ્મેદ શિખરજીની યાત્રા માટે ગયા હતા. તેઓ ગિરિડીહના મધુબન સ્થિત કોરિયા મંદિર ખાતે રોકાયા હતા. રવિવારે રાત્રે આશરે ૧૦ વાગ્યાના અરસામાં શ્રદ્ધાળુઓ અલગ-અલગ બસોમાં ટાટાનગર રેલવે સ્ટેશન જવા નીકળ્યા હતા. સોમવારે સવારે ગુજરાત પરત ફરવા માટે તેમની ટ્રેન હતી. દરમિયાન મધુબન નજીક સીઆરપીએફ કેમ્પ પાસે પહોંચતાં એક બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલી બસ રસ્તાની બાજુમાં આવેલા ઝાડ સાથે જોરદાર રીતે અથડાઈ હતી અને ત્યારબાદ પલટી મારી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બસમાં બેઠેલા મુસાફરોમાં ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ હતી. બસમાં આગળની સીટ પર બેઠેલા દંપતી બાબુલાલ વંશરાજ જૈન અને બદામી દેવીને ગંભીર ઈજાઓ પહોંચતાં બંનેનાં ઘટનાસ્થળે જ કરૂણ મોત થયાં હતાં. જ્યારે અન્ય ૧૨થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. આ ગમખ્વાર અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સાથો સાથ સ્થાનિક લોકો પણ દોડી આવ્યા હતા.પોલીસે સ્થાનિક લોકોની મદદથી બચાવ કામગીરી હાથ ધરી ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડ્યા હતા. અકસ્માતનો ભોગ બનેલી બસ સિવાય અન્ય બસોમાં સવાર શ્રદ્ધાળુઓને પોલીસની મદદથી તેમના ગંતવ્ય તરફ રવાના કરવામાં આવ્યા હતા. પારસનાથના પવિત્ર તીર્થધામમાં દર્શન કરીને ખુશીથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓ માટે આ અકસ્માતે યાત્રાને કાયમી દુઃખદ યાદમાં ફેરવી દીધી હતી.

ભરૂચ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું

જંબુસરના કરમાડ ગામમાં રસ્તા પરના દબાણ દૂર કરવા માગણી

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૩

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કરમાડ ગામે રસ્તા પરના દબાણના મુદ્દે વણકર અને રોહિત સમાજના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રસ્તાની બંને બાજુ દબાણ કરી શેડ, છાપરા તેમજ વાહનોનું પાર્કિંગ કરવામાં આવતું હોવાના આક્ષેપ સાથે સમાજના આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી દબાણો દૂર કરી કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે. સમાજના આગેવાનોના જણાવ્યા મુજબ, રસ્તા પરના દબાણને કારણે અવરજવરમાં મુશ્કેલી ઊભી થાય છે તેમજ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો દરમિયાન પણ વિવાદ અને બોલાચાલીની સ્થિતિ સર્જાય છે. અગાઉ પણ મામલતદાર, પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી અને ગ્રામ પંચાયત સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જો યોગ્ય ન્યાય નહીં મળે તો તાલુકા વિકાસ અધિકારીની કચેરી ખાતે ધરણાં અને ઉપવાસ આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ભરૂચની ઝઘડિયા ચોકડી પર માર્ગ અકસ્માતમાં બેનાં મોત

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૩

ભરૂચની ઝઘડિયા ચોકડી પર હાઇવા ટ્રક અને એક્ટિવા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા યુવક અને યુવતીનાં ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યાં હતાં. અકસ્માત એટલો ભયાનક હતો કે એક્ટિવા પર સવાર બંને યુવક-યુવતી હાઇવા ટ્રકની નીચે ફસાઈ ગયાં હતાં. અકસ્માતની ઘટનાને પગલે સ્થળ પર લોકોના ટોળાં એકત્રિત થઈ ગયાં હતાં. બંનેના મોતથી સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. બીજી તરફ અકસ્માતને કારણે ઝઘડિયા ચોકડી પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ ઝઘડિયા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મહેમદાવાદ : ખાત્રજ ચોકડી પરથી એમડી ડ્રગ્સ, ચરસ અને ગાંજાના જથ્થા સાથે રિક્ષા ચાલક પકડાયો

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૩

ખેડા એસ ઓ જી પોલીસ ગઈકાલે પેટ્રોલિંગમાં નીકળી હતી. આ દરમિયાન બાતમી મળેલ કે અમદાવાદથી મોહમ્મદ રફીક અન્સારી રિક્ષામાં કેફી માદક પદાર્થો ભરી ખાત્રજ ચોકડી થઈ નડિયાદ તરફ જનાર છે જેથી એસ.ઓ.જી.ખેડા પોલીસે ખાત્રજ ચોકડી સર્કિટ હાઉસ સામે વોચ ગોઠવી હતી આ દરમિયાન બાતમી મુજબની રિક્ષા આવતા પોલીસે રિક્ષા ચાલકને ઉભો રાખી તેની પૂછપરછ કરતા મોહમ્મદ રફીક ઉર્ફે કાળુભાઈ અંસારી રહે. દાણીલીમડા અમદાવાદ હોવાનું જણાવ્યું હતું તેની તલાસી લેતા નાની કોથળીઓમાંથી એમડી ડ્રગ્સ ૨.૨૪ ગ્રામ, કિંમત રૂપિયા ૬,૭૨૦, ચરસ ૨૦.૪૬ ગ્રામ કિંમત રૂા.૫,૧૧૦ તેમજ ગાંજો ૬ પેકેટ ૫.૯૮૦ કિલોગ્રામ કિંમત રૂપિયા ૨,૯૯,૦૦૦નો મળી આવ્યો હતો. આ ઉપરાંત પોલીસે તેની અંગ જડતી માંથી મોબાઈલ રૂા.૫,૦૦૦ તેમજ રોકડ રૂપિયા ૬૭૦ તથા રિક્ષા રૂા.૫૦,૦૦૦ની મળી કુલ રૂા.૩,૬૬,૫૦૫નો મુદ્દા માલ કબજે કર્યો હતો. આ ગાંજાનો જથ્થો શહેજાદ ખાન ફિરોજ ખાન પઠાણ રહેવાસી સંધાણા તાલુકો માતર મૂળ રહે. વટવા અમદાવાદ પાસેથી લાવ્યો હોવાનું અને યુસુફ ભાઈ નજીર ભાઈ દિવાન રહે. વડોદ તાલુકો આણંદને મંગાવ્યો હોઈ તેને આપવા જઈ રહ્યો હતો જ્યારે એમડી ડ્રગ્સ ઈબ્રાહિમ ડફેર સિંધી રહે. મહેસાણા પાસેથી જ્યારે ચરસ હુસેન બટકો રહેવાસી ગોમતીપુર અમદાવાદ પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. આ શખ્સો મળી આવેલ નથી. આ બનાવ અંગે એસઓજી ખેડાની ફરિયાદ આધારે મહેમદાવાદ પોલીસે મોહમ્મદ રફીક ઉર્ફે ભૂરાભાઈ કાળુભાઈ અન્સારી રહેવાસી દાણીલીમડા અમદાવાદ, ફિરોજ ખાન પઠાણ રહે. સંધાણા તાલુકો માતર,વટવા અમદાવાદ, યુસુફ નજીર દિવાન રહેવાસી વડોદ તાલુકો આણંદ, ઈબ્રાહિમ ડફેર સિંધી રહે.મહેસાણા તેમજ હુસેન બટકો રહે. ગોમતીપુર, અમદાવાદ સામે નાર્કોટિક્સ હેઠળ ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

ઝૂ પ્રોજેક્ટના નામે ગરીબોના ઘર તોડવાનો આક્ષેપ

જૂના ડીસાના ૨૪૦ પરિવારો ઘરવખરી સાથે પાલનપુર કલેક્ટર કચેરીએ ધસી ગયા

કલેક્ટર કચેરી બહાર જ ભૂખ હડતાળ પર બેસવાની જીદ પકડી; પોલીસની સમજાવટ બાદ પરિવારો પરત ફર્યા

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૨૩

જૂનાડીસા ગામના ૨૪૦ જેટલા પરિવારો છેલ્લા આઠ દિવસથી ગ્રામ પંચાયત કચેરી સામે ભૂખ હડતાળ પર બેઠા છે. તેમ છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર નિર્ણય લેવામાં નહીં આવતા આખરે પરિવારો ઘરવખરી સાથે કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. પીડિત પરિવારોનો આક્ષેપ છે કે, ઝૂ પ્રોજેક્ટ માટે વર્ષોથી વસવાટ કરતા ગરીબોના મકાનો ખાલી કરાવવામાં આવી રહ્યા છે. પરિવારો પાસે સનદ અને સરકારી આવાસ યોજનાના પુરાવા હોવા છતાં નોટિસ ફટકારવામાં આવતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે. આકોશિત પરિવારોએ તંત્ર સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. પીડિતોએ આક્ષેપ કર્યો હતો કે, ઝૂ પ્રોજેક્ટની આડમાં મોટા માથાઓને હોટલો અને રિસોર્ટ બનાવવા માટે રસ્તો કરી આપવા ગરીબોના આશિયાના છીનવાઈ રહ્યા છે.કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા સમજાવટની કોશિશ છતાં પરિવારો કલેક્ટર કચેરી બહાર જ ભૂખ હડતાળ પર બેસવા અડગ રહ્યા હતા. પરિસ્થિતિ વધુ વણસે નહીં તે માટે પોલીસે પરિવારો સાથે સંવાદ સાધી સમજાવટ કરી હતી. અંતે પોલીસની સમજાવટ



(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

બાદ મામલો થાળે પડ્યો હતો અને ડીસા પોલીસના બંદોબસ્ત હેઠળ તમામ પરિવારોને તેમના વાહનો અને ઘરવખરી સાથે પરત જૂનાડીસા મોકલવામાં આવ્યા હતા. જો કે, અસરગ્રસ્ત પરિવારોએ ન્યાય નહીં મળે તો ભૂખ હડતાળની સાથે જળ ત્યાગ કરી ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. હવે જોવાનું એ રહેશે કે ગરીબ પરિવારોના આશિયાના બચાવવા તંત્ર કોઈ નક્કર નિર્ણય લે છે કે પછી આ વિવાદ વધુ ઉગ્ર બને છે.

સુરેન્દ્રનગર ખાતે મહિલા (ITI)માં કૌશલ દીક્ષાંત સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૩

સુરેન્દ્રનગરની મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા (મહિલા ITI)માં કૌશલ દીક્ષાંત સમારોહ યોજાયો. તાલીમ પૂર્ણ કરનાર દીકરીઓ સાથે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને વઢવાણના ધારાસભ્ય જગદીશભાઈ મકવાણાએ વાતચીત કરી હતી. મકવાણાએ તાલીમ પૂર્ણ કરનાર દીકરીઓને આત્મનિર્ભર બની કારકિર્દીમાં સફળતા મેળવવા શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે, આજના સમયમાં કૌશલ્ય વિકાસ રોજગારી મેળવવાનું માધ્યમ હોવાની સાથે મહિલા સશક્તિકરણનો આધાર પણ છે. તેમણે કહ્યું કે, મહિલાઓની આવડત, પ્રતિભા અને કૌશલ્યને યોગ્ય દિશા મળે તો તેઓ આત્મનિર્ભર બની પરિવાર, સમાજ અને દેશના વિકાસમાં યોગદાન આપી શકે છે.

ધાર્મિક કાર્યક્રમ

ભાલેજમાં સરકાર ફુલદર્શા બાવા(રહે.)ના ૪૮૬મા સંદલ અને ઉર્સ શરીફની ઉજવણી

આણંદ જિલ્લાના ભાલેજ ગામમાં સરકાર ફુલદર્શા બાવા દરિયાઈ (રહે.)ના ૪૮૬મા સંદલ શરીફ અને ઉર્સ મુબારકની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. ભાલેજ ગામના ઠાકોરવાડામાં મર્હુમ હાજી ફરીદમિંયા દરિયાઈ તથા તેઓના ભાઈઓના ઘરેથી રાત્રે ઈશાની નમાઝ બાદ સંદલ મુબારકનો પ્રારંભ થયો હતો.રિકાઈ ગાદી શરીફ સાથે સંદલ શરીફનું જુલૂસ ભાલેજ ગામના મુખ્ય રાજમાર્ગો પરથી ઢોલ-નગારાં અને રૂહાની માહોલમાં સરકાર ફુલદર્શા બાવાની દરગાહ શરીફ ખાતે પહોંચતા જ્યાં પરંપરાગત ધાર્મિક વિધિ અનુસાર આસ્તાના પર સંદલ મુબારકની રસમ અદા કરી આસ્તાના પર ગલેફ મુબારક, ફુલોની ચાદર ચઢાવવામાં આવી હતી અને દેશ અને દુનિયામાં શાંતિ જળવાઈ રહે, ભારત દેશમાં અમન-ઓ-અમન કાયમ રહે, દરેક વ્યક્તિનું સ્વાસ્થ્ય સારૂં રહે તેમજ હિન્દુ-મુસ્લિમ સમાજ વચ્ચે પ્રેમ, એકતા અને ભાઈચારો વધુ મજબૂત બને તેવી ખાસ દુઆ ગુજારવામાં આવી હતી. આ પ્રસંગે ભાલેજ ગામના હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો, આલીમો, વડીલો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. બંને સમાજના લોકોએ એકબીજાની સાથે મળીને કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ભાલેજ ગામે ફરી એકવાર કોમી એખલાસ અને સામાજિક એકતાની પરંપરાને જીવંત રાખી હતી. ઉર્સ શરીફના દિવસે ખાસ ઝિક્ર શરીફનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે રાત્રિના સમયે ભવ્ય કવ્વાલીનો કાર્યક્રમ યોજાયો હતો.

બોડેલી બજાર સમિતિમાં કપાસની આવકમાં વધારો

બોડેલી, તા.૨૩

બોડેલી એ.પી.એમ.સી. (બજાર સમિતિ) ખાતે છેલ્લા ત્રણ દિવસથી કપાસની આવકમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. હરાજીમાં રોજ ૧૦૦થી વધુ વાહનો જોડાતા બજાર સમિતિ પરિસરમાં ચહલપહલ વધી ગઈ છે.આજ રોજ હરાજી દરમિયાન કપાસના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂા.૮૮૧૦થી રૂા.૯૧૦૦ સુધી બોલાતા ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રવર્તી રહી છે. સારા ભાવ મળતા ખેડૂતો પોતાનો પાક વેચવા માટે મોટી સંખ્યામાં બજાર સમિતિ પહોંચી રહ્યા છે. આજરોજ હરાજીમાં ૧૩૮૯ાધનો કપાસ લઈ આવ્યા હતા. બજાર સમિતિના સૂત્રો અનુસાર, આગામી દિવસોમાં કપાસની આવકમાં હજુ વધારો થવાનું અનુમાન છે.

૨૭ ખાલી જગ્યા ક્યારે પૂરાશે ?

સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૪ પશુ દવાખાના સામે માત્ર ૭ ડોક્ટર !

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૩

જિલ્લામાં ૩૪ પશુ દવાખાના સામે માત્ર ૭ ડોક્ટરો કાર્યરત હોવાથી ૨૭ જગ્યાઓ ખાલી છે. ત્યારે એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન ૧૯૬૨ અને મોબાઈલ પશુ દવાખાના હેઠળ ૬૨,૨૭૮ પશુઓને સ્થળ પર જ નિઃશુલ્ક સારવાર અપાઈ છે.ગ્રામ્ય વિસ્તારો માટે ફાળવવામાં આવેલા MVD-MVU (મોબાઈલ વેટરનરી યુનિટ) દ્વારા પણ નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન નિર્ધારિત ગામડાઓમાંથી ઈમરજન્સી સારવાર માટે કુલ ૧,૪૫૨ કોલ રિસિવ કરવામાં આવ્યા હતા, જેની સામે સ્થળ પર જઈને કુલ ૯૭૪ બીમાર પશુઓને સારવાર આપવામાં આવી હતી. ઘણીવાર એક પશુની સારવાર માટે ગયેલી ટીમને ગામમાં અન્ય બીમાર પશુઓની જાણ થતા તેમને પણ સ્થળ પર જ સારવાર પૂરી પાડવામાં આવે છે. જિલ્લામાં પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા માલધારીઓ અને ખેડૂતો માટે હાલ સરકારી પશુ દવાખાનાઓમાં પશુ ચિકિત્સકોની તીવ્ર અછત ચિંતાનો વિષય બની છે.જિલ્લામાં કુલ ૩૪ સરકારી પશુ દવાખાના અને ૧ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર આવેલા છે, પરંતુ ૩૪ના મહેકમ સામે હાલ માત્ર ૭ સરકારી પશુ ચિકિત્સકો જ ફરજ બજાવી રહ્યા છે અને ૨૭ જેટલી જગ્યાઓ ઘણા મહિનાઓથી ખાલી પડી છે. સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી અને ચુડા તાલુકામાં કાયમી પશુ ચિકિત્સક અધિકારીઓની જગ્યા ખાલી હોવાથી હાલ ચાર્જથી વહીવટ ચલાવવામાં આવી રહ્યો છે.

ધારાસભ્ય કિરીટસિંહ ડાભીની ખાસ હાજરીમાં

ધોળકા વિધાનસભા ભાજપ પરિવાર દ્વારા સ્નેહ મિલન સમારોહ યોજાયો



(તસવીર : લિયાકત મનસુરી, ધોળકા)

(સંવાદદાતા દ્વારા)

ધોળકા, તા.૨૩

ધોળકા વિધાનસભા ભાજપ પરિવાર દ્વારા ભગીરથ જીન, ધોળકા ખાતે આયોજિત ભવ્ય 'નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ'માં ધોળકાના ધારાસભ્ય કિરીટસિંહ ડાભીએ ઉપસ્થિત રહી સૌ હોદ્દેદારો, ચૂંટાયેલા પદાધિકારીઓ, કાર્યકર્તાઓ, વડીલો તથા સ્નેહીજનો સાથે નવા વર્ષની શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કર્યું હતું. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ ભાજપ પ્રભારી તરૂણ ચુઘજી તથા પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ પણ વર્ચ્યુઅલ માધ્યમથી શુભેચ્છાઓ પાઠવી સૌને માર્ગદર્શન આપ્યું હતું.આ અવસરે અમદાવાદ જિલ્લા ભાજપ મહામંત્રી નવદીપસિંહ ડોડીયા સહિત જિલ્લા ભાજપના હોદ્દેદારો, ધોળકા શહેર, ધોળકા તાલુકા તથા બાવળા તાલુકાના પ્રમુખો તથા સંગઠનના દરેક મોરચાના હોદ્દેદારો, જિલ્લા તથા તાલુકા પંચાયતના સદસ્ય, કાઉન્સિલરો, દરેક ગામના વિવિધ સમાજના આગેવાનો, આમંત્રિત મહાનુભાવો તથા મોટી સંખ્યામાં સ્નેહીજનો નાગરિકો હાજર રહ્યા હતા.

વિસનગરના વિકાસ માટે રૂા.૧૯૦૦ કરોડ સુધીના કામો કરાયા, માર્ચ ૨૦૨૭થી નાગરિકોને મળશે રાહત

(સંવાદદાતા દ્વારા)

મહેસાણા, તા.૨૩

ઋષિકેશભાઈ પટેલે નૂતન સ્નેહમિલન કાર્યક્રમમાં વિકાસની કામગીરીનો ચિતાર રજૂ કર્યો; બાયપાસ અને વેડા રોડનું કામ પણ ટૂંક સમયમાં શરૂ થશે. વિસનગર ખાતે યોજાયેલા નૂતન સ્નેહમિલન કાર્યક્રમમાં રાજ્યના મંત્રી ઋષિકેશભાઈ પટેલે શહેરના વિકાસને લઈને મહત્ત્વપૂર્ણ વિગતો રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા દોઢ વર્ષના સમયગાળામાં વિસનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં અંદાજે રૂા.૧૮૦૦થી ૧૯૦૦ કરોડના વિકાસકાર્યો કરવામાં આવ્યા છે. આરોગ્ય સેવાઓ, પીવાના પાણીની વ્યવસ્થા, શહેરી માળખાકીય સુવિધાઓ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધાઓના વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી છે.શહેરમાં હાલમાં વિવિધ વિકાસલક્ષી યોજનાઓનું કામ ચાલી રહ્યું હોવાથી નાગરિકોને અવરજવર સહિતની બાબતોમાં મુશ્કેલીઓ પડી રહી છે. જો કે, આ મુશ્કેલીઓ કામચલાઉ હોવાનું જણાવી ઋષિકેશભાઈ પટેલે માર્ચ ૨૦૨૭સુધીમાં વિકાસકાર્યો પૂર્ણ થવાની આશા વ્યક્ત કરી હતી. ત્યારબાદ વિસનગરના નાગરિકોને હાલની સમસ્યાઓમાંથી મુક્તિ મળશે અને સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. શહેરની માળખાકીય સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવા નવા રસ્તાઓનું નિર્માણ, ગંદકીની સમસ્યાના નિવારણ, મચ્છરોના ઉપદ્રવને નિયંત્રિત કરવા તેમજ વરસાદી પાણી અને ગંદા પાણીના યોગ્ય નિકાલ માટે આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત લાંબા સમયથી મહત્ત્વ ધરાવતા બાયપાસ અને વેડા રોડના કામને પણ વેગ મળશે. આ બંને કામો શરૂ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા મંજૂરી આપવામાં આવી હોવાનું જણાવતા તેમણે ટૂંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા શરૂ થવાની પણ માહિતી આપી હતી.કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો સમક્ષ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના શાસનકાળની સફર દર્શાવતી વીડિયો ક્લિપ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે APMCના ચેરમેન જયંતીભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ ઇન્દ્રવદનભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ આશાબેન પટેલ, એસ.કે. યુનિવર્સિટીના ચેરમેન પ્રકાશભ

કેનાલના રોડ પર ટ્રાફિકને લઈ કેપ્સુલ ડિઝાઈન તૈયાર કરવા સૂચના જારી

અમદાવાદની ખારીકટ કેનાલમાં રૂા.૧૩૦૦ કરોડના ખર્ચ બાદ હજુ રૂા.૩૦૦ કરોડ ખર્ચાશે

આઈકોનિક રોડ બાદ હવે સર્વિસ રોડ-સહિતની કામગીરી કરવામાં આવશે



(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૩

અમદાવાદના સૌથી મોટા પ્રોજેક્ટ ગણાતા ખારીકટ કેનાલ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટને લઈ સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે બેઠક યોજાઈ હતી. ૧૩૦૦ કરોડથી વધુનો ખર્ચ કર્યા બાદ ખારીકટ કેનાલમાં હજુ બીજા ૩૦૦ કરોડ રૂપિયાનો હવે ખર્ચ કરીને વધુ એક સર્વિસ રોડ બનાવવા માટેની સૂચના બેઠકમાં આપવામાં આવી છે. ખારીકટ કેનાલના રોડ પર બંને તરફ સર્વિસ રોડ બનાવવામાં આવશે, જે સોસાયટીના લેવલ મુજબ બનાવવા માટે અધિકારીઓને સૂચના અપાઈ છે, જેથી સર્વિસ રોડનો સ્થાનિક નાગરિકો યોગ્ય રીતે ઉપયોગ કરી શકશે. કેનાલના રોડ ઉપર ખૂબ જ ટ્રાફિક થતો હોવાથી કેપ્સુલ ડિઝાઈન તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે. ખારીકટ કેનાલ પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવા પણ જણાવવામાં આવ્યું છે.

ખારીકટ કેનાલ પ્રોજેક્ટની પ્રગતિ અને કામગીરીની સમીક્ષા કરવાના હેતુથી ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ તથા નિકોલના ધારાસભ્ય જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને અમદાવાદ રિવરફ્રન્ટ હાઉસ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં ખારીકટ કેનાલ પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ, ચાલી રહેલી કામગીરી, ભવિષ્યના આયોજન તેમજ પ્રોજેક્ટના અમલીકરણ દરમિયાન ધ્યાનમાં રાખવાના વિવિધ ટેકનિકલ અને માળખાકીય પાસાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. જેમાં ખારીકટ કેનાલના ડેવલોપમેન્ટ પ્રોજેક્ટમાં વધુ એક રોડ બનાવાશે. વધુ સારો આઈકોનિક રોડ બને તેના માટેની ડિઝાઈન તૈયાર કરવા માટે અધિકારીઓને સૂચના આપી છે. બીજા ૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આ કામગીરી આગામી દિવસોમાં કરાશે. ઉપરાંત આશરે ૧૪ કિલોમીટરના ખારીકટ કેનાલ રોડ ઉપર ગાર્ડનિંગ, આઈકોનિક પ્લેસ જેવી સુવિધાઓ ઉભી કરાશે. આ બેઠકમાં ખારીકટ કેનાલ પ્રોજેક્ટ અંતર્ગત આવતા તમામ ધારાસભ્યો સાંસદ સભ્યો અને સ્થાનિક કોર્પોરેટરોને પણ હાજર રાખવામાં આવ્યા હતાં. તેમના દ્વારા વિવિધ પ્રશ્નો અધિકારીઓ સમક્ષ રજૂ કરાયા હતા. ખાસ કરીને રોડ ઉપર પાર્કિંગ અને દબાણના પ્રશ્નો પણ આવતા હતા, જેથી ધારાસભ્યો અને કોર્પોરેટરની રજૂઆત બાદ ભારે વાહનોના કારણે રસ્તાઓને નુકસાન ન થાય તે હેતુથી LMV (લાઇટ મોટર વ્હીકલ) માટે પ્રતિબંધ કરવા તથા વાહનોની ઊંચાઈ અંગે હાઇટ બેરિયર મૂકી નિયંત્રણ (હાઇટ રિસ્ટ્રિક્શન) રાખવા સૂચન કરાયું હતું. નિકોલ વિસ્તારમાં કોઠીયા હોસ્પિટલ નજીક ખારી કટ કેનાલ પાસે શાકભાજી માર્કેટ ભરાય છે, જેના કારણે ખૂબ જ ટ્રાફિક થાય છે. આવા ખૂબ જ દબાણ અને રોડ ઉપર લારીઓ હોય ત્યારે તેવા શાકભાજીવાળાઓને પ્લોટમાં ખસેડવા માટેની સૂચના આપી છે, જેથી અધિકારીઓએ ચાર જેટલા પ્લોટ કેનાલની નજીક હોવાનું કહ્યું હતું, જેથી શાકભાજીના વેપારીઓને પ્લોટમાં ખસેડવાની પ્રક્રિયા કરવા માટે સૂચના આપી હતી. ખારીકટ કેનાલના આસપાસમાં ૨૩ જેટલા પ્લોટ આવેલા છે, જેમાં લોકો માટે ગાર્ડન, કાફે એરિયા, ફૂડ કોર્ટસહિતની અલગ-અલગ સુવિધાઓ ઊભી થાય તે પ્રકારનું આયોજન કરવા માટે પણ સૂચન કરવામાં આવ્યું છે. ખારીકટ કેનાલ પ્રોજેક્ટ ઉપરાંત બેઠકમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના વિવિધ સ્થાનિક વિકાસલક્ષી કામોની પણ ચર્ચા કરવામાં આવી હતી. આગામી વર્ષમાં વિકાસનાં કામો વધુ સારી રીતે અને આયોજનબદ્ધ રીતે હાથ ધરવામાં આવે તેમજ પ્રોજેક્ટ્સનો અમલ ઝડપથી થાય તે દિશામાં જરૂરી આયોજન કરવા સૂચના આપવામાં આવી હતી. ખાસ કરીને શહેરમાં ટ્રેનેજ અને સ્ટોર્મ વોટર સંબંધિત કામોને પ્રાથમિકતા આપી ઝડપથી પૂર્ણ કરવા તેમજ વરસાદી પાણીના નિકાલ અને સંબંધિત સમસ્યાઓના યોગ્ય તથા કાયમી નિરાકરણ માટે જરૂરી પગલાં લેવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

મહત્ત્વપૂર્ણ અને સિમાચિહ્નરૂપ ચૂકાદો

દારૂની હેરાફેરીમાં જપ્ત વાહનો ટ્રાયલ પૂરી થાય ત્યાં સુધી પોલીસ સ્ટેશનમાં સડવા દેવા જરૂરી નથી : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા.૨૩

દારૂની હેરાફેરીના ગુનામાં જપ્ત કરવામાં આવતા વાહનોને છોડાવવા મુદ્દે ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. જસ્ટિસ જે.સી. દોશીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, જો કોઈ વાહન દારૂની હેરાફેરીમાં પકડાયું હોય અને તેમાં દારૂનો જથ્થો નિર્ધારિત મર્યાદા કરતાં વધુ હોય, તો પણ ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી તે વાહનને પોલીસ સ્ટેશનમાં જ રાખવું પડે તેવો કોઈ સંપૂર્ણ અને આપોઆપ લાગુ પડતો પ્રતિબંધ નથી. સુરતના ડીસીબી (DCB) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂની હેરાફેરીના એક ગુનામાં જપ્ત કરાયેલી સ્વિફ્ટ કાર તેના માલિકને શરતોને આધીન વચગાળાની કસ્ટડીમાં સોંપવાનો આદેશ કરતાં હાઈકોર્ટેઆ કાયદાકીય સ્થિતિ સ્પષ્ટ કરી હતી. અદાલતે ઠરાવ્યું હતું કે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ ૯૮(૨) હેઠળની જોગવાઈને વાહન છોડવા પરના સંપૂર્ણ પ્રતિબંધ તરીકે ગણી શકાય નહીં. સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાઓને ટાંકતાં હાઈકોર્ટે ઉમેર્યું હતું કે, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૪૯૩ હેઠળ રાજ્યની ફોજદારી અદાલત અને મેજિસ્ટ્રેટને તપાસ કે ટ્રાયલ દરમિયાન જપ્ત થયેલા વાહનની વચગાળાની કસ્ટડી આપવાની સંપૂર્ણ સત્તા છે. મેજિસ્ટ્રેટે કેસના સંજોગો, પુરાવાની જરૂરિયાત અને વાહનમાલિકના હિતનું સ્વતંત્ર મૂલ્યાંકન કરીને વાહન મુક્ત કરવા અંગે યોગ્ય નિર્ણય લેવો જોઈએ. જોકે, હાઈકોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે વાહનની વચગાળાની કસ્ટડી સોંપવાનો અર્થ એ નથી કે આરોપી નિર્દોષ ઠર્યો છે, કે ભવિષ્યમાં કાયદાકીય પ્રક્રિયાના અંતે વાહન સરકાર હસ્તક જપ્ત (કન્ફિસ્કેટ) કરવાની સત્તા સમાપ્ત થઈ ગઈ છે. કારની કસ્ટડી આપતી વખતે કોર્ટે સંબંધિત આરટીઓ (RTO)ને વાહનના માલિકી હક્કના ટ્રાન્સફર પર પ્રતિબંધની નોંધ કરવાનો પણ આદેશ આપ્યો છે. આ ચુકાદાનો લાભ રાજ્યભરના અરજદારોને મળે તે હેતુથી હાઈકોર્ટ રજિસ્ટ્રીને આ હુકમની નકલ રાજ્યની તમામ જિલ્લા અદાલતોના ન્યાયિક અધિકારીઓને મોકલી આપવા નિર્દેશ કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે નીચલી અદાલતો દ્વારા પ્રોહિબિશન એક્ટની કલમ ૯૮(૨)નું અર્થઘટન કરીને વાહન છોડવાનો ઈનકાર કરવામાં આવતો હતો, જેના કારણે વર્ષો સુધી વાહનો પોલીસ સ્ટેશનમાં ધૂળ ખાતા અને કટાઈને ભંગાર બની જતા હતા, તેમજ વાહનમાલિકોને નાછૂટકે હાઇકોર્ટ સુધી લાંબા થવું પડતું હતું. હાઇકોર્ટના આ સ્પષ્ટ દિશાનિર્દેશ બાદ હવે મેજિસ્ટ્રેટ કોર્ટ કક્ષાએથી જ યોગ્ય શરતો સાથે વાહનો મુક્ત થઈ શકશે, જેનાથી પક્ષકારોનો સમય, નાણાં અને બિનજરૂરી કાનૂની લડત (લિટીગેશન) બચશે.

વેપારીઓને ૨૫૦ કરોડની ચૂકવણી નહીં કરી છેતરપિંડીના કેસમાં ચૂનો ચોપડી વિદેશ ભાગી ગયા બાદ તજવીજ

ઓશિયા હાયપર રિટેઈલના ડિરેક્ટર દ્વારા આગોતરા જામીન માટે હાઈકોર્ટમાં ઘા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

રાજ્યના સેંકડો વેપારીઓ પાસેથી કરોડો રૂપિયાનો માલ ખરીદ્યા બાદ તેના નાણાં નહીં ચૂકવીને મોટું આર્થિક કૌભાંડ આચર્યા બાદ આરોપી દંપતી ધીરેન્દ્ર ચોપરા અને કવિતા ચોપરા વિદેશ ભાગી ગયા છે અને તેઓ એનસીએલટી કોર્ટ સમક્ષ પણ હાજર થતા નથી. આ ઉપરાંત, આરોપીઓ સામે માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ મુંબઈ સહિત દેશના અન્ય રાજ્યોમાં પણ છેતરપિંડીના ગંભીર ગુનાઓ નોંધાયેલા હોવાનું તપાસમાં ખુલ્યું છે. સેશન્સ કોર્ટમાંથી રાહત ન મળતા હવે હાઈકોર્ટમાં આ મામલે શું વલણ અપનાવે છે તેના પર સૌની નજર ટકેલી છે.

મહારાષ્ટ્રની તર્જ પર ગુજરાતની શાળાઓને મિલકત વેરામાંથી મુક્તિની આપવા માંગણી

- રાજ્યની ૨૭ હજાર શાળાઓ પર વાર્ષિક રૂા.૮થી ૧૦ લાખના વેરાનો બોજ
- સંચાલક મંડળની માંગણી નહીં સંતોષાય તો હાઈકોર્ટના દ્વાર ખટખટાવવાની ચીમકી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓ પર વધી રહેલા આર્થિક ભારણને ઘટાડવા માટે હવે શાળા સંચાલકો મેદાને પડ્યા છે. ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે કે, મહારાષ્ટ્ર અને કેરળની તર્જ પર ગુજરાતની શાળાઓને પણ મિલકત વેરામાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવે. આ સાથે જ મહામંડળે સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, જો સરકાર આ મામલે હકારાત્મક નિર્ણય નહીં લે, તો આગામી સમયમાં ગુજરાત હાઈકોર્ટમાં કાનૂની લડત શરૂ કરવામાં આવશે.

મહામંડળના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં શૈક્ષણિક સંસ્થાઓને મિલકત વેરામાંથી મુક્તિ આપવા અંગે કોઈ સ્પષ્ટ કાયદાકીય જોગવાઈ નથી. જેના કારણે રાજ્યની આશરે ૨૭૦૦૦ જેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને દર વર્ષે રૂા.૮ લાખથી ૧૦ લાખ સુધીનો તોતિંગ મિલકત વેરો ચૂકવવો પડે છે. સંચાલકોની માગ છે કે, વર્તમાન વેરો માફ કરવાની સાથે અગાઉના બાકી વેરા પર લાગતું વ્યાજ પણ સંપૂર્ણપણે માફ કરવામાં આવે, જેથી આ નાણાંનો સીધો ઉપયોગ વિદ્યાર્થીઓના શિક્ષણ અને શાળાની સુવિધાઓ વિકસાવવા પાછળ થઈ શકે.

હાલના નિયમો મુજબ, સ્થાનિક મહાનગરપાલિકા, નગરપાલિકા કે ગ્રામ પંચાયત પોતાની રીતે ઠરાવ પસાર કરીને શાળાઓને વેરામાં રાહત આપી શકે છે. પરંતુ, દરેક વિસ્તારમાં અલગ-અલગ નિયમો હોવાથી તેમાં કોઈ એકસૂત્રતા જળવાતી નથી. તેથી દરેક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા પર નિર્ભર રહેવાને બદલે રાજ્ય સરકાર દ્વારા જ સમગ્ર રાજ્ય માટે એકસમાન પરિપત્ર બહાર પાડીને વેરા મુક્તિ આપવી જોઈએ તેવી રજૂઆત કરાઈ છે. શાળા સંચાલક મહામંડળે અન્ય રાજ્યોના ઉદાહરણોની સાથે જૂનાગઢના અગાઉના એક કોર્ટ ચુકાદાનો પણ હવાલો આપ્યો છે. સંચાલકોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, શિક્ષણ એ સેવાકીય પ્રવૃત્તિ છે અને તેના પર કોમર્શિયલ ધોરણે વેરો વસૂલવો યોગ્ય નથી. જો રાજ્ય સરકાર આ વ્યાજબી માગણી નહીં સ્વીકારે, તો ન્યાય મેળવવા માટે હાઈકોર્ટના દ્વાર ખટખટાવવાની ફરજ પડશે.

અમદાવાદ ખાતે ૨૮ નવેમ્બરે સાદાત એડવોકેટ એસોસિએશનનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાશે

૪૦ વર્ષથી વધુ સમયથી વકીલાત કરનારને સાદાત રત્નથી સન્માનિત કરાશે

અમદાવાદ, તા.૨૩

ગુજરાત સાદાત એડવોકેટ એસોસિએશન દ્વારા એડવોકેટ મિત્રોના સ્નેહ મિલનનો કાર્યક્રમ આગામી ૨૮મી નવેમ્બરને શનિવારના રોજ ૧૦ કલાકે 'ગુજરાત ટુડે' પ્રેસના હોલમાં શાહઆલમ અમદાવાદ ખાતે રાખેલ છે. સદર કાર્યક્રમમાં સમાજના ૪૦ વર્ષથી વધુ સમયથી વકીલાત કરનાર વકીલ મિત્રોને સાદાત રત્નથી સન્માનિત કરવામાં આવશે. સદર કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ જનાબ ઝેડ.કે. સૈયદ (ગુજરાત હાઈકોર્ટના રિટાયર્ડ જસ્ટિસ) મુખ્ય મહેમાન જનાબ ડૉ.નસીમ કાદરી (સિનિયર એડવોકેટ) અતિથિ વિશેષ જનાબ અબરારઅલી એસ. સૈયદ (સિનિયર એડવોકેટ) અતિથિ વિશેષ જનાબ મોહમ્મદ સુહેલ તિરમીજી (સિનિયર એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ) ખાસ ઉપસ્થિત રહેશે. સદર કાર્યક્રમમાં જે સાદાત મિત્રોએ રજિસ્ટ્રેશન કરાવેલ છે તે વકીલોને ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે. એમ ગુજરાત સાદાત એડવોકેટ એસોસિએશનના પ્રમુખ જનાબ શબ્બીર પીરઝાદા અને સેક્રેટરી જનાબ એઝાઝ કાદરીએ એક સંયુક્ત યાદીમાં જણાવ્યું છે.

ગુજરાત સાદાત એડવોકેટ એસોસિએશન દ્વારા સન્માન પામનાર એડવોકેટ

ક્રમ	નામ	પ્રેક્ટિસ વર્ષ
૧.	જનાબ એમ.ટી.રીફાઈ	૫૨
૨.	જનાબ કાજી સિરાજુદ્દીન ફકનોદ્દીન	૫૧
૩.	જનાબ ગુલહમીદ જી.સૈયદ	૫૦
૪.	જનાબ મુમતાજહુસેન અબ્દુલ્લામીયા બુખારી	૫૨
૫.	જનાબ સૈયદ ઈદ્રીસહુસેન બાપુમીયા	૪૩
૬.	જનાબ અબરારઅલી એસ.સૈયદ	૪૨
૭.	જનાબ કે.કે. સૈયદ	૪૨
૮.	જનાબ સૈયદ અશરફઅલી અમીરમીયા	૪૨
૯.	જનાબ સૈયદ મહેબુબઅલી હૈદરઅલી	૪૧
૧૦.	જનાબ શમીમ એ.પીરજાદા	૪૦
૧૧.	જનાબ સૈયદ સૌકતઅલી જાવરઅલી	૪૦

AICC સચિવોની નિમણૂક મામલે મુસ્લિમોની અવગણનાથી સમાજમાં નારાજગી

આખા ભારતમાં ૮૧ સચિવોની નિમણૂકમાં માત્ર ૬ મુસ્લિમ આગેવાન

અમદાવાદ, તા.૨૩

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિ દ્વારા તાજેતરમાં થયેલી AICC સચિવોની નિમણૂક પ્રક્રિયાને લઈને ગુજરાતના મુસ્લિમ સમાજ અને આગેવાનોમાં એક અણગમો અને નારાજગી જોવા મળી છે. આખા ભારતમાંથી ૮૧ સચિવોની નિમણુંકમાં ફક્ત ૬ મુસ્લિમ આગેવાનોને સ્થાન આપવામાં આવ્યું છે.

વર્ષોથી કોંગ્રેસની સમર્પિત રહેલી અને કોંગ્રેસને જીવંત રાખનારા કોંગ્રેસના મુસ્લિમ કાર્યકર્તાઓને પણ મુસ્લિમ સમાજની અવગણના થતી હોય તેવી લાગણી ઉભરીને આવી રહી છે. સંગઠન સૃજન અભિયાન. અંતર્ગત ગુજરાતમાંથી જિલ્લા પ્રમુખોની નિમણૂક થઈ ત્યારે પણ એક પણ જિલ્લા પ્રમુખ મુસ્લિમ સમાજમાંથી આપવામાં આવ્યું ન હતું. જ્યારે સંગઠન સૃજન પેહલા પણ માત્ર એક જિલ્લા પ્રમુખ હતા યાસીન ગજજન જેઓ દ્વારકા જિલ્લાના પ્રમુખ હતા.

રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતમાંથી છેલ્લે ૨૦૧૭ સુધી ઈર્શાદ બેગ મિર્ઝા રાષ્ટ્રીય સચિવ તરીકે કાર્યરત હતા અને ૨૦૨૦ સુધી અહેમદ પટેલ રાષ્ટ્રીય સ્તરે સોનિયાજીના સલાહકાર તરીકે કાર્યરત હતા. બંને સિનિયર નેતાઓના અવસાન બાદ કોઈ પણ મુસ્લિમ રાષ્ટ્રીય સચિવની પદવી આપવામાં આવી નથી.

જોકે મહારાષ્ટ્રના મુસ્લિમ આગેવાનો આ અન્યાય સામે અવાજ ઉઠાવવા માં સક્ષમ સાબિત થયા છે જ્યારે ગુજરાતમાંથી કોઈ કોંગ્રેસી નેતા અથવા આગેવાન આ અન્યાય સામે વિરોધ નોંધાવી શક્યું નથી.અત્રે ઉલ્લેખનીય છે કે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિરોધ પક્ષના નેતા તરીકે શહેઝાદખાન પઠાણના સમર્થનમાં અધિકાંશ કોર્પોરેટરોએ સેન્સ આપ્યો હોવા છતાં તેમના નામ પર આટલો સમય વિત્યા પછી પણ મોહર લાગી નથી. અમદાવાદ મહાનગર પાલિકામાં કોંગ્રેસના સર્વાધિક કોર્પોરેટરો મુસ્લિમ હોય, અમદાવાદ મહાનગરપાલિકા માં વિરોધ પક્ષના નેતા તરીકે મુસ્લિમ સમાજમાંથીજ પસંદગી થવી જોઈએ તે સ્વાભાવિક છે અને સમાજની લાગણી પણ છે.

આવનારા સમયમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી છે અને જો મુસ્લિમ સમાજને આમ અણદેખો કરવામાં આવશે તો કાર્યકર્તાઓનું મનોબળ તુટ્સે. આગામી ચૂંટણીમાં AIMIM અને BJP મુસ્લિમ બહુલ વિસ્તારોમાં સક્રિય છે, મુસ્લિમ સમાજની અવગણના થયા ના આવા અનેક ઉદાહરણોને AIMIM અને BJP, કોંગ્રેસ વિરુદ્ધ ચૂંટણી દરમ્યાન હથિયાર બનાવી શકે છે.

ગુજરાતમાંથી એક પણ મુસ્લિમની નિમણૂક નહીં

આગેવાનને રાષ્ટ્રીય સ્તરની જવાબદારી આપવામાં આવી નથી. મુસ્લિમ સમાજની નેતાગિરી અને સક્ષમ કાર્યકર્તાઓની ઉપેક્ષા કરવામાં આવતી હોય એવું સમાજ અને કાર્યકર્તાઓના અંદરો અંદર ચર્ચાનો વિષય બન્યું છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસ સમિતિના મુસ્લિમ આગેવાનોએ પણ આ જ રીતે અવગણનાનો સામનો કરવો પડ્યો છે. મહારાષ્ટ્રમાંથી પણ એક પણ મુસ્લિમ કોંગ્રેસી કાર્યકર્તાને ગુજરાત તરફથી નઈમ બેગ મિર્ઝા અને શાહનવાઝ શેખ દ્વારા એ.આઈ.સી.સી.ના સચિવ માટે ઈન્ટરવ્યૂ આપવામાં આવ્યા હતા. એમ ગુજરાતમાંથી માત્ર ૨ મુસ્લિમ નેતાઓ આ પ્રક્રિયામાં ભાગીદાર થઈ શક્યા હતા. શિક્ષિત અને સક્ષમ એવા આ બન્નો યુવાઓમાંથી એક એકને પણ આ યાદીમાં સમાવવામાં આવ્યા નથી.

બીજી બાજુ સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદ શહેર

હોટલમાં બિન્દાસ દારૂની મહેફિલ જેવો માહોલ

રામોલમાં ખાણી-પીણીની દુકાનની આડમાં દારૂ પીતા ૧૧ લોકો ઝડપાયા

અમદાવાદ, તા.૨૩

ગુજરાતમાં કાગળ પરની દારૂબંધીને છતી કરતો વધુ એક બનાવ સામે આવ્યો છે. અમદાવાદના રામોલ રિંગરોડ પાસે ટોલટેક્ષ પાસે આવેલી રાજ ફાય હોટલનો માલિક ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવીને હોટલમાં ખાવા આવતા લોકોમાંથી કેટલાક લોકોને ઈંગ્લીશ દારૂ પીરસતો હોવાની બાતમી પોલીસને મળી હતી. પોલીસે બાતમીના આધારે દરોડા પાડતા દારૂ પીધેલી હાલતમાં ૧૧ લોકો મળી આવ્યા હતા. રામોલ પોલીસે હોટલના માલિક સહીત ૧૧ લોકો વિરૂદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધીને તમામની ધરપકડ કરી લીધી હતી. સરદાર પટેલ રિંગરોડ પરના રામોલ વિસ્તારમાં આવેલા ટોલટેક્ષ પાસે આવેલી રાજ ફાય હોટલનો માલિક રૂબેદ આલમ શેખ વિદેશી દારૂનો જથ્થો લઈને રાખ્યો હતો. અને હોટલમાં દારૂનો જથ્થો રાખીને બહારથી ગ્રાહકોને બોલાવીને બિન્દાસ દારૂની સાથે અન્ય ખાવાની અન્ય ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવતી હતી. આ સમગ્ર વાતની બાતમી રામોલ પોલીસને મળતા જ દરોડા પાડ્યો હતો.

ટેબલો પર દારૂની બોટલો પડી હતી. જેથી પોલીસે દારૂ પીવા આવનાર બ્રિજેશ પટેલ, મોહિત મહેતા, જયમીન પટેલ, બ્રિજેશ મનહરનભાઈ પટેલ, લોકેશ કિશોર સતવાણી, રાજન જયેન્દ્રભાઈ પટેલ, કિશન ભરતભાઈ પટેલ, સજીત શશીધરણ પીલ્લઈ, રજત પ્રવીણસિંહ ચાવડા, સુબી રાજનભાઈ ઈઝવા અને હોટેલ માલિક રૂબેદઆલમ લતીકુલ રામન સહીત કુલ. ૧૧ શખ્સોની પ્રોહીબીશન એક્ટ હેઠળ ધરપકડ કરીને રૂપિયા ૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

કેટલ ફીડ સપ્લાય અને પ્રોડક્શન સામે ઉઠ્યા સવાલ

સાબર ડેરીમાં કરોડોની ગેરરીતિના આક્ષેપ, પશુપાલકો સચિવાલય પહોંચ્યા

વહીવટદારની નિમણૂક કરી સમગ્ર મામલાની તપાસ કરવાની સરકાર સમક્ષ માંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

સાબર ડેરીમાં કેટલ ફીડ સપ્લાય, પ્રોડક્શન અને કોન્ટ્રાક્ટની કામગીરીમાં કથિત ગેરરીતિના આક્ષેપોને લઈને વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. આ મામલે સાબર ડેરી સાથે જોડાયેલા પશુપાલકો સચિવાલય પહોંચ્યા હતા અને સહકાર મંત્રીના કાર્યાલયમાં રજૂઆત કરી સમગ્ર મામલાની તપાસ કરાવવાની માંગ કરી હતી. પશુપાલકોનો આક્ષેપ છે કે ડેરીના વહીવટમાં મોટા પાયે અનિયમિતતા અને ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે.

પશુપાલકો દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં સાબર ડેરીના કેટલ ફીડ સપ્લાય તથા તેના પ્રોડક્શનની પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. રજૂઆતમાં બાબુભાઈ પુરોહિત મુખ્ય સંચાલન કરતા હોવાનો ઉલ્લેખ કરીને તેમની સાથે સંકળાયેલી કંપનીને કોન્ટ્રાક્ટ મળતો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. પશુપાલકોનો દાવો છે કે ચોક્કસ કંપનીને ટેન્ડર પ્રક્રિયા વિના કોન્ટ્રાક્ટ આપવામાં આવતો હોવાની ફરિયાદ છે. ડેરીના પેટાનિયમોના કારણે સંબંધિત કંપનીને જ કોન્ટ્રાક્ટ મળતો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આ પ્રકારની કથિત પ્રક્રિયાથી ડેરીના નાણાકીય હિતોને નુકસાન થતું હોવાની આશંકા વ્યક્ત કરીને નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી છે.

પશુપાલકોના જણાવ્યા મુજબ તેઓ છેલ્લા દોઢ વર્ષથી સાબર ડેરીમાં થતી કથિત ગેરરીતિઓ અંગે વિવિધ સ્તરે રજૂઆતો કરી રહ્યા છે. તેમ છતાં યોગ્ય કાર્યવાહી ન થઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. હવે મામલો સચિવાલય સુધી પહોંચતા સરકાર સમક્ષ તાત્કાલિક તપાસની માંગ કરવામાં આવી છે. પશુપાલકોએ સાબર ડેરીમાં વહીવટદારની નિમણૂક કરીને ડેરીના વહીવટ, કોન્ટ્રાક્ટ અને ઉત્પાદન સંબંધિત કામગીરીની તપાસ કરાવવાની માંગ કરી છે. જો સમયસર પગલાં નહીં લેવાય તો વર્ષ ૨૦૩૦ સુધીમાં સાબર ડેરીને તાળા વાગવાની સ્થિતિ ઊભી થઈ શકે તેવી ચિંતા પણ રજૂઆતમાં વ્યક્ત કરવામાં આવી છે.

હવે પશુપાલકો દ્વારા કરવામાં આવેલા આક્ષેપોની સરકાર કેવી રીતે તપાસ કરાવે છે અને સાબર ડેરીના વહીવટ અંગે શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર છે.

૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની તૈયારીઓ

અમદાવાદમાં ૮૦૦ જેટલા અત્યાધુનિક સ્માર્ટ બસ સ્ટોપ બનાવવાનું આયોજન

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ શહેરને આંતરરાષ્ટ્રીય કક્ષાનું આધુનિક શહેર બનાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા જાહેર પરિવહન વ્યવસ્થામાં મોટો ફેરફાર કરવાની તૈયારી કરવામાં આવી છે. વર્ષ ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ અને વર્ષ ૨૦૨૯ની વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સને ધ્યાનમાં રાખીને શહેરમાં ૮૦૦ જેટલા અત્યાધુનિક સ્માર્ટ બસ સ્ટોપ બનાવવાનું આયોજન છે. આગામી અઢીથી ત્રણ વર્ષમાં આ પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આ ઉપરાંત AMTS, BRTS અને મેટ્રો રેલમાં મુસાફરી કરવા માટે અલગ-અલગ ટિકિટ લેવાની ઝંઝટ પણ દૂર થશે. ત્રણેય પરિવહન સેવાઓ માટે એક જ કોમન ટિકિટિંગ સિસ્ટમ શરૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. હાલમાં અમદાવાદમાં અનેક બસ સ્ટોપ જૂના અને જર્જરિત હાલતમાં છે. તેને ધ્યાનમાં રાખીને AMTSના આશરે ૮૦૦ મુખ્ય બસ સ્ટોપને આધુનિક બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ બિલ્ડ, ઓપરેટ એન્ડ ટ્રાન્સફર (BOT) મોડલ પર અમલમાં મૂકવામાં આવશે. એટલે કે પ્રોજેક્ટ માટે AMC દ્વારા સીધું મૂડીરોકાણ કરવામાં આવશે નહીં. આ યોજનાનો લાભ અમદાવાદ શહેર ઉપરાંત ઔડા (AUDA) વિસ્તારના ૭ લાખથી વધુ નાગરિકોને પણ મળશે. દિવ્યાંગો માટે સુવિધા : વ્હીલચેર માટે અનુકૂળ જગ્યા અને રેમ્પ બનાવવામાં આવશે. વૃદ્ધો અને મહિલાઓની સુવિધાનું પણ ધ્યાન રાખવામાં આવશે. AMC દ્વારા મુસાફરો માટે ખાસ મોબાઈલ એપ્લિકેશન શરૂ કરવાનું પણ આયોજન છે. આ એપ્લિકેશનની મદદથી મુસાફરો ઘરે બેઠાં બસનું લાઈવ લેકેશન જોઈ શકશે. બસ પોતાના સ્ટોપ પર કેટલા સમયમાં પહોંચશે તેની માહિતી પણ મેળવી શકશે.

ઈઝરાયેલી વસાહતીઓએ કબજા હેઠળના વેસ્ટ બેંકમાં અનેક પેલેસ્ટીની ગામો પર હુમલો કર્યો

રામલ્લાહ અને અલ-બીરેહ પ્રાંતોમાં થયેલા હુમલાઓમાં ૧૨ વાહનોને સળગાવી દેવાયા અને ઘરો પર વંશીય ભેદભાવપૂર્ણ સૂત્રો લખવામાં આવ્યા

(એજન્સી) તા.૨૩

રવિવારે ઇઝરાયેલના કબજા હેઠળના વેસ્ટ બેંકના કાફ્ર મલિક ગામમાં, ઇઝરાયેલી વસાહતીઓ દ્વારા સળગાવી દેવાયેલી ક્ષતિગ્રસ્ત કારોનું નિરીક્ષણ કરતા એક પેલેસ્ટીની [રોઇટર્સ]. ઇઝરાયેલી વસાહતીઓએ કબજા હેઠળના વેસ્ટ બેંકના મધ્ય ભાગમાં આવેલા અનેક પેલેસ્ટીની નગરો અને ગામો પર હુમલા કર્યા છે, જેમાં તેમણે કારોને સળગાવી દીધી અને સંપત્તિને નુકસાન પહોંચાડ્યું છે. પેલેસ્ટીની સમાચાર એજન્સી 'વાફા' (Wafa)ના અહેવાલ મુજબ, રવિવારે વહેલી સવારે થયેલા આ હુમલાઓમાં ૧૨ વાહનોને સળગાવી દેવાયા અને રામલ્લાહ તથા અલ-બીરેહ પ્રાંતોમાં ઘરોની દીવાલો પર વંશીય ભેદભાવપૂર્ણ સૂત્રો લખવામાં આવ્યા. આ ઘટનાઓ કાફ્ર મલિક, દેર અબુ મશઅલ અને દેર અલ-સુદાન ગામોમાં બની હતી. કાફ્ર મલિકથી અલ જઝીરાના સંવાદદાતા નૂર અૉદેહે અહેવાલ આપ્યો કે, "રાત્રે લગભગ બે વાગ્યે આગ અને વિસ્ફોટોના અવાજોથી સ્થાનિક રહેવાસીઓ જાગી ગયા. તેમને ખ્યાલ આવ્યો કે વસાહતીઓએ કારોને આગ લગાડી દીધી છે." ગાઝામાં પેલેસ્ટિનિયનો વિરુદ્ધ ઇઝરાયેલે નરસંહારયુદ્ધ શરૂ કર્યું ત્યારથી, કબજા હેઠળના વેસ્ટ બેંકમાં ઇઝરાયેલી વસાહતીઓની હિંસામાં મોટો ઉછાળો આવ્યો છે. ઓક્ટોબર ૨૦૨૩માં દક્ષિણ ઇઝરાયેલ પર હમાસના નેતૃત્વમાં થયેલા હુમલાના જવાબમાં ઇઝરાયેલે યુદ્ધ શરૂ કર્યું ત્યારથી, ત્યાં થયેલા હુમલાઓમાં ૨૫૫ બાળકો સહિત ઓછામાં ઓછા ૧,૨૨૨ લોકો માર્યા ગયા છે. 'પેલેસ્ટીની વોલ એન્ડ સેટલમેન્ટ રેઝિસ્ટન્સ કમિશન' (પેલેસ્ટીની દિવાલ અને વસાહત પ્રતિકાર પંચ) એ જણાવ્યું હતું કે, ગયા મહિને સમગ્ર પેલેસ્ટીની પ્રદેશમાં હુમલાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. પેલેસ્ટીની ઓથોરિટીના આ સંસ્થાના જણાવ્યા અનુસાર, ઓક્ટોબર મહિનામાં ૩,૧૩૩ હુમલા થયા હતા, જેમાંથી ૧,૭૬૪ હુમલા માટે ઇઝરાયેલી દળો જવાબદાર હતા અને ૧,૩૬૯ હુમલા ઇઝરાયેલી વસાહતીઓ દ્વારા કરવામાં આવ્યા હતા. ડેશકેમે યુક્રેનના લિવ પર રશિયન મિસાઇલ હુમલાને કેદ કર્યો. કમિશનએ જણાવ્યું હતું કે સપ્ટેમ્બરમાં ૨,૦૫૧ હુમલા નોંધાયા હતા તેની સરખામણીમાં કુલ હુમલાઓની સંખ્યામાં ૫૩ ટકાનો વધારો થયો છે. સપ્ટેમ્બરમાં વસાહતી હુમલાઓ ૬૪૭ થી વધીને ઓક્ટોબરમાં ૧,૩૬૯ થયા - જે ૧૧૨ ટકાનો વધારો છે. યાશર પાર્ટીના નેતા ગાદી આઇસેનકોટ, જેમને ગયા મહિને ઇઝરાયેલની સામાન્ય ચૂંટણી પછી નવી સરકાર બનાવવાનું કામ



સોંપવામાં આવ્યું છે, તેમણે રવિવારે તાજેતરના હુમલાઓની ટીકા કરી હતી. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે આ હુમલાઓ "શબ્દના દરેક અર્થમાં યહૂદી આતંકવાદ હતા અને તેને જે છે તે જ કહેવું જોઈએ". "વાહનો અને ઘરોમાં આગ લગાવતા ઉગ્રવાદી જૂથો દ્વારા તોડફોડ પ્રાદેશિક સ્થિરતાને નબળી પાડે છે, જીવનને જોખમમાં મૂકે છે અને ઇઝરાયેલ રાજ્યની રાષ્ટ્રીય સુરક્ષા અને તેના વિદેશી સંબંધોને ગંભીર નુકસાન પહોંચાડે છે," તેમણે X પર પોસ્ટ કરી. "વેસ્ટ બેંકમાં બેન-ગ્વિર અને સ્મોટ્રિચની આગેવાની હેઠળની કાર્યવાહીએ આ વિસ્તારને અનિયંત્રિત અરાજકતાની અણી પર લાવી દીધો છે," તેમણે દૂર-જમણેરી મંત્રીઓ ઇટામાર બેન-ગ્વિર અને બેઝાલેલ સ્મોટ્રિચનો ઉલ્લેખ કરતા ઉમેર્યું. બેન-ગ્વિરે આરોપોને નકારી કાઢ્યા અને કહ્યું કે આઇઝેનકોટ નિષ્કર્ષ પર ઉતાવળ કરી રહ્યા હતા. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે આઇઝેનકોટનું વલણ આરબ પક્ષોના સમર્થનથી સરકાર બનાવવાની તૈયારીમાં આરબ નેસેટ સભ્ય અહમદ તિબીને "ડાઉન પેમેન્ટ" રજૂ કરે છે. ઇઝરાયેલી માનવાધિકાર સંગઠન બી'ત્સેલેમના શાઇ પાર્નેસ અલ જઝીરાને જણાવ્યું કે વસાહતીઓને ઘણીવાર "ઇઝરાયલી ટુકડીઓ દ્વારા મદદ કરવામાં આવે છે અને તેઓ હુમલાખોરોને રોકવા માટે કંઈ કરતા નથી." ઇઝરાયેલી સૈન્યએ કહ્યું કે તે "ચાલુ તપાસના ભાગ રૂપે પુરાવા એકત્રિત કરવા માટે" હુમલો કરાયેલા વિસ્તારોમાં પોલીસ અધિકારીઓ અને ક્રિમિનલ આઇડેન્ટિફિકેશન યુનિટના તપાસકર્તાઓને મોકલી રહ્યું છે, એમ સૈન્યએ સોશિયલ મીડિયા પર લખ્યું.

ઈરાન યુદ્ધ : અમેરિકા 'હાર્યું' અને શાંતિ કરારની શરતો નક્કી કરી શકતું નથી : તહેરાન

'ટ્રમ્પની બહાર નીકળવાની વ્યૂહરચના શાંતિથી ઈરાન નાકાબંધી હટાવવા પર આધારિત હોઈ શકે છે'

(એજન્સી) તા.૨૩

આરબ સ્ટેટ્સ લીગે બહેરીન પર ઈરાનના હુમલાઓની "શક્ય તેટલી કડક શબ્દોમાં" નિંદા કરી છે. આ હુમલો "બહેરીનની સાર્વભૌમત્વનું સ્પષ્ટ ઉલ્લંઘન" અને "આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન" હતું, એક નિવેદનમાં જણાવાયું છે. તેણે આંતરરાષ્ટ્રીય સમુદાયને "પ્રાદેશિક શાંતિ અને સુરક્ષાને જોખમમાં મૂકતા ગંભીર પરિણામો તરફ આગળ વધતા પ્રદેશને ટાળવા" મદદ કરવા હાકલ કરી છે. ઈરાની રાજ્ય ટેલિવિઝન દ્વારા ભૂગર્ભ મિસાઈલ સુવિધાના ફૂટેજ પ્રસારિત કરવામાં આવ્યા હતા જ્યાં રિવોલ્યુશનરી ગાર્ડે એક નવું લોન્ચર રજૂ કર્યું હતું જે બે પ્રવાહી ઈંધણવાળી મિસાઈલ ચલાવવામાં સક્ષમ હોવાનું કહેવાય છે. આ લોન્ચર ઈરાન દ્વારા અગાઉ ઉપયોગમાં લેવાતા જ્યુઅલ લોન્ચર કરતા આગળ હોય તેવું લાગે છે જે એક સમયે બે ઘન ઈંધણવાળી મિસાઈલ છોડવામાં સક્ષમ હતું. પ્રવાહી ઈંધણ વધુ કાર્યક્ષમ છે અને ઓપરેટરોને મિસાઈલની ગતિ અને માર્ગને સમાયોજિત કરવાની ક્ષમતા આપે છે. ગાર્ડના એરોસ્પેસ ફોર્સના કમાન્ડર બ્રિગેડિયર-જનરલ સૈયદ માજિદ મૌસાવીએ ઈરાનની "ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો થયો છે" એવો બડાઈ માર્યો હતો. "અમે અમારા લડાઈ માળખામાં 'આશ્ચર્ય' અને અત્યંત અસરકારક સંપત્તિઓને એકીકૃત કરી છે," ઈરાન દ્વારા હુમલાઓ તીવ્ર બનાવતા ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ બહેરીનમાં એક યુએસ લશ્કરી થાણાને નિશાન બનાવ્યાનો દાવો કર્યો છે. હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસ ઓછામાં ઓછા ૨૫ એનર્જી ટેકરો પર હુમલો કરવામાં આવ્યો છે જેના કારણે ગલ્ફ ઓઇલનો પ્રવાહ ઝડપથી ઘટી ગયો છે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને કહ્યું છે કે તેમનો દેશ યુએસ પ્રતિબંધો અને નૌકાદળ નાકાબંધી વચ્ચે "મૌન આર્થિક યુદ્ધ"નો સામનો કરી રહ્યો છે ત્યારે આ હુમલાઓ વધી રહ્યા છે. યમનથી શરૂ થયેલા શ્રેણીબદ્ધ હુમલાઓ પછી પાકિસ્તાની અને સઉદી વિદેશ મંત્રીઓએ નવીનતમ પ્રાદેશિક વિકાસ પર ચર્ચા કરી છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પાકિસ્તાનના ઈશાક દારે પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન અલ સઉદ સાથે ફોન પર વાત કરી હતી. બંનેએ "પ્રાદેશિક શાંતિ, સુરક્ષા અને તણાવ ઓછો કરવા" પર ધ્યાન કેન્દ્રિત કરીને પાકિસ્તાન, તુર્કી, સઉદી અરેબિયા અને ઇજિપ્તના મંત્રીઓ સાથે પ્રાદેશિક ચાર (R4) જૂથ વચ્ચે બેઠક બોલાવવાની સંભવિત ચર્ચા કરી. બંને પક્ષો "રાજદ્વારી સંબંધોની ગતિ જાળવી રાખવા માટે નજીકના સંપર્કમાં" રહેવા સંમત થયા. જોર્ડને કબજા હેઠળના પશ્ચિમ કાંઠે પેલેસ્ટીનીઓ પર ઇઝરાયેલી વસાહતીઓના વધતા હુમલાઓની નિંદા કરી છે, અને તેમને "ઉગ્રવાદી ઇઝરાયેલી સરકારની નીતિ" પર દોષી ઠેરવ્યા છે. X પર એક પોસ્ટમાં, જોર્ડનના વિદેશ મંત્રાલયે વાહનો સળગાવવા, તોડફોડ અને જાતિવાદી ગ્રેફિટી સહિત "આતંકવાદી હુમલાઓ" ને નકારી કાઢ્યા. તેણે કહ્યું કે તે આ હુમલાઓ માટે કબજે કરનાર શક્તિ ઇઝરાયલને જવાબદાર માને છે. રાજદૂત ફૈદ મજાલીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને "વસાહતી આતંકવાદને રોકવા, પેલેસ્ટીનીઓ વિરુદ્ધ ગુનાઓના ગુનેગારોને જવાબદાર ઠેરવવા અને તેઓ સજાથી બચી ન જાય તેની ખાતરી કરવા" માટે વધુ પગલાં લેવા હાકલ કરી. મજાલીએ કહ્યું કે ૪ જૂન, ૧૯૬૭ ની સરહદો પર દોરેલા સ્વતંત્ર પેલેસ્ટીની રાજ્યની સ્થાપના - જે પૂર્વ જેરુસલેમને તેની રાજધાની બનાવે છે - એ



ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સેક્રેટરી કહે છે કે તેમના દેશ પર યુએસ-ઇઝરાયેલ યુદ્ધ 'હાર'માં પરિણમ્યા પછી 'દુનિયા બદલાઈ ગઈ છે'

"ન્યાયી અને વ્યાપક શાંતિ" પ્રાપ્ત કરવાનો એકમાત્ર રસ્તો છે. દોહાએ બહેરીનમાં એક નાગરિક ઔદ્યોગિક સુવિધા પર ઈરાની હુમલાની નિંદા કરી છે. "વિદેશ મંત્રાલય આર્થિક સુવિધાઓ, નાગરિક વસ્તુઓ અને નાગરિકો પરના હુમલાઓને કતારના સ્પષ્ટપણે નકારવા પર ભાર મૂકે છે અને ખાતરી આપે છે કે આ હુમલાઓનું ચાલુ રાખવું એ એક ખતરનાક વૃદ્ધિનું પ્રતિનિધિત્વ કરે છે જે પ્રદેશની સુરક્ષા અને સ્થિરતાને જોખમમાં મૂકે છે," તેણે એક નિવેદનમાં જણાવ્યું હતું. બહેરીને કહ્યું કે ઔદ્યોગિક સુવિધા પર ઈરાની હુમલાથી આગ લાગી, જ્યારે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે કહ્યું કે તેણે શનિવારે મોડી રાત્રે ગલ્ફ દેશમાં યુએસ એર ડિફેન્સ રડાર સિસ્ટમને નિશાન બનાવી. IRGC (જીસી)એ જણાવ્યું હતું કે આ કાર્યવાહી ઈરાની હવાઈ ક્ષેત્રના સતત ઉલ્લંઘનનો જવાબ હતી, જેમાં અમેરિકાના જાસૂસી અને લડાયક ડ્રોન દ્વારા કરાયેલા ઉલ્લંઘનો તેમજ હેંગામ ટાપુ પર આવેલા રડાર મથક પરના હુમલાનો સમાવેશ થાય છે. ઈરાની અધિકારીઓએ અમેરિકા પર 'આર્થિક યુદ્ધ' છેડવાનો આરોપ લગાવ્યો છે અને ચેતવણી આપી છે કે જો આ પ્રક્રિયા બંધ નહીં થાય, તો ઈરાન તેના જવાબમાં પગલાં લેશે. જર્મનીની ફિલિપ્સ-યુનિવર્સિટી માર્બર્ગમાં મધ્ય પૂર્વના આર્થશાસ્ત્રના પ્રોફેસર મોહમ્મદ રેઝા ફરઝાનેગાનના જણાવ્યા અનુસાર, આના પરિણામે ઈરાનમાં મોંઘવારી આસમાને પહોંચી ગઈ છે; આવી સ્થિતિ ઈરાને ૧૯૮૦ના દાયકામાં ઈરાક સાથેના યુદ્ધ પછી ક્યારેય જોઈ ન હતી. તેમણે અલ જઝીરાને જણાવ્યું હતું કે, "એ વાત સાચી છે કે પ્રતિબંધો અને નાકાબંધી (બ્લોકેડ) ઈરાનની અંદર આર્થિક અનિશ્ચિતતા વધારીને એક પ્રકારનું યુદ્ધ જ છે." તેમણે નોંધ્યું કે દેશનો લગભગ ૭૦ ટકા વેપાર આ નાકાબંધી હેઠળના બંદરો મારફત થાય છે. "તેથી, આ દૃષ્ટિકોણથી જોઈએ તો, ઈરાન લાંબા ગાળાની નાકાબંધી સહન કરી શકે તેમ નથી. વહેલા કે મોડા, એ સ્પષ્ટ છે કે ઈરાન આ નાકાબંધી તોડી નાખશે... એ સ્પષ્ટ છે કે ઈરાનની ધીરજ ખૂટી રહી છે. જો વાટાઘાટો દ્વારા કોઈ વધુ શાંતિપૂર્ણ વિકલ્પ નહીં મળે, તો મને લાગે છે કે નજીકના ભવિષ્યમાં લશ્કરી સંઘર્ષ થઈ શકે છે."

ઈઝરાયેલ અને અમેરિકા ઈરાન સામે સંભવિત તીવ્ર યુદ્ધ માટે સંયુક્ત યોજનાઓ વિકસાવવા સંમત થયા : અહેવાલ

ઈઝરાયેલી સેનાએ યુએસ સેન્ટ્રલ કમાન્ડ સાથે સંયુક્ત આયોજનની પુષ્ટિ કરી કારણ કે લશ્કરી મૂલ્યાંકન ચેતવણી આપે છે કે નવા સંઘર્ષની સમયમર્યાદા 'નજીક આવી રહી છે'

(એજન્સી) તા.૨૩

ઇઝરાયેલી સેના અને યુએસ સેન્ટ્રલ કમાન્ડે શનિવારે સાંજે ઇઝરાયેલી મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે ઇઝરાયેલી સેનાએ યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) સાથે સંયુક્ત યોજનાઓના અસ્તિત્વની પુષ્ટિ કરી છે અને



ચેતવણી આપી છે કે યુદ્ધની સમયમર્યાદા "નજીક આવી રહી છે". જોકે, ચેનલ અનુસાર, એક અનામી વરિષ્ઠ ઇઝરાયેલી અધિકારીએ જણાવ્યું હતું કે સેન્ટકોમ કમાન્ડર બ્રેડ કૂપરની તેલ અવીવની મુલાકાત દરમિયાન ઈરાન પર હુમલો કરવાનો કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઇઝરાયલી સુરક્ષા મૂલ્યાંકન દર્શાવે છે કે ઈરાન સાથે નવી યુદ્ધ તાજેતરના દિવસો કરતાં વધુ નજીક નથી. ચેનલે ઉમેર્યું કે ઇઝરાયેલનું લશ્કરી ચેતવણી સ્તર ઊંચું રહ્યું પરંતુ તેની મહત્તમતા સુધી પહોંચ્યું નથી. ચેનલ ૧૩ મુજબ, ઇઝરાયલી સૈન્ય મૂલ્યાંકન સૂચવે છે કે "અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનમાં કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાનો સમય આવી ગયો છે." ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઇઝરાયેલે ઈરાન સામે લશ્કરી હુમલા શરૂ કર્યા પછી મહિનાઓ સુધી ચાલેલા તણાવ બાદ આ અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. તેહરાને ઇઝરાયેલ અને આરબ દેશોમાં અમેરિકન લશ્કરી સુવિધાઓ પર હુમલો કરીને બદલો લીધો હતો. વોશિંગ્ટન અને તેહરાને ૧૮ જૂને સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા અને વાટાઘાટો શરૂ કરી હતી, પરંતુ હોર્મુઝ સ્ટ્રેટમાં નેવિગેશન અને સુરક્ષા અંગે મતભેદો વચ્ચે વાટાઘાટોમાં બહુ ઓછી પ્રગતિ થઈ હતી. સંઘર્ષનો અંત લાવવા માટે રાજદ્વારી પ્રયાસો ચાલુ રાખવા છતાં જુલાઈમાં મુકાબલો ફરી શરૂ થયો. બુધવારે, કૂપરે ઈરાન પર નવા હુમલાઓની શક્યતાની તૈયારીઓ વચ્ચે તેલ અવીવમાં ઇઝરાયેલી સેનાના ચીફ ઓફ સ્ટાફ એયાલ ઝમીર અને મોસાદના ચીફ રોમન ગોફમેન સાથે મુલાકાત કરી હતી. એક નિવેદનમાં, ઇઝરાયેલી સેનાએ જણાવ્યું હતું કે ઝમીર અને કૂપરે "પરિસ્થિતિનું સંયુક્ત અને વ્યાપક મૂલ્યાંકન કર્યું હતું અને પ્રાદેશિક વિકાસ અને સંયુક્ત સુરક્ષા પડકારોની ચર્ચા કરી હતી." બંને કમાન્ડરોએ "બંને સેનાઓ વચ્ચે વ્યૂહાત્મક અને ઓપરેશનલ સહયોગને વધુ ગાઢ બનાવવા, સંકલનને મજબૂત બનાવવા અને વિવિધ પરિસ્થિતિઓને સંબોધવા માટે સંયુક્ત તૈયારી વધારવાના મહત્વ" પર પણ ચર્ચા કરી. ઇઝરાયેલી સેનાએ સ્પષ્ટ કર્યું નથી કે કયા પરિસ્થિતિઓ પર ચર્ચા કરવામાં આવી હતી અથવા વાતચીત સીધી ઈરાનને સંબોધિત કરતી હતી કે નહીં. જોકે, ઇઝરાયેલી અખબાર યેદિયોથ અહરોનોથે બુધવારે અહેવાલ આપ્યો હતો કે કૂપરની ઝમીર સાથેની મુલાકાત ઈરાન સામે યુદ્ધ ફરી શરૂ કરવા માટે લશ્કરી તૈયારી પર કેન્દ્રિત હતી. ઇઝરાયેલી લશ્કરી તૈયારીઓમાં વધારો થયાના અહેવાલો પછી આ બેઠક થઈ હતી. ૧૧ નવેમ્બરના રોજ, ઇઝરાયેલી જાહેર પ્રસારણકર્તા KANએ અહેવાલ આપ્યો હતો કે દેશની સુરક્ષા કેબિનેટે સેનાને ઈરાન પર સંભવિત હુમલા માટે તૈયારી વધારવા સૂચના આપી હતી. ઈરાન વિશે ટ્રમ્પ વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ સાથે વાટાઘાટો માટે ગોફમેન અમેરિકાની મુલાકાત લીધાના થોડા દિવસો પછી ત્રિપક્ષીય બેઠક આવી હતી. ઇઝરાયેલી મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે ગોફમેન ઇઝરાયેલી ગુપ્તચર મૂલ્યાંકનો અને ઈરાન સામે નવેસરથી લશ્કરી કાર્યવાહીની શક્યતા અંગે ચર્ચા કરવા માટે CIA ડિરેક્ટર જોન રેટક્લિફને મળ્યા હતા.

બહેરીનનું કહેવું છે કે હોર્મુઝમાં ટેન્કરો ટકરાતા ઈરાની હુમલામાં બે લોકો ઘાયલ થયા છે



૨૫ જૂન, ૨૦૨૬ના રોજ મનામામાં 'બહેરીન સુરક્ષિત છે... કારણ કે તમે તેના લોકો છો' લખેલા બિલબોર્ડ પરથી કાર પસાર થઈ ગઈ

(એજન્સી) દુબઈ, તા.૨૩

બહેરીને રવિવારે જણાવ્યું હતું કે એક દિવસ પહેલા નાગરિક ઔદ્યોગિક સુવિધા પર ઈરાની હુમલા બાદ બે લોકો ઘાયલ થયા હતા, જેના કારણે આગ લાગી અને નુકસાન થયું. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે ઘાયલ થયેલા બે લોકોમાં એક બહેરીન નાગરિક અને એક પાકિસ્તાની રહેવાસી છે. બહેરીન નાગરિક સ્થિર સ્થિતિમાં છે, જ્યારે પાકિસ્તાની રહેવાસીની હાલત ગંભીર છે. બંને હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. "ઈરાની આક્રમણના પરિણામે, એક નાગરિક ઔદ્યોગિક સુવિધાને નિશાન બનાવવામાં આવી હતી, જેના કારણે સ્થળ પર આગ લાગી હતી. નાગરિક સંરક્ષણ આગને કાબૂમાં લેવા માટે કામ કરી રહ્યું છે," મંત્રાલયે અગાઉ જણાવ્યું હતું. સઉદી અરેબિયાએ રવિવારે ઈરાની હુમલાઓની નિંદા કરી, મનામા સાથે સંપૂર્ણ એકતા વ્યક્ત કરી. આરબ લીગે બહેરીન પર ફરી થયેલા ઈરાની હુમલાઓની પણ સખત નિંદા કરી. રહેવાસીઓએ એએફપીને જણાવ્યું હતું કે તેમણે બહેરીનના પૂર્વ કિનારે આવેલા સિત્રા ટાપુ પર ધુમાડો નીકળતો જોયો હતો, જ્યાં રાજ્ય તેલ કંપની બાપ્કો દ્વારા સંચાલિત રિફાઇનરી સહિત અનેક ઔદ્યોગિક સ્થળો આવેલા છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે જણાવ્યું હતું કે "કાર્યવાહી દરમિયાન, બહેરીનમાં અલ-રિફા અને અવલી બેઝ પરના યુએસ લશ્કરી સ્થળોને મિસાઈલ અને ડ્રોન હુમલાઓથી નિશાન બનાવવામાં આવ્યા હતા." આ હુમલા ત્યારે થયા જ્યારે હોર્મુઝ સ્ટ્રેટમાં બે ટેકરો પર હુમલો કરવામાં આવ્યો, જે સ્થિર સંઘર્ષનું કેન્દ્ર બની ગયું છે અને ઈરાન વ્યૂહાત્મક શિપિંગ લાઈનને નાકાબંધી કરવાના પ્રયાસો ચાલુ રાખશે. દરમિયાન, યુએસ સૈન્ય વ્યૂહાત્મક સ્ટ્રેટમાંથી જહાજોને એસ્કોર્ટ કરી રહ્યું છે, જે યુદ્ધ પહેલા વિશ્વના લગભગ પાંચમા ભાગના તેલનું વહન કરતું હતું અને ઈરાની બંદરોની પોતાની પ્રતિ-નાકાબંધી જાળવી રાખે છે. ઈરાનના નાયબ વિદેશ પ્રધાન કાઝેમ ઘરીબાદીએ શનિવારે જણાવ્યું હતું કે કતારી પ્રતિનિધિમંડળે ગઈકાલે સાંજે તેહરાનની મુલાકાત લીધી હતી અને વિગતો આપ્યા વિના "બે કલાક વાતચીત કરી હતી". વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું: "આ ક્ષેત્રમાં ચાલી રહેલી વાટાઘાટોને એક તક આપવી જોઈએ અને નાકાબંધી તર્કસંગત રીતે હટાવવી જોઈએ." "અમારું વલણ સ્પષ્ટ છે: જ્યાં સુધી ઈરાનની માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી, હોર્મુઝ સ્ટ્રેટ અને તેને ખોલવા અંગેની ચર્ચા અર્થહીન છે," તેમણે રાજ્ય ટીવી દ્વારા ટાંકવામાં આવ્યું છે. ઈરાનની માંગણીઓમાં તમામ મોરચે યુદ્ધનો અંત લાવવા, ઈરાની સંપત્તિઓને ફ્રીઝ કરવા, તેલ પ્રતિબંધો હટાવવા અને ઈરાની બંદરો પર યુએસ પ્રતિ-નાકાબંધીનો અંત લાવવાનો સમાવેશ થાય છે.

બર્લિનમાં સેંકડો લોકો પેલેસ્ટીન તરફી પ્રદર્શનમાં જોડાયા



(એજન્સી) તા.૨૩

પ્રદર્શનો કરનારાઓએ જર્મનીના ઇઝરાયેલને સમર્થનની પણ ટીકા કરી હતી, જેમાં 'ઇઝરાયેલ બોમ્બ, જર્મની સમર્થન કરે છે,' 'અમે ન્યાય ઇચ્છીએ છીએ' અને 'અમે બધા પેલેસ્ટીનીઓ છીએ' જેવા નારા લગાવ્યા હતા. અનાડોલુના અહેવાલ મુજબ, પેલેસ્ટીનીઓ પર ઇઝરાયેલના હુમલાઓ સામે પેલેસ્ટીન તરફી પ્રદર્શન માટે શનિવારે સેંકડો લોકો બર્લિનની શેરીઓમાં ઉતર્યા હતા. યુનાઇટેડ પેલેસ્ટીન નેશનલ કમિટી દ્વારા બર્લિનમાં "એકતા ગુનો નથી - પેલેસ્ટીન મુક્ત કરો"ના નારા હેઠળ આયોજિત રેલી ઈન્સબ્રુકર પ્લેટ્ઝ સબવે સ્ટેશન નજીક શરૂ થઈ હતી. પ્રદર્શનો કરનારાઓએ શહેરના કેન્દ્ર તરફ કૂચ કરી, પેલેસ્ટીની ધ્વજ લહેરાવ્યા અને "નરસંહાર બંધ કરો," "એક નરસંહાર બીજાને ન્યાયી ઠેરવતો નથી," "બહિષ્કાર કરો" અને "ફ્રી પેલેસ્ટીન" લખેલા બેનરો સાથે. કેટલાક લોકોએ ઉત્તરી ગાઝામાં કમાલ અદવાન હોસ્પિટલના ડિરેક્ટર, પેલેસ્ટીની ડૉક્ટર હુસમ અબુ સફિયાને મુક્ત કરવાની પણ હાકલ કરી હતી, જેમને ૨૦૨૪માં ઇઝરાયેલી દળોએ ધરપકડ કરી ત્યારથી ઔપચારિક આરોપો કે ટ્રાયલ વિના અટકાયતમાં રાખવામાં આવ્યા છે. પ્રદર્શનોકારોએ ઇઝરાયેલને જર્મનીના સમર્થનની પણ ટીકા કરી હતી, "ઇઝરાયેલ બોમ્બ, જર્મની સમર્થન કરે છે," "અમે ન્યાય ઇચ્છીએ છીએ" અને "અમે બધા પેલેસ્ટીની છીએ" જેવા નારા લગાવ્યા હતા. પોલીસે સમગ્ર પ્રદર્શન દરમિયાન ભારે હાજરી જાળવી રાખી હતી અને ત્રણ લોકોની અટકાયત કરી હતી.







નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે

રાજસ્થાનના ગ્રામ્ય વિસ્તારોએ ભાજપને આપ્યો ઝટકો, કોંગ્રેસના પુનરાગમનનો પડઘો !

રાજસ્થાનની પંચાયતી રાજ સંસ્થાઓની ચૂંટણીનાં પરિણામોએ રાજ્યના રાજકારણમાં એક નવો વળાંક આપ્યો છે. સત્તાના શિખરે બેઠેલી ભારતીય જનતા પાર્ટીને ગ્રામ્ય મતદાતાઓએ જે રીતે પડકાર ફેંક્યો છે તે માત્ર ચૂંટણીલક્ષી હાર નથી, પરંતુ સરકારના કામકાજ સામે ઊભા થયેલા અસંતોષની સ્પષ્ટ અભિવ્યક્તિ છે. બીજી તરફ, કોંગ્રેસે જે પ્રકારે ગ્રામ્ય વિસ્તારોમાં પોતાની રાજકીય તાકાતનું પ્રદર્શન કર્યું છે તેનાથી ભાજપ માટે આવનારા દિવસોમાં રાજકીય પડકારો વધવાના છે. આ પરિણામોએ એક વાત સાબિત કરી છે કે લોકશાહીમાં સત્તા કાયમી નથી અને મતદાતાની નારાજગી સામે સત્તા, સંગઠન અને પ્રચારની તાકાત પણ ઘણી વખત વામણી સાબિત થાય છે.

રાજસ્થાનના ૩૭ જિલ્લાઓમાં જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની બેઠકોનાં પરિણામો કોંગ્રેસની તરફેણમાં આવ્યા છે. કોંગ્રેસે ૩,૭૫૮ પંચાયત સમિતિ બેઠકો જીતી છે, જ્યારે ભાજપને ૨,૨૧૩ બેઠકો મળી છે. જિલ્લા પરિષદની બેઠકોમાં પણ કોંગ્રેસે ૭૯૪ બેઠકો સાથે ભાજપની ૩૫૭ બેઠકોની સરખામણીએ બમણા કરતાં વધુ સફળતા મેળવી છે. આ આંકડા માત્ર બેઠકોનો સરવાળો નથી, પરંતુ બંને પક્ષોની જમીની રાજકીય સ્થિતિ વચ્ચે ઊભા થયેલા અંતરનો સંકેત છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે આ ચૂંટણીમાં રાજસ્થાન સરકારના ૧૭ મંત્રીઓ અને કેન્દ્ર સરકારના ત્રણ મંત્રીઓ પણ પોતાના પ્રભાવક્ષેત્રમાં ભાજપને અપેક્ષિત સફળતા અપાવી શક્યા નથી.

ભાજપ માટે આ પરિણામો આત્મમંથનનો વિષય છે. થોડા સમય પહેલાં જ શહેરી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભાજપે સારો દેખાવ કર્યો હતો. તેના આધારે ભાજપે પોતાની લોકપ્રિયતા અને સંગઠનશક્તિનો મોટો દાવો કર્યો હતો. પરંતુ ગામડાંના મતદાતાઓએ એ દાવાઓને પડકાર્યા છે. શહેર અને ગામડાંના મતદાનમાં દેખાતો આ તફાવત સૂચવે છે કે રાજકીય પ્રચારની ચમક અને જમીની વાસ્તવિકતા વચ્ચે મોટું અંતર હોઈ શકે છે. શહેરોમાં વિકાસની જાહેરાતો અને રાજકીય નારાઓ અસરકારક બની શકે, પરંતુ ગામડાંમાં મતદાતા પોતાના રોજિંદા જીવનના અનુભવોના આધારે નિર્ણય લે છે. ખેડૂતને પાકના યોગ્ય ભાવ મળતા નથી, સિંચાઈ માટે પાણીની સમસ્યા છે, વીજળીની અનિયમિતતા છે, ગામડાંના રસ્તાઓની હાલત નબળી છે, યુવાનોને રોજગારની તકો મળતી નથી અને આરોગ્ય તથા શિક્ષણની સુવિધાઓનો અભાવ છે. આ પ્રશ્નોનો જવાબ માત્ર ભાષણોથી આપી શકાય તેમ નથી. સરકારની યોજનાઓની જાહેરાતો અને વાસ્તવિક લાભ વચ્ચેનો તફાવત જ્યારે સામાન્ય નાગરિક અનુભવે છે ત્યારે તેનો જવાબ મતદાન દ્વારા આપે છે. રાજસ્થાનનાં પરિણામોને આ દૃષ્ટિકોણથી જોવાની જરૂર છે.

વધુ મહત્ત્વની વાત એ છે કે ભાજપના મોટા નેતાઓ અને મંત્રીઓનો પ્રભાવ પણ આ વખતે ગ્રામ્ય મતદાતાઓને પ્રભાવિત કરી શક્યો નથી. નાયબ મુખ્યમંત્રી પ્રેમચંદ બૈરવાના વિસ્તારથી માંડીને આરોગ્યમંત્રી ગજેન્દ્રસિંહ ખિંવસર અને કૃષિમંત્રી કિરોડીલાલ મીણાના ગઢ જેવા વિસ્તારોમાં ભાજપને આંચકો લાગ્યો છે. આ સંકેત છે કે મતદાતા હવે માત્ર નેતાના નામ કે પક્ષની ઓળખના આધારે મતદાન કરતો નથી. સ્થાનિક પ્રશ્નો, જનપ્રતિનિધિઓની ઉપલબ્ધતા અને સરકારની કામગીરી પણ તેના નિર્ણયમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

આ ચૂંટણીમાં કોંગ્રેસની સફળતાનું સૌથી મોટું રાજકીય મહત્ત્વ એ છે કે તેણે વિરોધ પક્ષ તરીકે પોતાની પ્રાસંગિકતા ફરી મજબૂત કરી છે. વિધાનસભાની ચૂંટણીમાં સત્તા ગુમાવ્યા પછી કોંગ્રેસ સામે સૌથી મોટો પડકાર સંગઠનને જીવંત રાખવાનો અને કાર્યકરોમાં વિશ્વાસ જગાવવાનો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં મળેલી આ સફળતા કોંગ્રેસના કાર્યકરો માટે નવી શક્તિ પૂરી પાડે છે. આ પરિણામો એ પણ દર્શાવે છે કે ભાજપ સામેનો રાજકીય વિકલ્પ હજી જીવંત છે અને કોંગ્રેસ પાસે પણ જનસમર્થન મેળવવાની ક્ષમતા છે પરંતુ કોંગ્રેસે આ સફળતાથી માત્ર ઉત્સાહિત થવાને બદલે તેને જવાબદારી તરીકે સ્વીકારવી જોઈએ. ચૂંટણીમાં મળેલો જનાદેશ જાળવી રાખવો એ જીતવા કરતાં પણ વધુ મહત્ત્વનું કામ છે. પંચાયત સમિતિઓ અને જિલ્લા પરિષદોમાં મળેલી સફળતાને ગામડાંના વિકાસમાં પરિવર્તિત કરવાની તક કોંગ્રેસ પાસે છે. પાણી, રસ્તા, શિક્ષણ, આરોગ્ય, ખેડૂતોના પ્રશ્નો અને રોજગાર જેવા મુદ્દાઓ પર અસરકારક કામગીરી કરીને કોંગ્રેસે સાબિત કરવું પડશે કે તે માત્ર ભાજપનો વિરોધ કરનાર પક્ષ નથી, પરંતુ જનતાના પ્રશ્નોનું નિરાકરણ લાવવાની ક્ષમતા ધરાવતો રાજકીય વિકલ્પ છે.

આ પરિણામો ભાજપ માટે પણ એક ચેતવણી છે કે કેન્દ્ર અને રાજ્યની સત્તા હોવી એ જનસમર્થનની ખાતરી નથી. લોકશાહીમાં મતદાતાને સતત વિશ્વાસમાં લેવો પડે છે. સત્તાના અહંકાર, સંગઠનની તાકાત અને પ્રચારના ઘોંઘાટથી જનતાની વાસ્તવિક સમસ્યાઓ ઢાંકી શકાતી નથી. રાજસ્થાનનાં ગામડાંએ આ જ સંદેશ આપ્યો છે.

આ ચૂંટણીને ૨૦૨૮ની વિધાનસભાની ચૂંટણીનું અંતિમ ચિત્ર માનવું હાલ તો ઉતાવળ ગણાશે કેમ કે હજુ રાજકીય સમીકરણો બદલાશે, પક્ષો પોતાની રણનીતિ ઘડશે અને નવા પડકારો ઊભા થશે. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે ભાજપ માટે હવે રાજસ્થાનનું ગ્રામ્ય રાજકારણ પહેલાં જેટલું સરળ રહ્યું નથી. કોંગ્રેસ માટે આ પરિણામો સત્તામાં પાછા ફરવાની સંભાવનાનો મજબૂત સંકેત બની શકે છે.

ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે આ સ્નેહમિલન સમારોહમાં ઉપસ્થિત રહી સંગઠનના પદાધિકારીઓ, આગેવાનો, સમર્પિત કાર્યકર્તા મિત્રો તથા નાગરિકો સાથે આત્મીય મુલાકાત કરી નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી. આ અવસરે ઉપસ્થિત સૌને સંબોધિત કરી સંગઠનની એકતા, કાર્યકર્તાઓના સમર્પણ અને જનસેવાના અવિરત સંકલ્પને વધુ મજબૂત બનાવવા આહ્વાન કર્યું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ અને દૃઢ નેતૃત્વમાં 'વિકસિત ભારત @2047'ના સ્વપ્નને સાકાર કરવા સૌએ સંગઠિત શક્તિ, સેવાભાવ અને સંપૂર્ણ નિષ્ઠા સાથે કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

મકરપુરા રોડ પર બાઈકચાલકે શ્રમજીવી મહિલાને અડફેટે લેતાં મોત

વડોદરાના સયાજીગંજમાં બાઈક સ્લીપ થતાં મામાનું મોત, ભાણેજ ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

કલર કામ માટે જતા મામા ભાણેજની બાઈક સ્લિપ થઈ જતા ગંભીર ઈજા થતા મામાનું મોત થયું છે, જ્યારે ભાણેજને માથામાં ઈજા પહોંચી હોઈ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

સયાજીગંજ પરશુરામ ભઠ્ઠા વિસ્તારમાં જવાહરનગરમાં રહેતા સંગમ રામરાજભાઈ વર્મા કલર કામ કરે છે. આજે સવારે સંગમ અને તેના મામા અમરદીપ નટ્ટલાલ પટેલ બાઈક લઈને કલર કામ કરવા માટે અક્ષર ચોક જવા નીકળ્યા હતા. તે દરમિયાન પરશુરામનગર સોસાયટી શાંતિ વિલા બંગલો સામે રોડ પર અમરદીપભાઈ પૂરઝડપે બાઈક ચલાવતા હોઈ બાઈક સ્લિપ થઈ ગઈ હતી. જેથી, અમરદીપ અને સંગમ બંને રોડ પર પટકાયા હતા. તે દરમિયાન સામેથી આવતી બાઈકના ચાલકે પણ અચાનક બ્રેક મારવી પડી હતી. જેના કારણે તે પણ રોડ પર પટકાયો હતો. ઈજાગ્રસ્ત અમરદીપને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પરંતુ, તેઓનું મોત થયું હતું. જ્યારે સંગમને માથામાં ઈજા થઈ હતી. જે અંગે સયાજીગંજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે અકસ્માતના અન્ય એક કેસની વિગત એવી છે કે, વડોદરા લાલબાગ પી.એસ.પી. કોલોનીમાં રહેતા અમીત રામદીનભાઈ વિશ્વકર્મા અને તેની પત્ની રાખી લાલબાગ રેલવે હાઈ સ્પીડ બિલ્ડિંગમાં કામ કરે છે. ગત ૧૬ મી તારીખે દંપતી કામ પતાવીને ચાલતા ઘર તરફ જતા હતા. તે દરમિયાન રાખી રોડ ક્રોસ કરવા જતા પૂરઝડપે આવતા બાઈક ચાલકે તેને અડફેટે લેતા ગંભીર ઈજા પહોંચી હતી. સારવાર દરમિયાન ગઈકાલે રાખીબેનનું મોત થયું છે. જે અંગે મકરપુરા પોલીસે બાઈક ચાલકની સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરત : ભાજપના ૧૯ લાખનાં કથિત તોડકાંડ મુદ્દે હવે એસીબીમાં અરજી

ભાજપના નેતાના ચેટથી વકરેલો વિવાદ હવે ભાજપ પ્રમુખ માટે માથાનો દુખાવો બન્યો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૩

સુરત શહેર ભાજપનાં સિનિયર નેતાના વીડિયો અને ચેટથી ૧૯ લાખના કથિત તોડકાંડનો વિવાદ બહાર આવ્યા બાદ શહેર પ્રમુખે સિનિયર નેતાઓ, કાર્યકરોના વાયરલ વિડીયો સાંભળી પગલાં ભરવાના બદલે અહેવાલ ખોટા હોવાનું જણાવી પ્રસારિત કરનારા મીડિયા ને બે દિવસ પૂર્વે નોટિસ આપવાની ધમકી આપતાં વિવાદ વધુ વકર્યો છે. જો કે, બીજી તરફ હવે આ સમગ્ર પ્રકરણમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પણ મેદાનમાં આવી ચુકી છે. આજે આમ આદમી પાર્ટીએ નાનપુરા ખાતે આવેલ એસીબી ઓફિસમાં રજુઆત કરી ભાજપના કથિત તોડ મુદ્દે તપાસ કરવાની માંગણી કરી છે. આપનાં નેતાઓએ જણાવ્યું હતું કે ભાજપના જ સિનિયર નેતા દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયો, પોસ્ટ અને વોટ્સએપ ચેટ બાદ ૧૯ લાખના કથિત સેટલમેન્ટનો મામલો સામે આવ્યો છે. આ કથિત તોડકાંડમાં ધારાસભ્ય અને કોર્પોરેટરોના નામે નાણાં લેવાયા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ગંભીર આક્ષેપો સામે તપાસ કરી હકીકત બહાર લાવવાને બદલે શહેર ભાજપ પ્રમુખે પત્રકાર પરિષદમાં મીડિયાને નોટિસ મોકલવાની ચીમકી આપી હતી. આપનાં નેતાઓએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે ભાજપના આંતરિક ગ્રુપમાં વાયરલ થયેલી ચેટમાં ૧૯ લાખના કથિત તોડ અને નાણાંની વહેંચણી અંગે ચર્ચા થઈ હતી. ભાજપના જ એક કાર્યકરે ચેટના સ્ક્રીનશોટ મીડિયાને મોકલ્યા હોવાની વાત સામે આવી છે. આ સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ થાય તો જ આક્ષેપોની સત્યતા બહાર આવશે. તેથી એસીબીએ આ મામલે તપાસ કરવી જોઈએ અને જવાબદારી નક્કી કરવી જોઈએ.

હિંમતનગર ડેપોમાં ત્રણ નવીન બસોનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ



(તસવીર : એફ.કે. મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૩

હિંમતનગર એસ.ટી. ડેપો ખાતે નવીન ત્રણ એસ.ટી. બસોનું લોકાર્પણ ધારાસભ્ય વિનેન્દ્રસિંહ ડી. ઝાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ અરૂણાબેન કડિયા, ઉપપ્રમુખ ગોપાલસિંહ રાઠોડ, તાલુકા પંચાયત પ્રમુખ નરેશભાઈ પરમાર, ડેપો મેનેજર એચ.આર. પટેલ, એસ.ટી. વિભાગના વિવિધ યુનિયનોના હોદેદારો તથા કર્મચારીઓની ઉપસ્થિતિમાં નવીન ત્રણેય બસોને લીલી ઝંડી આપી મુસાફર સેવા માટે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ કુલદીપભાઈ પાઠક, ચેરમેન જયેશભાઈ ભાટી, ચેરમેન ધર્મરાજસિંહ દેવડા, દંડક શશીકાંતભાઈ સોલંકી, મહામંત્રી પ્રકાશભાઈ વૈદ, પરીક્ષિતભાઈ વખારિયા, રાજુભાઈ રાવલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. હિંમતનગર એસ.ટી. ડેપો ખાતે નવીન ત્રણ બસોના પ્રારંભથી મુસાફરોને વધુ સારી, સુવિધાજનક અને સરળ પરિવહન સેવા ઉપલબ્ધ થશે. સાથે જ એસ.ટી. વિભાગની સેવાઓને વધુ સુદૃઢ બનાવવામાં મદદ મળશે.

કોસાડ-ગોથાણ વચ્ચે ટ્રેક પરથી હાથ-પગ કપાયેલી મહિલાની લાશ મળતાં ચકચાર

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૩

સુરત રેલવે પોલીસ (GRP) અને રેલવે પ્રોટેકશન ફોર્સ (RPF)ની કામગીરી અને સુરક્ષા વ્યવસ્થા સામે ફરી એકવાર ગંભીર સવાલો ઉભા થયા છે. સુરત શહેર નજીક આવેલા કોસાડ અને ગોથાણ રેલવે સ્ટેશન વચ્ચેથી આજે વહેલી સવારે એક અજાણી ૪૦ વર્ષીય મહિલાનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર આજે વહેલી સવારે આશરે ૪ વાગ્યાના અરસામાં કોસાડ અને ગોથાણ રેલવે સ્ટેશન વચ્ચે પસાર થતા બે રેલવે ટ્રેકની બરાબર વચ્ચે એક ૪૦ વર્ષીય મહિલાનો મૃતદેહ પડ્યો હોવાની માહિતી રેલવે તંત્રને મળી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક મહિલાના બંને હાથ અને બંને પગ કપાયેલી હાલતમાં મળી આવ્યા હતા. આ અત્યંત બિહામણું દ્રશ્ય જોઈને ઘટનાસ્થળે એકત્ર થયેલા લોકો પણ હચમચી ઉઠ્યા હતા. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે જરૂરી પંચનામું કરીને મૃતદેહનો કબજો મેળવ્યો હતો અને તેને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. મૃતક મહિલા કોણ છે અને ક્યાંની રહેવાસી છે, તેની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. આ બનાવને પગલે રેલવે તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે અને મહિલાના વાલી-વારસોની ભાળ મેળવવા માટે આસપાસના પોલીસ સ્ટેશનોમાં ગુમશુદા વ્યક્તિઓની વિગતો ચકાસવામાં આવી રહી છે. મહિલાનું મોત કોઈ ચાલુ ટ્રેનની અડફેટે આવી જવાથી થયેલો અકસ્માત છે કે પછી તેની પાછળ અન્ય કોઈ રહસ્યમય કારણ છુપાયેલું છે, તે અંગે અનેક તર્ક-વિતર્કો સર્જાયા છે. ખાસ કરીને બે રેલવે ટ્રેકની બરાબર વચ્ચે બંને હાથ અને પગ કપાયેલી હાલતમાં મૃતદેહ મળી આવવો તે અનેક શંકાઓને જન્મ આપી રહ્યો છે. વારંવાર બનતી આ પ્રકારની ઘટનાઓને કારણે રેલવે તંત્રની સુરક્ષા વ્યવસ્થા સામે સ્થાનિકો અને મુસાફરોમાં રોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે રેલવે પોલીસની પેટ્રોલિંગ કામગીરી સામે પણ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં બરોડાનું શાનદાર પ્રદર્શન, પાંચમાંથી ચાર મેચોમાં જીત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં બરોડા ક્રિકેટ એસોસિએશનની ટીમે શાનદાર પ્રદર્શન યથાવત્ રાખ્યું છે. ગ્રુપ-એમાં રમી રહેલી બરોડાની ટીમે ૨૨ નવેમ્બરના રોજ બંગાળ સામે રમાયેલી મેચમાં જીત મેળવી ગ્રુપમાં પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.

બંગાળની ટીમે પ્રથમ બેટિંગ કરતા બરોડા સામે ૧૭૨ રનનો લક્ષ્યાંક મૂક્યો હતો. જેના જવાબમાં બરોડાની ટીમે ૧૮.૩ ઓવરમાં છ વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. આ જીત સાથે બરોડાએ અત્યાર સુધી રમાયેલી પાંચ મેચમાંથી ચાર મેચમાં જીત મેળવી છે. પરિણામે ટીમ ૧૬ પોઈન્ટ સાથે ગ્રુપ-એમાં પ્રથમસ્થાને રહી છે.હવે બરોડાની ટીમ આગામી ૨૪ નવેમ્બરના રોજ ઝારખંડ સામે મેદાનમાં ઉતરશે, જ્યારે ૨૬ નવેમ્બરના રોજ કર્ણાટક સામે મુકાબલો રમશે. સ્પર્ધાની સેમિફાઈનલ મેચો ૩૦ નવેમ્બરથી શરૂ થશે, જ્યારે ૬ ડિસેમ્બરના રોજ નાગપુર ખાતે ફાઈનલ મુકાબલો રમાશે. બરોડાની ટીમનું અત્યાર સુધીનું પ્રદર્શન જોતા સેમિફાઈનલમાં સ્થાન મેળવવાની દિશામાં ટીમ મજબૂત સ્થિતિમાં છે.

ભૂજ-ખાવડા હાઈવે સહિત ધોરડો અને રોડ ટુ હેવન માર્ગ સલામતીના પગલાં ભરવા સાંસદની રજૂઆત

(સંવાદદાતા દ્વારા)

ભૂજ, તા.૨૩

અકસ્માતોનું પુનરાવર્તન ન થાય અને કચ્છની મુલાકાતે આવતા પ્રવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત થાય તે હેતુથી સાંસદે સંબંધિત તંત્રનું ધ્યાન દોર્યું છે. ખાસ કરીને રણોત્સવ નિમિત્તે ધોરડો, સફેદ રણ, રોડ ટુ હેવન ધર્મશાળા (સરહદ) તેમજ કચ્છના વિવિધ ધાર્મિક અને પ્રવાસન સ્થળોની મુલાકાતે મોટી સંખ્યામાં દેશ-વિદેશના પ્રવાસીઓ આવતા હોય છે. ત્યારે ભૂજ-ખાવડા હાઈવે સહિત ધોરડો અને રોડ ટુ હેવન તરફ જતાં માર્ગો વધુ સુરક્ષિત, સુવિધાજનક અને સુવ્યવસ્થિત બને તે અત્યંત જરૂરી છે.

આ સંદર્ભે સાંસદ દ્વારા સંબંધિત વિભાગોને જરૂરી પગલાં ભરવા લેખિત રજૂઆત કરવામાં આવી છે. ભૂજ-ખાવડા હાઈવે સહિત પ્રવાસન માર્ગો પર જ્યાં પણ રસ્તાઓ તૂટેલા હોય કે ત્યાં તાત્કાલિક સમારકામ કરી ખાડા પૂરવામાં આવે. માર્ગો પર જરૂરી સ્થળોએ સ્પષ્ટ અને દિશાસૂચક સાઈન બોર્ડ લગાવવામાં આવે, જેથી પ્રવાસીઓને રસ્તા અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે. માર્ગોની નિયમિત સફાઈ, જાળવણી અને સુશોભન કરવામાં આવે.

અકસ્માતની સંભાવના ધરાવતા બ્લેક સ્પોટ અને જોખમી વળાંકોની ઓળખ કરી ત્યાં યોગ્ય સુરક્ષાત્મક વ્યવસ્થા કરવામાં આવે. ચાંદ ફાર્મથી ગોગા મંદિર સુધીના માર્ગ પર આવેલી ઊંચાઈવાળી જગ્યાએ સુરક્ષા માટે લગાવવામાં આવેલા બેરિકેડ પર રાત્રિના સમયે વાહનચાલકોને સ્પષ્ટ દેખાય તે માટે રેડિયમ રિફ્લેક્ટિવ પટ્ટીઓ તાત્કાલિક લગાવવામાં આવે.

માર્ગ સલામતીના નિયમોનું પાલન ન થાય તે માટે પોલીસ વિભાગ અને આર.ટી.ઓ. દ્વારા નિયમિત વાહન ચેકિંગ, ઓવરસ્પીડિંગ સામે કાર્યવાહી તથા જરૂરી ટ્રાફિક નિયંત્રણ કરવામાં આવે. પ્રવાસીઓની અવરજવર વધુ રહેતા માર્ગો પર જરૂરી ચેતવણી સૂચનાઓ, રાત્રિ પ્રકાશ વ્યવસ્થા અને સુરક્ષા સંબંધી અન્ય સુવિધાઓ, પાર્કિંગ ઝોન, યાત્રિકો માટે બેચ સુવિધા ઊભી કરવામાં આવે.

મોડાસામાં રૂા.૮.૪૬ લાખના ઈલેક્ટ્રિક સામાનની ચોરી કરનાર ગેંગ ઝડપાઈ

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૨૩

ગત તા.૧૫ નવેમ્બર ૨૦૨૬ની રાત્રે મોડાસાની નવનિર્માણ સિવિલ હોસ્પિટલના બંધ ગોડાઉનનું તાળું તોડી તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો હતો. તસ્કરો ગોડાઉનમાંથી ગ્રેટ વાઈટ કંપનીના ૧૪૫ બંડલ અને ૪ સ્ટ્રીટ લાઈટ સહિત કુલ રૂા.૮,૪૬,૪૩૪/-ની કિંમતનો ઈલેક્ટ્રિક સામાન ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

આ ગુનાનો ભેદ ઉકેલવા મોડાસા ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી. ચૌધરી અને પી.એસ.આઈ. એસ.એસ. મલેક સહિતની ટીમે બનાવ સ્થળ આસપાસના સીસીટીવી ફૂટેજ તેમજ નેત્રમ કેમેરાની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન એક શંકાસ્પદ મહિન્દ્રા XUV 500 કારની ઓળખ થતાં તેના આધારે પોલીસે તપાસ રાજસ્થાન સુધી લંબાવી હતી.

પોલીસે અનિલ ઉર્ફે પોટો કાલબેલિયા, અનિલ ઉર્ફે અલી કાલબેલિયા અને રવિ શંકર કાલબેલિયા એમ ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીમાં વપરાયેલી મહિન્દ્રા XUV 500 કાર સહિત કુલ રૂા.૧૦,૮૮,૦૦૦/-નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખટોદરામાં ખાડીમાંથી ૧૫ દિવસના નવજાતનો મૃતદેહ મળી આવ્યો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૩

ખટોદરા વિસ્તારમાં રાયકા સર્કલ પાસે ખાડીના વહેતા પાણીમાંથી આશરે ૧૫ દિવસના નવજાત બાળકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ખટોદરા રાયકા સર્કલ પાસે ખાડીના વહેતા પાણીમાંથી તા.૨૨ નવેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યાના અરસામાં ૧૫ દિવસના નવજાતનું મૃતદેહ મળી આવ્યું હતું. ઘટના અંગે વાયુવેગે સમગ્ર વિસ્તારમાં જાણ થતાં ભારે ચકચાર મચી જવા પામી હતી. બીજી તરફ ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસ દ્વારા મૃત અવસ્થામાં મળેલા નવજાત બાળકને બહાર કાઢી પીએમ માટે બોડી સિવિલિમા મોકલી આપી હતી.પોલીસે ત્યજી દેનાર નિષ્ઠુર માતા સહિતના વિરૂદ્ધ હાલમાં પ્રાથમિક ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા પોલીસ દ્વારા ડ્રગ્સ વિરોધી મેગા ડ્રાઈવ, શકમંદોની અટક કરી તપાસ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

વડોદરામાં ડ્રગ્સ સામે પોલીસે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે અને તેના ભાગરૂપે ગઈકાલે રાત્રે મેગા ડ્રાઈવ રાખવામાં આવી હતી. શહેર પોલીસ કમિશનરની આગેવાની હેઠળ ડ્રગ્સ વિરોધી ઝુંબેશના ભાગરૂપે શહેરના નવલખી કમ્પાઉન્ડ, પાણીગેટ, ગોરવા સહિતના આઠ ડાર્ક સ્પોટ ઉપર પોલીસની ટીમો દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

પોલીસે વાહન ચેકિંગ ઉપરાંત વિશેષ કીટ દ્વારા ડ્રગ્સ એડિક્ટની તપાસ કરી હતી. આ દરમિયાન પોલીસે ૪૦ જેટલા શકમંદોની અટકાયત કરી હતી. જેમાં એક ડઝન જેટલા લોકોએ ડ્રગ્સનું સેવન કર્યું હોય એવી આશંકા સેવાઈ રહી છે. પોલીસે કહ્યું છે કે ડ્રગ્સનું સેવન કર્યું હશે તેવા લોકોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે અને તેમાં ડ્રગ્સ લીધું હોવાની વિગતો મળશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવનાર છે.

સુરેન્દ્રનગરમાં પોલીસે ચાઈનીઝ દોરીના જથ્થા સાથે આરોપીને ઝડપી લીધો

સુરેન્દ્રનગર, તા.૨૩

સુરેન્દ્રનગરની સિટી એ ડિવિઝન પોલસના એએસઆઈ વિરેન્દ્રસિંહ પ્રવિણસિંહને બાતમી મળી હતી કે મહેતા માર્કેટની પશુપતિનાથ રોડવેઝ ઓફિસમાં ચાઈનીઝ દોરીનો જથ્થો આવ્યો છે અને એક શખ્સ તેને લેવા આવવાનો છે. બાતમીના આધારે પોલીસે ઓફિસે દરોડો પાડ્યો હતો. ત્યાંથી રસીકભાઈ હેમુભાઈ સાકોડીયાને ઝડપી પાડ્યો હતો. તે રાણાગઢ, તાલુકો લીંબડીનો રહેવાસી અને મૂળ ભાવનગરનો છે.પોલીસને MONO SKY લખેલી ચાઈનીઝ પ્લાસ્ટિક દોરીની ૨૯૦ ફિરકી મળી હતી. એક ફીરકીની કિંમત રૂા.૧૫૦ અને કુલ કિંમત રૂા.૪૩,૫૦૦ છે. પોલીસે દોરી કબજે કરી રસીકભાઈ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

માંધરી ગામની સીમમાં દીપડાએ શ્વાનનું મારણ કરતા ગ્રામજનોમાં ભય

મોડાસા, તા.૨૩

ભિલોડા તાલુકાના માંધરી ગામના ખેડૂત રમણભાઈ નારાયણભાઈ પટેલના ખેતરમાં આવેલા પશુઓના તબેલામાં જર્મન શેફર્ડ જાતિનો શ્વાન બાંધવામાં આવ્યો હતો. દરમિયાન રાત્રિના સમયે દીપડાએ તબેલામાં આવી શ્વાન પર હુમલો કરી તેનું મારણ કર્યું હતું. આ ઘટનાને પગલે આસપાસના ખેડૂતો અને પશુપાલકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે ખેતરોમાં રહેતા ખેડૂતો અને ખેતમજૂરોની સુરક્ષાનો પ્રશ્ન ઊભો થયો છે.

જંબુસરમાં વૃદ્ધાશ્રમના નિર્માણ માટે મુખ્યમંત્રી સમક્ષ લેખિત રજૂઆત

જંબુસર, તા.૨૩

જંબુસર નગર સેવાના વોર્ડ નં.૪ના કોર્પોરેટર પઠાણ શહેનાઝ એન.એ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી જંબુસર ખાતે આવેલ આનંદ ઘર વૃદ્ધાશ્રમ માટે સરકારી જમીન ફાળવવા તથા નિરાધાર વૃદ્ધો માટે વૃદ્ધાશ્રમનું નિર્માણ કરવા મુખ્યમંત્રી રાહત ફંડમાંથી આર્થિક સહાય ફાળવવા માગણી કરી છે.

એક ગોલ્ડ અને એક સિલ્વર મેડલ જીત્યો નેશનલ પેરા સ્વિમિંગ ચેમ્પિ.માં વ્હીલચેરની મર્યાદા તોડી વડોદરાની ગરિમા વ્યાસની સિદ્ધિ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૩

વડોદરાની આંતરરાષ્ટ્રીય પેરા સ્વિમર ગરિમા વ્યાસે પોતાની અદમ્ય ઈચ્છાશક્તિ અને મહેનતના બળે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. ભોપાલ ખાતે ૧૨થી ૧૫ નવેમ્બર દરમિયાન યોજાયેલી ૨૬મી રાષ્ટ્રીય પેરા સ્વિમિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬-૨૭માં ગરિમાએ વ્યક્તિગત સ્પર્ધાઓમાં એક સુવર્ણ અને એક રજત ચંદ્રક જીતીને વડોદરા અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ સાથે રાષ્ટ્રીય સ્તરે તેમના કુલ ચંદ્રકોની સંખ્યા ૧૮ થઈ છે.



(તસવીર :- અતિક શેખ, વડોદરા)

ગરિમાએ અત્યાર સુધીમાં રાષ્ટ્રીય સ્તરે ૧૦ સુવર્ણ, ચાર રજત અને ચાર કાંસ્ય ચંદ્રક મેળવ્યા છે. આ ઉપરાંત રાજ્ય કક્ષાએ પણ તેમના નામે આઠ સુવર્ણ ચંદ્રકો નોંધાયેલા છે. અત્યાર સુધીમાં તેઓ ચાર આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લઈ ચૂક્યાં છે. વ્હીલચેરનો ઉપયોગ કરવા છતાં સ્વિમિંગ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરતી તેઓ એકમાત્ર મહિલા પેરા સ્વિમર છે.

હાલમાં ગરિમા વડોદરાના સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG)ના કોચ વિવેક સિંહ બોરાલિયા અને કૃષ્ણા પંડ્યાના માર્ગદર્શન હેઠળ તાલીમ લઈ રહ્યાં છે. તેમની તૈયારીમાં અંકુર સૈની, ફિટનેસ કોચ ડૉ. નેહા કર્ણિક અને ન્યુટ્રિશનિસ્ટ પંક્તિ જરીવાલા શાહનો પણ સહયોગ મળી રહ્યો છે. મુશ્કેલ સંજોગો વચ્ચે પણ સતત સફળતાના શિખરો સર કરતી ગરિમાની સિદ્ધિ અન્ય ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બની છે.

પાંથાવાડા માર્કેટયાર્ડના વેપારીની પ્રમાણિકતાને સલામ

મગફળીની બોરીમાંથી મળેલા સોના-ચાંદીના દાગીના ખેડૂતને સહીસલામત પરત કર્યા

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૩

રાજસ્થાનના પાલી જિલ્લાના સુંદેલાવ ગામના ખેડૂત રમેશકુમાર પ્રજાપતિ પાંથાવાડા માર્કેટયાર્ડમાં મગફળી વેચવા માટે આવ્યા હતા. આ દરમિયાન તેમની મગફળીની બોરીઓમાં ભૂલથી સોના-ચાંદીના કિંમતી દાગીના પણ રહી ગયા હતા. મગફળીની હરાજી પૂર્ણ થયા બાદ માલ મિલમાં પહોંચ્યો હતો. ત્યારબાદ ખેડૂતને યાદ આવ્યું કે તેમના દાગીના મગફળીની બોરીઓમાં ભૂલથી રહી ગયા છે.

આ અંગે ખેડૂતે તાત્કાલિક વેપારીનો સંપર્ક કર્યો હતો. ખેડૂતની વાત સાંભળતાં જ બી.જે. ટ્રેડિંગના માલિક બબાભાઈ જે. પટેલે સમય ગુમાવ્યા વગર રાજ ટ્રેડિંગના વેપારીને જાણ કરી હતી અને મગફળી ભરેલી ગાડી પરત બોલાવવાની વ્યવસ્થા કરી હતી. ત્યારબાદ મગફળીની બોરીઓની તપાસ કરવામાં આવતાં તેમાંથી સોના-ચાંદીના દાગીના મળી આવ્યા હતા. વેપારી બબાભાઈ પટેલે તમામ દાગીના સુરક્ષિત રીતે ખેડૂત રમેશકુમાર પ્રજાપતિને પરત સોંપ્યા હતા.અચાનક કિંમતી દાગીના ગુમ થવાની ચિંતા વચ્ચે પરત મળી આવતાં ખેડૂતે રાહતનો શ્વાસ લીધો હતો. વેપારી બબાભાઈ પટેલની પ્રામાણિકતા અને સમયસૂચકતાને કારણે ખેડૂતને મોટું નુકસાન થતું અટક્યું હતું.



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

Change of Name

Old Name :- PARMAR SIDDHKUMAR KHODIDAS

New Name :- BAJAJ

સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘે ઉના ખાંડ ઉદ્યોગના કામદારો માટે કર્યો સંઘર્ષ !

૪૦ વર્ષની લાંબી કાનૂની લડત બાદ ૬૦૦થી વધુ કામદારોને મળ્યો ન્યાય

(સંવાદદાતા દ્વારા)

ઉના, તા.૨૩

ઉનાના ખાંડ ઉદ્યોગમાં વર્ષો પહેલાં ગેરકાયદેસર લેઓફ અને ત્યારબાદ કાયદેસરના હક-હિસ્સા ચૂકવ્યા વિના છૂટા કરાયેલા ૬૦૦થી વધુ કામદારો માટે ન્યાયની આશા આખરે પ્રબળ બની છે. સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ દ્વારા છેલ્લા ચારદાયકાથી ચલાવવામાં આવેલી લાંબી કાનૂની લડત બાદ સુપ્રીમ કોર્ટના આખરી ચુકાદામાં કામદારોને અંદાજે રૂા.૨૩ કરોડની રકમ ચૂકવવા આદેશ કરવામાં આવ્યો છે. જો કે, આ ચુકાદાનો અમલ ન થતાં સંઘે જવાબદાર સરકારી અધિકારીઓ સામે કોર્ટના તિરસ્કાર બદલ કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં આવેલી ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.માં વર્ષો પહેલાં કામદારોને અન્યાયનો સામનો કરવો પડ્યો હતો. ફેક્ટરી સંચાલન દ્વારા પ્રથમ બે વખત કથિત રીતે ગેરકાયદેસર લે-ઓફ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ૬૦૦થી વધુ કામદારોને કાયદા મુજબ મળવા પાત્ર હક, હિસ્સા અને વળતર ચૂકવ્યા વિના જ છૂટા કરી દેવામાં આવ્યા હતા. જેના કારણે મોટી સંખ્યામાં કામદારો અને તેમના પરિવારોની આજીવિકા સામે ગંભીર પ્રશ્ન ઊભો થયો હતો. રોજગારી છીનવાઈ જતાં અનેક પરિવારો આર્થિક મુશ્કેલીમાં મુકાયા હતા.

કામદારોને થયેલા આ અન્યાય સામે સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ દ્વારા ન્યાય અપાવવા માટે કાનૂની લડત શરૂ કરવામાં આવી હતી. આ લડત એક-બે વર્ષ નહીં, પરંતુ સતત ૪૦ વર્ષ સુધી ચાલી હતી. આ દરમિયાન સંઘ દ્વારા મજૂર અદાલત, ઔદ્યોગિક અદાલત, ગુજરાત હાઈકોર્ટથી લઈને દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમ કોર્ટ સુધી કાનૂની રજૂઆતો કરવામાં આવી હતી. આખરે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા અંતિમ ચુકાદામાં ૬૦૦થી વધુ કામદારોને કુલ અંદાજે રૂા.૨૩ કરોડની રકમ ચૂકવવાપાત્ર ઠરાવવામાં આવી છે. ચાર દાયકાથી ન્યાયની રાહ જોઈ રહેલા કામદારો માટે આ ચુકાદો મોટી કાનૂની જીત સમાન માનવામાં આવી રહ્યો છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ પણ ગુજરાત રાજ્યના સંબંધિત અધિકારીઓ દ્વારા તેનો અમલ કરવામાં ન આવતાં સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘે હવે કોર્ટના તિરસ્કાર (કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ)ની કાર્યવાહી શરૂ કરી છે. આ મામલે રાજ્યના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સહિત વહીવટી અધિકારીઓને કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની નોટિસ પાઠવવામાં આવી હોવાનું સંઘે જણાવ્યું છે.

રૂપિયા ૨૩ કરોડ ચૂકવવા સુપ્રીમ કોર્ટનો આખરી આદેશ



કોઈ આવાસ યોજનામાં ઘર અપાવવાનું કહે તો છેતરાશો નહીં

ગોતામાં સરકારી મકાન અપાવવાના બહાને ૪૦ લોકો પાસેથી બે શખ્સોએ ૫૦ લાખ પડાવ્યા !!

અમદાવાદ, તા.૨૩

અમદાવાદમાં હાલ EWS-76મો આવાસ ફાળવણીનો મુદ્દો ચર્ચામાં છે ત્યારે ગોતા વિસ્તારમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનો વેચાણથી અપાવવાની લાલચ આપી અંદાજે ૪૦ જેટલા લોકો પાસેથી રૂા.૫૦ લાખ પડાવી લેવાયા હોવાની ફરિયાદ સોલા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. નિકુંજ ભરવાડ અને ધનરાજ યાદવ નામના બે શખ્સે મકાન અપાવવા અને દસ્તાવેજ કરાવી આપવાના બહાને દરેક વ્યક્તિ પાસેથી રૂા.૧ લાખથી અઢી લાખ સુધીની રકમ પડાવી છેતરપિંડી આચરી હતી, જે અંગે પોલીસે ગુનો નોંધી બંને આરોપીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

મેમનગર વિસ્તારમાં ભાડેથી રહેતા અને ઘરઘાટીનું કામ કરતા નરેશ પ્રજાપતિના પાડોશમાં વર્ષ ૨૦૨૪માં ધનરાજ યાદવ રહેતો હતો. ધનરાજે તેનો મિત્ર ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનો અપાવે છે તેમ કહી નરેશભાઈ અને તેમની પત્નીને ગોતાના વંદે માતરમ રોડ પર આવેલા ચાણક્ય એપાર્ટમેન્ટમાં 1BHK મકાન બતાવ્યું હતું. મકાનની કિંમત રૂા.૮ લાખ નક્કી કરી, મકાન ન લાગે તો પૈસા પરત આપવાની ખાતરી આપી નિકુંજ ભરવાડ સાથે મુલાકાત કરાવી હતી.

આરોપીઓએ નરેશભાઈ પાસેથી શરૂઆતમાં રૂા.૧.૬૦ લાખ લીધા બાદ ૧૩ નંબરનું મકાન લાગ્યું છે તેમ કહી દસ્તાવેજના નામે વધુ રૂા.૭૩,૫૦૦ પડાવ્યા હતા. ત્યારબાદ દસ્તાવેજ કરાવવાનું કહેતા ક્યારેક અધિકારીના માતાનું અવસાન થયું હોવાનું તો ક્યારેક આગળથી જવાબ આવશે તેમ કહી બહાના બનાવી સમય પસાર કર્યો હતો. લાંબા સમય સુધી મકાન કે દસ્તાવેજ ન મળતા તપાસ કરતા જાણવા મળ્યું કે ધનરાજ યાદવ અને નિકુંજ ભરવાડની વાતોમાં આવી અન્ય ૩૮ જેટલા લોકોએ પણ રૂા.૧ લાખથી ૨.૫૦ લાખ સુધીની રકમ ગુમાવી છે. સમગ્ર મામલે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે બંને આરોપીઓ સામે ગુનો દાખલ કરી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પો.નો મોટો નિર્ણય

સરકારી હોસ્પિટલોમાં ડોક્ટરોએ દિવસમાં ત્રણ વખત બાયોમેટ્રિક હાજરી પૂરવી પડશે

ગેરહાજરીની ફરિયાદો બાદ AMC એક્શનમાં; બપોરે પણ પંચિંગ ફરજિયાત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) સંચાલિત હોસ્પિટલોમાં ડૉક્ટરોની ગેરહાજરીને લઈને મળતી ફરિયાદો બાદ આખરે તંત્ર હરકતમાં આવ્યું છે. હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને ડૉક્ટરો સમયસર ઉપલબ્ધ ન હોવાની ફરિયાદો વચ્ચે AMC દ્વારા હાજરીની વ્યવસ્થામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. હવે કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોમાં ફરજ બજાવતા ડૉક્ટરોએ દિવસમાં બે નહીં, પરંતુ ત્રણ વખત બાયોમેટ્રિક હાજરી નોંધાવવી પડશે.

અમદાવાદની SVP હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, શારદાબેન હોસ્પિટલ અને નગરી હોસ્પિટલ સહિતની AMC સંચાલિત હોસ્પિટલોમાં આ નવી વ્યવસ્થા લાગુ કરવામાં આવશે. અત્યારસુધી ડૉક્ટરો સવારે ૯ વાગ્યે હોસ્પિટલમાં આવ્યા બાદ અને સાંજે ૫ વાગ્યે ફરજ પૂર્ણ કરતી વખતે બાયોમેટ્રિક હાજરી નોંધાવતા હતા. જોકે, આ બંને સમય વચ્ચે ડૉક્ટરો હોસ્પિટલમાં હાજર રહે છે કે નહીં તેની ચકાસણી થતી નહોતી. આ સમયગાળા દરમિયાન કેટલાક ડૉક્ટરો હોસ્પિટલમાંથી ગેરહાજર રહેતા હોવાની અને ખાનગી પ્રેક્ટિસ કરતા હોવાની ફરિયાદો તંત્રને મળી હતી. આ ફરિયાદોને પગલે હવે હાજરીની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તેથી હવે ત્રણ સમયનું પંચિંગ ફરજિયાત કરાવાયું છે. જેમાં નવી વ્યવસ્થા પ્રમાણે ડૉક્ટરોએ ત્રણ વાર બાયોમેટ્રિક હાજરી નોંધાવવાની રહેશે. એટલે કે સવારે ૯:૦૦ વાગ્યે, બપોરે ૨:૦૦ વાગ્યે અને સાંજે ૫:૦૦ વાગ્યે પંચિંગ કરવાનું રહેશે. આ અંગે તમામ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોના સુપ્રિટેન્ડેન્ટને સર્કયુલર મોકલીને અમલવારી કરવાની સૂચના આપવામાં આવી છે. બપોરે ૨ વાગ્યાનું પંચિંગ ફરજિયાત બનાવવાથી દિવસના મધ્યભાગમાં પણ ડૉક્ટરોની હાજરીની ચકાસણી થઈ શકશે. નવી વ્યવસ્થામાં હાજરી નોંધાવવા ઉપરાંત દેખરેખની જવાબદારી પણ નક્કી કરવામાં આવી છે.

દરેક હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટે ડૉક્ટરોની દૈનિક બાયોમેટ્રિક હાજરીનો રિપોર્ટ તૈયાર કરીને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને મોકલવાનો રહેશે. ત્યારબાદ આ રિપોર્ટની મ્યુનિસિપલ કમિશનર દ્વારા સમીક્ષા કરવામાં આવશે. જો કે, કોઈ ડૉક્ટર નિર્ધારિત સમયે ઓપરેશન અથવા અન્ય તબીબી કામગીરીમાં વ્યસ્ત હોય તો તેમને કામગીરી પૂર્ણ થયા બાદ બાયોમેટ્રિક હાજરી નોંધાવવાની છૂટ આપવામાં આવી છે. AMCના આ નિર્ણયથી હોસ્પિટલોમાં ડૉક્ટરોની હાજરી પર દેખરેખ વધશે અને દર્દીઓને સમયસર સારવાર મળી રહે તે દિશામાં તંત્રનું મોનિટરિંગ વધુ મજબૂત બનશે. હવે આ નવી વ્યવસ્થાનો અમલ કેટલો અસરકારક સાબિત થાય છે કે કેમ તેવા પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે.

રૂા.૧.૩૧ કરોડની વસુલાત માટે જપ્તી વોરંટ

સુપ્રીમ કોર્ટના આદેશના આધારે RTO પાસેથી રકમ વસૂલવા કોર્ટનો આદેશ

રાજકોટની કોર્ટે વસુલાત માટે જંગમ મિલકત જપ્ત કરવાનો વોરંટ જારી કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

રાજકોટમાં સરકારી તંત્ર સામે કોર્ટના આદેશના આધારે વસુલાતની કાર્યવાહીનો અનોખો કિસ્સો સામે આવ્યો છે. વર્ષ ૧૯૮૨-૮૩માં રાજકોટ RTO દ્વારા કોન્ટ્રાક્ટ આધારે ખરીદવામાં આવેલા ઓટોમેટિક વેઇબ્રિજનું પેમેન્ટ લાંબા સમય સુધી બાકી રહેતાં કોન્ટ્રાક્ટરે કાયદાકીય લડત શરૂ કરી હતી. હવે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના આદેશોના આધારે રાજકોટની કોર્ટે વ્યાજ સહિત રૂા.૧.૩૧ કરોડની વસુલાત માટે જંગમ મિલકત જપ્ત કરવાનો વોરંટ જારી કર્યો છે.

કોન્ટ્રાક્ટર વિજય વડાલીયાના જણાવ્યા મુજબ, ૧૯૮૨માં RTOને ઓટોમેટિક વેઇબ્રિજ સહિતની મશીનરી સપ્લાય કરવામાં આવી હતી. આ સપ્લાયનું પેમેન્ટ સરકાર તરફથી નિયમ મુજબ ચૂકવવાનું હતું, પરંતુ લાંબો સમય વીતી જવા છતાં રકમ ચૂકવવામાં આવી ન હતી. પેમેન્ટ મેળવવા માટે કોન્ટ્રાક્ટરે સરકાર સામે કોર્ટમાં દાવો કર્યો હતો. બાકી પેમેન્ટનો વિવાદ હાઈકોર્ટ અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. કોન્ટ્રાક્ટરનો દાવો છે કે સરકાર આ કેસમાં કોર્ટની કાર્યવાહી દરમિયાન હારી હતી. ૨૦૨૪ના કોર્ટના આદેશ બાદ હાઈકોર્ટના નિર્દેશોને આધારે રાજકોટ કોર્ટમાં પેમેન્ટની વસુલાત માટે દરખાસ્ત કરવામાં આવી હતી. કોન્ટ્રાક્ટર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે ચાર દાયકાથી વધુ સમય વીતી ગયા છતાં તેમને બાકી પેમેન્ટ મળ્યું નથી. રાજકોટ કોર્ટે વ્યાજ સહિતની રકમ ચૂકવવાનો આદેશ કર્યો હોવાનું જણાવાયું છે. આ રકમ હવે વધીને રૂા.૧.૩૧ કરોડ સુધી પહોંચી છે. ચુકવણી નહીં થતાં કોર્ટ દ્વારા જંગમ મિલકત જપ્ત કરવા માટે વોરંટ કાઢવામાં આવ્યું છે. જપ્તી વોરંટ મળ્યા બાદ કોન્ટ્રાક્ટર વિજય વડાલીયા કોર્ટના અધિકારીઓ અને સ્ટાફ સાથે રાજકોટ RTO કચેરી પહોંચ્યા હતા. તેમણે કોર્ટના આદેશના આધારે RTOની જંગમ મિલકતમાંથી રૂા.૧.૩૧ કરોડની વસુલાત કરવાની કાર્યવાહી હાથ ધરવાની માંગ કરી છે. હવે આ મામલે સરકારી તંત્ર તરફથી શું કાર્યવાહી કરવામાં આવે છે અને કોર્ટના આદેશનું કેવી રીતે પાલન થાય છે તેના પર સૌની નજર છે.

ડભોઈ ભાજપના સ્નેહમિલન સમારોહમાં જૂથવાદનો ઉકળાટ ! ધારાસભ્ય શૈલેષ મહેતાએ સ્ટેજ પરથી જ કાર્યકરોને સંભળાવી ખરીખોટી

છોટાઉદેપુરમાં માટી-રેતી ચોરી મુદ્દે CIDમાં અરજીથી લઈને બેનરો અને મીઠાઈના વેચાણ સુધીના મુદ્દે ધારાસભ્યના આકરા નિવેદનો ચર્ચામાં

ડભોઈ, તા.૨૩

ડભોઈ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિક્રમ સંવત ૨૦૮૩ના નૂતનવર્ષ નિમિત્તે ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાની અધ્યક્ષતામાં ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપની પરંપરા મુજબ યોજાયેલા આ કાર્યક્રમમાં શહેર અને તાલુકાના મોટી સંખ્યામાં કાર્યકરો, આગેવાનો, હોદ્દેદારો અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. જોકે, નવા વર્ષની શુભેચ્છાઓ અને સંગઠનની એકતાના સંકલ્પ વચ્ચે ધારાસભ્ય શૈલેષ મહેતાના આક્રમક નિવેદનોએ રાજકીય માહોલ ગરમાવી દીધો હતો. સમગ્ર વિધાનસભા વિસ્તારમાં એકસાથે યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ મહામંત્રી હિતેન્દ્ર ચૌહાણ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી લાઈવ જોડાયા હતા. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વિશેષ લાઈવ જોડાઈ કાર્યકરોને નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય શૈલેષ મહેતાએ કેટલાક મુદ્દાઓને લઈને સ્ટેજ પરથી જ આકરા શબ્દોમાં પોતાની વાત રજૂ કરી હતી. છોટાઉદેપુરમાં માટી અને રેતી ચોરીના મામલે CIDમાં અરજી આપ્યાનો ઉલ્લેખ કરતાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, આ મામલે ભાજપ પરિવારના સભ્યો સંકળાયેલા હશે તો પણ તેમને બચાવી લેવામાં આવશે . વધુમાં તેમણે કહ્યું હતું કે, "જે કંઈ બોલું છું તે ડંકાની ચોટ પર બોલું છું, કોઈથી ગભરાઈને નથી બોલતો."

દિવાળી પર્વ દરમિયાન બેનરો લગાવવા અને મીઠાઈ વેચવાના મુદ્દે પણ ધારાસભ્યએ નિશાન સાધ્યું હતું. પાટીદાર સમાજના ભાજપ અગ્રણી દ્વારા દિવાળી દરમિયાન બેનરો લગાવવા અને મીઠાઈ વેચવાના મુદ્દાને ટાંકીને તેમણે કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, "બેનરો લગાવીને અને મીઠાઈ વેચવાથી ટિકિટ ના લાવી શકાય." વધુમાં તેમણે સંઘ કે વિશ્વ હિન્દુ પરિષદના કોઈ નેતાની પાછળ ફરવાથી ટિકિટ મળી જશે તેવી માન્યતા રાખનારાઓને પણ આડકતરી રીતે સંભળાવ્યું હતું.



સ્નેહમિલન જેવા સંગઠનાત્મક કાર્યક્રમમાં ધારાસભ્યના આ નિવેદનોથી ડભોઈ ભાજપમાં આંતરિક ખેંચતાણ અને જૂથવાદની ચર્ચાઓને વેગ મળ્યો છે. એક તરફ મંચ પરથી સંગઠનની મજબૂતી અને એકતાની વાત કરવામાં આવી રહી હતી, તો બીજી તરફ ધારાસભ્યના નિવેદનોએ પક્ષની અંદરના અસંતોષ અને રાજકીય મતભેદો સપાટી પર લાવ્યા હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં શરૂ થઈ છે. આ પ્રસંગે ચાંદોદ, કરનાળી સહિતના વિસ્તારોમાંથી સાધુ-સંતોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. બી.જે. બ્રહ્મભટ્ટ, પ્રદેશ કારોબારી સભ્ય શશીકાંતભાઈ પટેલ, શહેર પ્રમુખ દીક્ષિતભાઈ દવે, શહેર મહામંત્રી હિરેન શાહ સહિત નગર અને તાલુકાના સરપંચો, આગેવાનો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

નિયમ મુજબ ભાડુ અને ગેરકાયદેસર ચાલતા ટુ-વ્હીલર બંધ કરવાની માંગ સાથે

રિક્ષા-ટેક્સી ચાલકો ફરી એકવાર આંદોલનના મૂડમાં ૨૫ નવેમ્બરે RTO કચેરીનો ઘેરાવ કરશે

અમદાવાદ, તા.૨૩

અમદાવાદમાં વધતા જતા CNGના ભાવ અને ઓલા, ઉબર, રેપિડો જેવી ઓનલાઈન એપ્લિકેશન દ્વારા રિક્ષા અને ટેક્સી ચાલકોનું શોષણ થતું હોવાના આક્ષેપ સાથે રિક્ષા અને ટેક્સી ચાલકોએ ફરી આંદોલનનું રણશિંગું ફૂંક્યું છે. અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયન અને ટેક્સી યુનિયન દ્વારા અમદાવાદ એરપોર્ટ ટેક્સી સ્ટેન્ડ ખાતે બેઠક યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં રિક્ષા અને ટેક્સી ચાલકો અને યુનિયનના લોકો જોડાયા હતા. ગેરકાયદેસર ચાલતા ટુ વ્હીલર અને ઓનલાઈન એપ્લિકેશનના વિરોધમાં ૨૫ મીએ RTO કચેરીનો ઘેરાવ કરી મોટી સંખ્યામાં રિક્ષા અને ટેક્સી ચાલકો ધરણા અને વિરોધ પ્રદર્શન કરશે.

સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા નિયમો મુજબ ઓનલાઈન એપ્લિકેશનમાં ભાડું ચૂકવવામાં આવતું ન હોવાનો આક્ષેપ કરી રિક્ષા અને ટેક્સી ચાલકોએ યોગ્ય ભાડું આપવાની માંગ કરી હતી. તેમજ ગેરકાયદેસર રીતે ઓનલાઈન એપ્લિકેશનમાં ચાલતાં ટુ-વ્હીલર વાહનો બંધ કરાવવાની પણ માંગ કરવામાં આવી હતી, પરંતુ અનેક વખત રજૂઆત કરવા છતાં RTO દ્વારા માત્ર નોટિસ આપ્યા બાદ કોઈ કાર્યવાહી કરવામાં ન આવતી હોવાનો આક્ષેપ કર્યો છે. જેથી ઓલા, ઉબર, રેપિડો જેવી ઓનલાઈન એપ્લિકેશનને સસ્પેન્ડ કરવાની માંગ સાથે આગામી ૨૫ નવેમ્બરે અમદાવાદ RTO કચેરી ખાતે વિરોધ પ્રદર્શન અને ધરણાં યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ રિક્ષાચાલક એકતા યુનિયનના પ્રમુખ વિજય મકવાણાએ જણાવ્યું હતું કે, અમદાવાદ RTO કચેરીએ ૨૫મીએ મોટી સંખ્યામાં રિક્ષા અને ટેક્સી ચાલકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. આજે બેઠક મળી હતી જેમાં નિયમના લોકો હાજર રહ્યા હતા. અત્યાર સુધી અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી નથી. જેથી હવે ૨૫ તારીખે RTO કચેરીએ લેખિતમાં જવાબ માટે મોટી સંખ્યામાં જઈશું. જ્યાં સુધી અમને લેખિતમાં પોઝિટિવ જવાબ નહીં મળે ત્યાં સુધી અમે RTO કચેરીએ વિરોધ અને ધરણા પ્રદર્શન કરીશું. અમારી મુખ્ય માંગ છે કે ઓલા, ઉબર અને રેપીડો ઓનલાઈન કંપનીઓ અમારૂં શોષણ કરી રહી છે તેમને સસ્પેન્ડ કરવામાં આવે. તેમજ યોગ્ય ભાડું આપવામાં આવતું તો સરકારના નિયમ મુજબ અમને ભાડું આપવામાં આવે અને જે પણ ટુ વ્હીલર ઓનલાઈન એપ્લિકેશનમાં ગેરકાયદેસર ચાલે છે તેને તાત્કાલિક બંધ કરવામાં આવે તે માંગણીઓ નહીં સ્વીકારવામાં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાના છીએ.

બાળકીનો ચહેરો રખડતા શ્વાને ફાડી ખાધ્યાનો મામલો

રખડતા શ્વાન મુદ્દે સાંતેજની સોસાયટી દ્વારા હાઈકોર્ટમાં રીટ : એનિમલ બર્થ કંટ્રોલ રૂલ્સને પડકારાયા

અમદાવાદ, તા.૨૩

સાંતેજ સ્થિત એક હાઉસિંગ સોસાયટીમાં ચાર વર્ષની માસૂમ બાળકી પર રખડતા શ્વાનોએ કરેલા જીવલેણ હુમલાની ઘટના બાદ રોષે ભરાયેલા રહીશોએ હવે કાયદાકીય લડતનું શસ્ત્ર ઉગામ્યું છે. સાંતેજની ગ્લોરી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં એક મહત્ત્વની રિટ અરજી દાખલ કરીને 'એનિમલ બર્થ કંટ્રોલ રૂલ્સ' (પ્રાણી જન્મ નિયંત્રણ નિયમો)ની કાયદેસરતાને પડકારવામાં આવી છે. જો કે, હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ એમ.આર. પાઠક અને જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈની ખંડપીઠે રખડતા શ્વાનનો સમગ્ર મામલો હાલ સુપ્રીમ કોર્ટમાં પડતર હોવાનું અને ટૂંક સમયમાં જ તેના પર ચુકાદો આવવાની શક્યતા હોવાનું નોંધીને આ કેસની વધુ સુનાવણી સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ મુલતવી રાખી છે.

અરજદાર સોસાયટી તરફથી કોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે ગત જુલાઈ મહિનામાં સોસાયટીમાં કામ કરતા એક માળીની ચાર વર્ષની પુત્રી પર રખડતા શ્વાનોએ હુમલો કર્યો હતો. આ હુમલામાં બાળકીના ચહેરા પર ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તે ભારે માનસિક આઘાતમાં સરી પડી હતી. સોસાયટીના સભ્યોએ માનવતા દાખવીને બાળકીની સર્જરી માટે ફાળો એકત્ર કર્યો હતો, પરંતુ રહીશોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સોસાયટીએ કાયદાકીય જોગવાઈઓ સામે સવાલ ઉઠાવ્યા છે.

હાઉસિંગ સોસાયટીએ અરજીમાં એવી દાદ માંગી છે કે ગેટેડ સમુદાય દ્વારા રખડતા શ્વાનોને સોસાયટીની બહાર કાઢવા એ પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા ગણવી જોઈએ નહીં. આ ઉપરાંત, શ્વાન પ્રેમીઓ અને તેમને ખોરાક આપનારા લોકોને માનવીઓ પર થતા શ્વાનના હુમલા બદલ વળતર ચૂકવવા માટે જવાબદાર ઠેરવવા જોઈએ. અરજીમાં એવી પણ માંગણી કરવામાં આવી છે કે શ્વાન પ્રેમીઓ પાસેથી હુમલાના ભોગ બનેલા લોકોને નુકસાન વળતર ચૂકવવાની બાંયધરી લેવામાં આવે તેમજ આવા વ્યક્તિઓ રખડતા શ્વાનોને દત્તક લઈને પોતાના ખાનગી માલિકીના ઘર કે કમ્પાઉન્ડમાં રાખે તેવી યોજના ઘડવા માટે નિર્દેશો આપવામાં આવે.

સોસાયટીએ એનિમલ બર્થ કંટ્રોલ રૂલ્સના નિયમ ૧૧(૮), ૧૧(૧૯) અને નિયમ ૨૦ને બંધારણની કલમ ૧૪, ૧૯, ૨૧ અને ૩૦૦-એ હેઠળ નાગરિકોના મૂળભૂત અધિકારોની વિરુદ્ધ ગણાવ્યા છે. આ નિયમો મુજબ પકડાયેલા શ્વાનોને ખસીકરણ બાદ તે જ વિસ્તારમાં પરત છોડવા પડે છે અને રહેણાંક સોસાયટીઓએ શ્વાનો માટે ખોરાકની જગ્યા ફાળવવી પડે છે. અરજદારોની દલીલ છે કે કોઈપણ કાયદો ખાનગી ગેટેડ સોસાયટીના સભ્યોની બહુમતી ઈચ્છા વિરુદ્ધ તેમની ખાનગી મિલકતમાં રખડતા શ્વાનોના પ્રવેશ કે વસવાટની ફરજ પાડી શકે નહીં. વધુમાં, જે શ્વાને એકવાર કોઈ વ્યક્તિને બચકું ભર્યું હોય તેને ફરી તે જ વિસ્તારમાં ન છોડવો જોઈએ અને તેને શેલ્ટર હોમમાં રાખવામાં આવે તો તે પ્રાણી ક્રૂરતા ગણાય નહીં તેવી સ્પષ્ટતા કરવા પણ હાઈકોર્ટ સમક્ષ માંગણી કરવામાં આવી છે.

શ્વાનને શેલ્ટર હોમમાં રાખવા માંગ

ગાંધીનગરમાં ૭ દિવસીય કોન્ફરન્સમાં ૪,૫૦૦ ઓર્થોપેડિક ડેલિગેટ્સ જોડાશે

અમદાવાદ, તા.૨૩

ગુજરાત હવે ઈન્ડિયન ઓર્થોપેડિક એસોસિએશનની ૭૧મી વાર્ષિક રાષ્ટ્રીય કોન્ફરન્સ (IOACON 2026)ની યજમાની કરવા માટે સજ્જ બન્યું છે. આગામી ૧થી ૬ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર (MMCEC) ખાતે યોજાનારા આ છ દિવસીય વૈજ્ઞાનિક સંમેલનમાં ભારત અને વિદેશના આશરે ૪,૫૦૦ રજિસ્ટર્ડ ડેલિગેટ્સ, ૫૦૦થી વધુ ફેકલ્ટી સભ્યો અને ઓર્થોપેડિક ક્ષેત્રના તબીબી નિષ્ણાતો એક મંચ પર એકત્રિત થશે. ઓર્ગેનાઈઝિંગ ચેરમેન ડૉ. નવીન ઠક્કરે જણાવ્યું હતું કે, "ગુજરાતમાં IOACON ૨૦૨૬ની યજમાની કરવી એ અમારા સમગ્ર ઓર્થોપેડિક પરિવાર માટે ગૌરવની ક્ષણ છે. અમારો મુખ્ય ઉદ્દેશ એક એવું મંચ પૂરું પાડવાનો છે જે વૈજ્ઞાનિક શ્રેષ્ઠતા, પરસ્પર સહયોગ અને ઓર્થોપેડિક સારવારમાં અર્થપૂર્ણ પ્રગતિને વેગ આપે."

અમદાવાદમાં ૬થી ૧૮ વર્ષના શાળા બહારના બાળકોનો સર્વે હાથ ધરાશે

શહેરમાં ૧૬ ડિસેમ્બર સુધી AMC શાળાઓ અને ગ્રામ્યમાં ૪થી ૧૦ ડિસેમ્બર દરમિયાન ઝુંબેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

રાજ્યમાં એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવા ઉમદા આશય સાથે 'સમગ્ર શિક્ષા' અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ માટે અમદાવાદ શહેર અને જિલ્લાના તમામ તાલુકાઓમાં શાળા બહારના બાળકોની ઓળખ કરવા માટે વિશેષ સર્વે હાથ ધરવામાં આવશે. આ ઝુંબેશ અંતર્ગત ૬થી ૧૮ વર્ષની વયજૂથના એવા બાળકો કે જેઓ ક્યારેય શાળાએ ગયા નથી, ધોરણ-૧થી ૧૨નું શિક્ષણ પૂર્ણ કર્યા વિના અધવચ્ચેથી શાળા છોડી દીધી છે.

એડિશનલ જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારીની સંયુક્ત યાદી મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓ દ્વારા ૧૬ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન આ સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે. શહેરના કોઈ પણ વિસ્તારમાં આવા બાળકો ધ્યાને આવે તો નજીકની મ્યુનિસિપલ પ્રાથમિક શાળાના આચાર્યનો સંપર્ક કરી જાણ કરવા નાગરિકોને અનુરોધ કરાયો છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટરની યાદી મુજબ, જિલ્લાના તમામ તાલુકાઓના વિસ્તારોમાં ૪થી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન વિશેષ ઝુંબેશ ચલાવાશે. સમગ્ર શિક્ષા પ્રોજેક્ટ સ્ટાફ, શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) અને સંબંધિત વિભાગો સંયુક્ત રીતે આ સર્વે કરશે. બાળકોના ઉજ્જવળ ભવિષ્યમાં સહભાગી થવાની નૈતિક ફરજ નિભાવવા તંત્ર દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે. આસપાસમાં કોઈ શાળા બહારનું બાળક જણાય તો સર્વે ટીમને સહકાર આપવા અને તેની વિગતો શહેરી વિસ્તારમાં નજીકની મ્યુનિસિપલ શાળાના આચાર્યને તથા જિલ્લા વિસ્તારમાં જે-તે તાલુકાના સી.આર.સી. (CRC) અથવા બી.આર.સી. (BRC) ભવન ખાતે પહોંચાડવા અ

અલ્હાબાદ હાઈકોર્ટે યુપીમાં ગેંગસ્ટર્સ એક્ટના સતત ઉપયોગ પર ઠપકો આપ્યો

સુપ્રીમ કોર્ટ દ્વારા બિનઅસરકારક જાહેર કરવામાં આવ્યા હોવા છતાં યુપી ગેંગસ્ટર્સ એક્ટ હેઠળ કેસ નોંધવાના સતત સંદર્ભમાં, અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું કે, તેને વારંવાર એ નિર્દેશ કરવાની જરૂર નથી કે અધિકારીઓ સુપ્રીમ કોર્ટના નિર્ણયનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા છે, વધુમાં આવા કેસોમાં સામેલ લોકોને હાઈકોર્ટનો સંપર્ક કરવાની ફરજ પાડવામાં આવી રહી છે, જેનાથી 'બંધારણીય અદાલતનો કિંમતી સમય' બગાડવામાં આવી રહ્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

અલ્હાબાદ હાઈકોર્ટે ઉત્તરપ્રદેશ સરકારને પ્રશ્ન કર્યો છે કે, જ્યારે સુપ્રીમ કોર્ટે 'ઉત્તરપ્રદેશ ગેંગસ્ટર એન્ડ એન્ટિ-સોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ, ૧૯૮૬ને બિનઅસરકારક જાહેર કર્યો છે ત્યારે રાજ્યમાં તેનો ઉપયોગ શા માટે થઈ રહ્યો છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈ અનુસાર, કોર્ટે કહ્યું, 'જ્યારે સુપ્રીમ કોર્ટે ઓગસ્ટ ૨૦૨૬માં આ કાયદાથી સંબંધિત કાયદાની સ્પષ્ટતા કરી દીધી છે, તો સત્તાવાળાઓ માટે આ કાયદાની જોગવાઈઓ હેઠળ એફઆઈઆર દાખલ કરવાનું ચાલુ રાખવાનું કોઈ કારણ નથી.' જસ્ટિસ અબ્દુલ મોઈન અને જસ્ટિસ પ્રમોદ કુમારની ડિવિઝન બેંચ બ્રિજેશ કુમાર ઉર્ફે બંટી વર્મા નામની વ્યક્તિની રિટ પિટિશનની સુનાવણી કરી રહી હતી, જેમાં તેણે ૨૩ ઓક્ટોબરે આંબેડકર નગર જિલ્લાના અકબરપુર પોલીસ સ્ટેશનમાં આ કાયદાની કલમ ૩(૧) હેઠળ નોંધાયેલી FIRને પડકારી હતી. સુપ્રીમ કોર્ટના ઓગસ્ટના નિર્ણયને ટાંકીને અરજદારે કહ્યું હતું કે, સત્તાવાળાઓ તેના હેઠળ આગળની કાર્યવાહી ચાલુ રાખી શકે નહીં. લાઇવ લૉ મુજબ ઓગસ્ટ મહિનામાં, સર્વોચ્ચ અદાલતે આ કાયદાને 'નિષ્ક્રિય' જાહેર કર્યો હતો અને કહ્યું હતું કે, આ કાયદો એક અલગ ફોજદારી અધિનિયમ નથી અને માત્ર 'ગેંગસ્ટર' જાહેર કરવાના આધારે કોઈ વ્યક્તિ સામે કાર્યવાહી કરી શકાતી નથી અને સજા કરી શકાતી નથી. ગયા શુક્રવારે કોર્ટે આ મામલામાં એફઆઈઆર પર સ્ટે મૂક્યો હતો અને નિર્દેશ આપ્યો હતો કે, આગામી આદેશો સુધી કોઈ



કાર્યવાહી કરવામાં ન આવે. જો નિયમોનું પાલન નહીં થાય તો અધિકારીએ વ્યક્તિગત રીતે રેકોર્ડ સાથે કોર્ટમાં હાજર રહેવું પડશે તેવી ચેતવણી પણ આપવામાં આવી હતી. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અનુસાર તે જ દિવસે કોર્ટે એ પણ કહ્યું હતું કે, તેને વારંવાર કહેવાની જરૂર નથી કે સત્તાવાળાઓ સુપ્રીમ કોર્ટના નિર્ણયોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા છે. કોર્ટે એમ પણ ઉમેર્યું હતું કે, કેસ સાથે સંકળાયેલા લોકોને હાઈકોર્ટમાં આવવાની ફરજ પાડવામાં આવી રહી છે, જેના કારણે 'બંધારણીય કોર્ટનો કિંમતી સમય' વેડફાઈ રહ્યો છે. કોર્ટે એ પણ ઉલ્લેખ કર્યો છે કે, કેટલાક સરકારી વકીલોએ આ કાયદા હેઠળ વારંવાર એફઆઈઆર નોંધવામાં આવતી હોવાનો મુદ્દો સત્તાવાળાઓ સમક્ષ ઉઠાવ્યો હતો પરંતુ એવું લાગે છે કે, આ સંદર્ભે કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી.

વારાણસી પોલીસની અવાજ પ્રદૂષણ વિરોધી ઝુંબેશ : મસ્જિદમાંથી લાઉડસ્પીકરો હટાવ્યા

(એજન્સી) વારાણસી, તા.૨૩

વારાણસી પોલીસે રવિવારે બપોરે શહેરના નૂર નગર વિસ્તારમાં આવેલી નૂરમાનિયા મસ્જિદમાંથી ત્રણ લાઉડસ્પીકરો હટાવીને જમ કર્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, ધાર્મિક અને જાહેર સ્થળોએ સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ અંગેના નિર્ધારિત નિયમોનું ઉલ્લંઘન કરીને આ લાઉડસ્પીકરો લગાવવામાં આવ્યા હતા. આ કાર્યવાહી બપોરે લગભગ ૧ વાગ્યે દેવ પોખરી સ્થિત મસ્જિદમાં કરવામાં આવી હતી, જે ભેલુપુર પોલીસ સ્ટેશન હેઠળના બજારડીહા પોલીસ આઉટપોસ્ટ વિસ્તારમાં આવે છે. પોલીસના જણાવ્યા મુજબ, આઉટપોસ્ટના ઈન્ચાર્જ પ્રશાંત શિવહરેને માહિતી મળી હતી કે અવાજ પ્રદૂષણ (ધ્વનિ પ્રદૂષણ) નિયંત્રિત કરવા અંગે સરકાર અને હાઈકોર્ટના નિર્દેશોનું ઉલ્લંઘન કરીને લાઉડસ્પીકરોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ માહિતી મળ્યા બાદ, ભેલુપુરના આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP) ગૌરવ કુમાર પોલીસ ટીમ સાથે મસ્જિદ પહોંચ્યા હતા. અધિકારીઓને ત્યાં ત્રણ લાઉડસ્પીકરો મળી આવ્યા, જે તેમના મતે નિર્ધારિત મર્યાદા કરતાં વધુ હતા. પોલીસની દેખરેખ હેઠળ તેમને હટાવી દેવામાં આવ્યા અને ત્યારબાદ જમ કરવામાં આવ્યા. પોલીસ અધિકારીઓએ મસ્જિદ સમિતિના સભ્યો અને ત્યાં હાજર અન્ય લોકોને હાઈકોર્ટના નિર્દેશો તેમજ ધાર્મિક અને જાહેર સ્થળોએ અવાજની મર્યાદા અને લાઉડસ્પીકરના ઉપયોગ અંગેના નિયમો વિશે પણ સમજાવ્યા હતા. કુમારે જણાવ્યું હતું કે, નિર્ધારિત ધોરણોનું ઉલ્લંઘન કરીને લગાવવામાં આવેલા લાઉડસ્પીકરો સામે પોલીસ સતત ઝુંબેશ ચલાવી



રહી છે. તેમણે કહ્યું કે અવાજ પ્રદૂષણના નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે આ અભિયાન ચાલુ રહેશે. પોલીસના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી દરમિયાન સ્થિતિ શાંતિપૂર્ણ રહી હતી અને મસ્જિદ સમુદાયના સભ્યોએ અધિકારીઓને સહકાર આપ્યો હતો. પોલીસે મસ્જિદ પાસે કઈ ચોક્કસ પરવાનગી હતી, કેટલા લાઉડસ્પીકર લગાવવાની મંજૂરી હતી અથવા સ્થળ પર અવાજનું સ્તર કેટલું માપવામાં આવ્યું હતું, તે અંગે કોઈ વિગતો આપી નથી. ઉત્તરપ્રદેશમાં ધાર્મિક અને જાહેર સ્થળોએ લગાવવામાં આવેલા લાઉડસ્પીકરો સામે આવી જ ઝુંબેશો અગાઉ પણ ચલાવવામાં આવી છે. વારાણસીમાં હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહીમાં મસ્જિદમાંથી ત્રણ લાઉડસ્પીકરો હટાવીને જમ કરવામાં આવ્યા હતા.

દિલ્હીની કોર્ટે ૨૦૧૮ના માનહાનિ કેસમાં ધ્રુવ રાઠી વિરુદ્ધ બિન-જામીનપાત્ર વોરંટ જારી કર્યું

આ મામલાની વધુ સુનાવણી ૩ ડિસેમ્બરે થશે, વિગતવાર આદેશની રાહ જોવાઈ રહી છે

(એજન્સી) તા.૨૩

જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અનામ રઈસ ખાને આ વોરંટ જારી કર્યું છે. આ કેસ વિકાસ સંસ્કૃત્યાયન દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો, જે રાઠીની યુટ્યુબ ચેનલ પર અપલોડ કરાયેલા એક વીડિયો સાથે સંબંધિત છે. આ મામલાની વધુ સુનાવણી ૩ ડિસેમ્બરે થશે. વિગતવાર આદેશની રાહ જોવાઈ રહી છે. આ પહેલા ૩૧ ઓક્ટોબરે કોર્ટે રાઠી વિરુદ્ધ નવા જામીનપાત્ર વોરંટ જારી કર્યા હતા. ૧૭ ઓક્ટોબરે કોર્ટે જામીનપાત્ર વોરંટ જારી કર્યા હતા, કારણ કે, નોટિસ આપવા ગયેલા



અધિકારીએ અહેવાલ આપ્યો હતો કે, રાઠીનું ઘર બંધ હતું. કોર્ટે હરિયાણાના ગુરૂગ્રામમાં આવેલા રાઠીના સરનામે તેમને નવું સમન્સ પણ મોકલ્યું હતું. રાઠીના વકીલે જણાવ્યું હતું કે, તેઓ સામાન્ય રીતે ઓસ્ટ્રિયામાં રહે છે અને દિલ્હીમાં 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ના વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેવા માટે ભારત આવ્યા હતા. કોર્ટે નોંધ્યું હતું કે, રાઠીને પહેલીવાર જુલાઈ ૨૦૧૯માં સમન્સ પાઠવવામાં આવ્યું હતું. આ કેસ ૨૦૧૮માં વિકાસ પાંડે દ્વારા દાખલ કરવામાં આવેલી માનહાનિની ફરિયાદમાંથી ઉદ્ભવ્યો છે, જે રાઠી દ્વારા તેમની યુટ્યુબ ચેનલ પર પાંડે વિશે અપલોડ કરાયેલા એક વીડિયોને લઈને કરવામાં આવી હતી.

'બાહુબલીની જેમ વર્તવાનું બંધ કરો' : SPને દોષિત ઠેરવવા બદલ સુપ્રીમ કોર્ટે બિહારના ન્યાયાધીશને ઠપકો આપ્યો

બેન્ચે રોહતાસના તત્કાલીન પોલીસ વડાને દોષિત ઠેરવવા અને FIR નોંધવાના આદેશ પર એક રૂપિયાનો દંડ ફટકારવા બદલ સાસારામના ન્યાયાધીશની ટીકા કરી

(એજન્સી) તા.૨૩

સુપ્રીમ કોર્ટે સોમવારે બિહારના એક ન્યાયિક અધિકારીને કોર્ટના નિર્દેશ મુજબ પ્રથમ માહિતી અહેવાલ (FIR) નોંધવામાં નિષ્ફળતા બદલ પોલીસ અધિક્ષકને દોષિત ઠેરવવા બદલ ઠપકો આપ્યો હતો. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે ન્યાયાધીશના વકીલને કહ્યું કે, તેઓ તેમના ક્લાયન્ટને ન્યાયિક સત્તાનો ઉપયોગ કરતી વખતે 'બાહુબલી જેવું વર્તન કરવાનું બંધ' કરવા કહે.

ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી. મોહના પણ સામેલ હતા. બેન્ચ, રોહતાસના તત્કાલીન પોલીસ અધિક્ષક આઈપીએસ અધિકારી રોશન કુમાર સામેના ચુકાદાને સ્ટે આપવાના પટના હાઈકોર્ટના આદેશને પડકારતી ન્યાયિક અધિકારી અનિલ કુમારની અરજી પર સુનાવણી કરી રહી હતી.

ન્યાયાધીશ બાગચીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૩૮૪ અને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૩૪૫ના ન્યાયાધીશના ઉપયોગ પર પ્રશ્ન ઉઠાવ્યો. તેમણે કહ્યું કે, જોગવાઈઓ કોર્ટની સામે કરવામાં આવેલા ગુનાઓ, જેમ કે કોર્ટનો દુરૂપયોગ કરવો અથવા નિર્દેશિત થયા પછી કોર્ટરૂમ છોડવાનો ઈન્કાર કરવો, સાથે વ્યવહાર કરે છે. કોર્ટના આદેશો પર FIR નોંધવામાં નિષ્ફળતા તે અવકાશની બહાર હતી, તેમણે કહ્યું. 'કાયદા પ્રત્યેની તમારી સમજ ભયાનક છે,' ન્યાયાધીશ બાગચીએ મૌખિક ટિપ્પણી કરી, પોલીસ અધિકારીને સમન્સ મોકલવા અને તે જ દિવસે તેમને દોષિત ઠેરવવા બદલ ન્યાયાધીશની ટીકા કરી. તેમણે નિરીક્ષણ કરનાર ન્યાયાધીશના હસ્તક્ષેપ સામે ન્યાયાધીશના વાંધો ઉઠાવવા પર પણ પ્રશ્ન ઉઠાવ્યો



અને પૂછ્યું કે શું તેમણે જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકને સમન્સ મોકલીને અને તેમની ગેરહાજરીને કોર્ટ સમક્ષ કરેલા ગુના તરીકે ગણીને તેમના અધિકારક્ષેત્રમાં કાર્ય કર્યું છે.

આ કેસ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાસારામની વધારાની સેશન્સ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાથી ઉદ્ભવ્યો છે. અનિલ કુમારે રૌશન કુમારને ૨૦૨૩માં નક્કી કરાયેલા ફોજદારી કેસમાં ખોટા પુરાવા આપનાર વ્યક્તિ સામે FIR નોંધવાના આદેશનો ઈરાદાપૂર્વક અનાદર કરવા બદલ દોષિત ઠેરવ્યા હતા. તેમણે ૧ રૂપિયાનો પ્રતીકાત્મક દંડ ફટકાર્યો.

જજે બિહારના પોલીસ મહાનિર્દેશકને અધિકારીના સર્વિસ રેકોર્ડમાં કોર્ટના અવલોકનો દાખલ કરવાનો પણ નિર્દેશ આપ્યો અને કેન્દ્ર સરકારને IAS અને IPS અધિકારીઓ માટે તાલીમમાં ફેરફાર કરવા હાકલ કરી. ત્યારબાદ પટણા હાઈકોર્ટે આદેશ પર રોક લગાવી.

ભારતમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં મુસ્લિમોને નિશાન બનાવાઈ રહ્યા છે : યુએસ ધાર્મિક સ્વતંત્રતા પંચ

ભારતના ઈતિહાસમાં મતદારોને દૂર કરવાની સૌથી મોટી ઘટના મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં ૧૩ કરોડ નામો હટાવી દેવાયા

(એજન્સી) વોશિંગ્ટન/નવી દિલ્હી, તા.૨૩

યુએસના ધાર્મિક સ્વતંત્રતા પંચે ગુરુવારે જણાવ્યું હતું કે, ભારતમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા દરમિયાન ધાર્મિક લઘુમતીઓને નિશાન બનાવવાની ઘટનાઓમાં વધારો થયો છે. આ પ્રક્રિયા હેઠળ દેશભરમાંથી કરોડો લોકોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. યુએસ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (USCIRF)ના અધ્યક્ષ આસિફ મહમૂદે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ભારત સરકાર મુસ્લિમ નાગરિકોને મતદાર યાદીમાંથી દૂર કરીને, તેમને 'વિદેશી' ગણાવીને અને હવે ગેરકાયદેસર રીતે દેશનિકાલ કરીને નિશાન બનાવી રહી છે." USCIRFએ મહમૂદને ટાંકીને વધુમાં જણાવ્યું હતું કે, આ કાર્યવાહી એવા સમયે થઈ રહી છે જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુસ્લિમોને 'ઘૂસણખોરો' ગણાવ્યા છે અને તેમને દેશમાંથી હાંકી કાઢવાની વાત કરી છે. ૨ નવેમ્બરના રોજ, અમિત શાહે દાવો કર્યો હતો કે 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) દરમિયાન મતદાર યાદીમાંથી દૂર કરાયેલા ૩ કરોડ મતદારોમાં 'બાંગ્લાદેશી ઘૂસણખોરો'નો સમાવેશ થાય છે. ૫ નવેમ્બરના રોજ હરિયાણામાં એક રેલી દરમિયાન તેમણે વધુ સ્પષ્ટતા કરતા કહ્યું: "ભાજપનો સંકલ્પ છે કે અમે ઘૂસણખોરોને શોધી કાઢીશું, તેમને મતદાર યાદીમાંથી દૂર કરીશું અને ત્યારબાદ તેમને એક પછી એક શોધીને દેશમાંથી હાંકી કાઢીશું." ભારતના ઈતિહાસમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા દરમિયાન ૧૩ કરોડ (૧૩૦ મિલિયન) નામો હટાવી દેવામાં આવ્યા છે, જે મતદારોને દૂર કરવાની અત્યાર સુધીની સૌથી મોટી ઘટના છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા આંકડા મુજબ, 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR)ના પ્રથમ બે તબક્કાઓ દરમિયાન - જેમાં ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો આવરી લેવાયા હતા - ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી લગભગ ૭.૨ કરોડ નામો દૂર કરવામાં આવ્યા હતા. હાલમાં ચાલી રહેલા ત્રીજા તબક્કામાં, જેમાં ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે, અત્યાર સુધીમાં ૬.૧૬ કરોડ નામો હટાવી દેવામાં આવ્યા છે. ૨૦૨૫માં બિહારમાં પહેલો તબક્કો હાથ ધરવામાં આવ્યો હતો. ૨૦૨૫ના અંતમાં અને ૨૦૨૬ના પહેલા ભાગમાં બીજા તબક્કામાં તેને ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લંબાવવામાં આવ્યો હતો. ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતા ત્રીજા તબક્કાની કામગીરી ચાલી રહી છે. ડેટા દર્શાવે છે કે આ બાદબાકી ભારતના સૌથી મોટા લઘુમતી મુસ્લિમોને અપ્રમાણસર રીતે અસર કરે છે, જેમણે ૨૦૧૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હિન્દુ રાષ્ટ્રવાદી ભારતીય જનતા પાર્ટીએ સત્તા સંભાળી ત્યારથી અધિકાર જૂથો દ્વારા બાકાત નીતિઓ અને વધતા ભેદભાવનો સામનો કર્યો છે. પશ્ચિમ બંગાળમાં, જ્યાં સુધારો સૌથી વધુ ચાલી રહ્યો છે, આ વર્ષની શરૂઆતમાં રાજ્યની ચૂંટણીઓ પહેલાં લગભગ ૯૦ લાખ નામો કાપી નાખવામાં આવ્યા હતા. કોલકાતા સ્થિત સાબર ઈન્સ્ટિટ્યૂટના જણાવ્યા અનુસાર, વસ્તીના ૨૩% હોવા છતાં, નજીકથી સમીક્ષા કર્યા પછી કાઢી નાખવામાં આવેલા ૨૩ લાખ નામોમાંથી મુસ્લિમો લગભગ ૭૦% હતા. ભાજપે તે મતદાનમાં વિજય મેળવ્યો અને પહેલીવાર રાજ્યનો કબજો મેળવ્યો. "અમે સત્તા વિરોધી પરિબળને નકારી શકતા નથી, પરંતુ મતદારોના નામ કાઢી નાખવાથી પશ્ચિમ બંગાળના ચૂંટણી પરિણામો નક્કી કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી," સંસ્થાના સ્થાપક, સાબીર અહમદે જણાવ્યું હતું. શંકાસ્પદ ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને ઓળખવા અને તેમને બહાર કાઢવા માટે એક અલગ ઝુંબેશ સાથે સુધારો ગૂંચવાઈ ગયો છે, જોકે યાદીમાંથી નામ કાઢી નાખવાથી કોઈ વિદેશી છે તે સ્થાપિત થતું નથી. મે મહિનામાં, સુપ્રીમ કોર્ટે સુધારાની કાયદેસરતાને સમર્થન આપ્યું હતું, પરંતુ કહ્યું હતું કે આ કવાયતનો અર્થ એ નથી કે ચૂંટણી પંચ નક્કી કરી શકે કે કોઈ વ્યક્તિ ભારતીય નાગરિક છે કે નહીં. આમ છતાં, ભાજપ શાસિત રાજ્યોએ SIRનો ઉલ્લેખ કરીને યાદીમાંથી કાઢી નાખવામાં આવેલા લોકોને રેશનકાર્ડ આપવાનો ઇન્કાર કર્યો છે. કેટલાક કિસ્સાઓમાં, પોલીસે તેમના પાસપોર્ટ રિન્યૂ કરવાની પરવાનગી આપવાનો ઇન્કાર કર્યો છે. દસ પરિવારો જેમના સંબંધીઓને સુધારેલા યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા બાદ અટકાયતમાં લેવામાં આવ્યા હતા, દેશનિકાલ કરવામાં આવ્યા હતા અથવા તેમની નાગરિકતા અંગે પૂછપરછ કરવામાં આવી હતી, તેમનો રોઇટર્સ દ્વારા ઇન્ટરવ્યૂ લેવામાં આવ્યો હતો. બધા પાસે ભારતીય ઓળખ અથવા કૌટુંબિક દસ્તાવેજો હતા, જ્યારે માતાપિતા અને ભાઈ-બહેનો સહિતના સંબંધીઓ મતદાર યાદીમાં રહ્યા. તેમાંથી એક, ૩૮ વર્ષીય સાહિદા ફકીર, ૧૯ જુલાઈના રોજ શાકભાજી ખરીદવા માટે તેના મુંબઈના ઘરની બહાર નીકળી હતી. ત્રણ મહિનાથી વધુ સમય પછી, તે બાંગ્લાદેશના એક ગામમાં રહેતી હતી, જ્યાં તે તેના પતિ અને બે પુત્રોથી અલગ થઈ ગઈ હતી. ફકીરે જણાવ્યું કે સાદા વેશમાં આવેલા અધિકારીઓએ તેને અટકાયતમાં લીધી, તેનો ફોન જમ કર્યો (જેમાં તેના ઓળખ દસ્તાવેજોની નકલો હતી) અને આખરે તેને સરહદ પાર જવા માટે મજબૂર કરી. કોર્ટમાં રજૂ કરાયેલા દસ્તાવેજો દર્શાવે છે કે આ અધિકારીઓ મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચના હતા. ઓગસ્ટ મહિનામાં તેના પરિવાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી એક અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવાથી નાગરિકતા નક્કી થઈ શકતી નથી અને માત્ર કોઈ "ચકાસણી ન થયેલા વહીવટી દાવા"ના આધારે તેને યાદીમાંથી દૂર કરી શકાય નહીં. કલકત્તા હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અન્ય એક અરજીમાં, વાસણો વેચનાર નસીરુદ્દીન શેખ અને



અન્ય ચાર વ્યક્તિઓએ જણાવ્યું હતું કે મતદાર યાદીમાંથી તેમના નામ કાઢી નાખવામાં આવ્યા બાદ તેમને અટકાયતમાં લેવામાં આવ્યા હતા, જ્યારે હકીકતમાં આ નામ કાઢી નાખવાના નિર્ણય સામેની અપીલો વિશેષ ટ્રિબ્યુનલોમાં પેન્ડિંગ (વિચારણા હેઠળ) હતી. "એક પોલીસકર્મીએ મને કહ્યું, 'તારું નામ મતદાર યાદીમાં નથી...'"" યાદી. તમે બાંગ્લાદેશી છો," શેખે કહ્યું. "ભારત સરકાર દ્વારા તેમના મુસ્લિમ ધર્મના આધારે પોતાના નાગરિકોને હાંકી કાઢવા એ ધાર્મિક લઘુમતીઓને નિશાન બનાવતી યુક્તિઓનો આઘાતજનક વધારો છે," યુએસ પેનલના કમિશનર જીન મિલ્સે જણાવ્યું. મિલ્સે વિદેશ વિભાગને યુએસ અને ભારતની સ્વતંત્રતાના "વ્યવસ્થિત અને ગંભીર" ઉલ્લંઘનો માટે ભારતને "ખાસ ચિંતાનો દેશ" તરીકે નિયુક્ત કરવા વિનંતી કરી. USCIRF એ યુએસ સરકારની દ્વિપક્ષીય સંસ્થા છે જે વિશ્વભરમાં ધાર્મિક સ્વતંત્રતાનું નિરીક્ષણ કરે છે અને નીતિ ભલામણો કરે છે, જે બંધનકર્તા નથી. વોશિંગ્ટને ભારત પરની તેની તાજેતરની ભલામણો પર કોઈ કાર્યવાહી કરી નથી. તેના ૨૦૨૬ના વાર્ષિક અહેવાલમાં પણ, પેનલે ભલામણ કરી હતી કે વિદેશ વિભાગ ભારતને "વ્યવસ્થિત, ચાલુ અને ગંભીર ધાર્મિક સ્વતંત્રતા ઉલ્લંઘનો"માં સામેલ થવા બદલ ખાસ ચિંતાનો દેશ તરીકે નિયુક્ત કરે. આ મુદ્દા પર એક અમેરિકી સાંસદ દ્વારા કરવામાં આવેલી પહેલી ટિપ્પણી બાદ પેનલનું નિવેદન આવ્યું છે. બુધવારે, ભારતીય મૂળના કોંગ્રેસવુમન પ્રમિલા જયપાલે જણાવ્યું હતું કે તેઓ એવા અહેવાલોથી "ખૂબ જ ચિંતિત" છે કે ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી લગભગ ૧૩ કરોડ નામો દૂર કરવામાં આવ્યા છે, તેમણે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓનું આહ્વાન કર્યું અને અહિંસક વિરોધ પ્રદર્શનોને સમર્થન આપ્યું. ભારતના વિદેશ મંત્રાલયે USCIRFને પક્ષપાતી ગણાવ્યું છે. નવી દિલ્હીએ વારંવાર આવી ટીકાને ફગાવી દીધી છે અને તેને દેશના આંતરિક બાબતોમાં દખલગીરી ગણાવી છે. વોશિંગ્ટનમાં ભારતીય દૂતાવાસે ટિપ્પણી માટેની વિનંતીનો જવાબ આપ્યો નથી. વિદેશ મંત્રાલયે હજુ સુધી કમિશનના તાજેતરના આરોપોનો જવાબ આપ્યો નથી. પરંતુ તેણે અગાઉ કહ્યું હતું કે પેનલ પાસે "પક્ષપાતી અને રાજકીય રીતે પ્રેરિત મૂલ્યાંકન જારી કરવાની પદ્ધતિ" છે. ૧૪ નવેમ્બરના રોજ, અમેરિકામાં ભારતીય રાજદૂતે કહ્યું કે કમિશને પોતાના "પૂર્વગ્રહો" પર આત્મનિરીક્ષણ કરવું જોઈએ અને "બીજાઓને ભાષણ આપવાનું બંધ કરવું જોઈએ," પેનલે સોશિયલ મીડિયા પર જેલમાં બંધ કાર્યકર્તા શર્જિલ ઇમામની પ્રોફાઇલ શેર કર્યા પછી. પેનલે એક દિવસ પહેલા કહ્યું હતું કે ઇમામ "ધાર્મિક સ્વતંત્રતાની હિમાયત કરવા બદલ ભારતમાં અટકાયતમાં લેવાયેલો મુસ્લિમ વ્યક્તિ છે." આ કાર્યકર્તા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ કાયદા હેઠળ નોંધાયેલા ૨૦૨૦ના દિલ્હી રમખાણોના કાવતરાના કેસમાં છ વર્ષથી વધુ સમયથી જેલમાં છે. ટ્રાયલ હજુ શરૂ થવાની બાકી છે. ભારતના ચૂંટણી પંચે કહ્યું છે કે તે ડુપ્લિકેટ, મૃત, સ્થળાંતરિત અને અન્યથા અયોગ્ય મતદારોને દૂર કરી રહ્યું છે અને ભૂલથી બાકાત રાખવામાં આવેલ કોઈપણ વ્યક્તિ અપીલ કરી શકે છે. તેણે કહ્યું છે કે જે વાસ્તવિક મતદારોના નામ અજાણતામાં બાકાત રાખવામાં આવ્યા છે તેઓ દ્વાવા અને વાંધા પ્રક્રિયા દ્વારા અને ત્યારબાદ ફોર્મ ૬ દ્વારા સમાવેશની માંગ કરી શકે છે. મતદાર યાદીમાં સુધારાઓએ તાજેતરના અઠવાડિયામાં વિરોધ પ્રદર્શનો શરૂ કર્યા હતા, જેમાં વિપક્ષી જૂથો અને વિદ્યાર્થી પ્રદર્શનકારીઓએ કહ્યું હતું કે સુધારાઓએ હિન્દુ રાષ્ટ્રવાદી ભાજપને મત આપવાની શક્યતા ન હોય તેવા લોકોને અસર કરી હતી. અધિકાર નિષ્ણાતોએ વિરોધ પ્રદર્શનો પર ભારતના કડક પગલાંની નિંદા કરી હતી. ૨ ઓક્ટોબરથી, ચૂંટણી પંચની કામગીરી અંગે ચિંતાઓ અને મતદાર યાદીમાં સુધારો કરવામાં આવી રહ્યો છે તેમાં કથિત અનિયમિતતાઓને લઈને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ ગયા મહિને કહ્યું હતું કે આ મુદ્દો "ઘરેલું રાજકીય મામલો" છે અને વોશિંગ્ટન તેના પર કોઈ ટિપ્પણી કરશે નહીં. યુએનના નિષ્ણાતો અને માનવાધિકાર જૂથો કહે છે કે મોદીના શાસનકાળમાં લઘુમતીઓ પર અત્યાચાર વધ્યો છે. તેઓ વધતા નફરતભર્યા ભાષણ, ધર્મ આધારિત નાગરિકતા કાયદો જેને યુએન "મૂળભૂત રીતે ભેદભાવપૂર્ણ" કહે છે, મુસ્લિમોની માલિકીની મિલકતોનો નાશ, મુસ્લિમ બહુમતી ધરાવતા કાશ્મીરની સ્વાયત્તતાને દૂર કરવા અને ધર્માંતરણ વિરોધી કાયદા તરફ ધ્યાન દોરે છે જે માન્યતાની સ્વતંત્રતાને પડકારે છે. ભારત સરકાર ભેદભાવપૂર્ણ હોવાનો ઇનકાર કરે છે અને કહે છે કે ખાદ્ય સબસિડી કાર્યક્રમો અને વીજળીકરણ અભિયાન સહિતની તેની નીતિઓ તમામ સમુદાયોને લાભ આપે છે.

જો પાકિસ્તાન આતંકવાદી જૂથોને સમર્થન આપવાનું બંધ કરે તો દક્ષિણ એશિયામાં શાંતિ શક્ય છે : મનીષ તિવારી

કોંગ્રેસ સાંસદે ભાજપને રાષ્ટ્રીય રાજકારણ કરતાં સ્થાનિક નાગરિક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી

(એજન્સી) તા.૨૩

કોંગ્રેસ સાંસદ મનીષ તિવારીએ સોમવારે કહ્યું કે જો પાકિસ્તાન આતંકવાદને પ્રોત્સાહન આપવાનું બંધ કરે અને તેની ધરતી પરથી કાર્યરત આતંકવાદી સંગઠનો સામે નક્કર કાર્યવાહી કરે તો સમગ્ર દક્ષિણ એશિયામાં શાંતિ સ્થાપિત થઈ શકે છે. પહલગામ આતંકવાદી હુમલાના લગભગ ૧૯ મહિના પછી અને પાકિસ્તાનના આબોહવા પરિવર્તન મંત્રી મુસાદિક મસૂદ મલિકે આતંકવાદનો સામનો કરવા માટે પુરાવા આધારિત ચર્ચાઓ અને સામૂહિક પ્રાદેશિક અભિગમની હાકલ કર્યાના એક દિવસ પછી તેમની ટિપ્પણી આવી. મલિકે દાવો કર્યો હતો કે પાકિસ્તાનમાં હજારો લોકો ઉગ્રવાદનો ભોગ બન્યા છે અને દેશોને પારદર્શક રીતે તથ્યો અને પુરાવા શેર કરવા વિનંતી કરી. તેમણે એક મંચ સ્થાપવાનો પણ પ્રસ્તાવ મૂક્યો જ્યાં દેશો તેમની ચિંતાઓ ઉઠાવી શકે અને તેનું નિરાકરણ લાવી શકે, એવી દલીલ કરી કે આતંકવાદ એક પ્રાદેશિક પડકાર છે જેના માટે સામૂહિક કાર્યવાહીની જરૂર છે. IANS સાથેની વાતચીતમાં મલિકની ટિપ્પણીનો જવાબ આપતા, તિવારીએ કહ્યું કે પાકિસ્તાને પ્રદેશમાં શાંતિ સુનિશ્ચિત કરવા માટે આતંકવાદી સંગઠનોને ટેકો આ

AICC સચિવોની નિમણૂક મામલે મુસ્લિમોની અવગણનાથી સમાજમાં નારાજગી

આખા ભારતમાં ૮૧ સચિવોની નિમણૂકમાં માત્ર ૬ મુસ્લિમ આગેવાન

ગુજરાતમાંથી એક પણ મુસ્લિમની નિમણૂક નહીં

અમદાવાદ, તા.૨૩

ઓલ ઇન્ડિયા કોંગ્રેસ સમિતિ દ્વારા તાજેતરમાં થયેલી AICC સચિવોની નિમણૂક પ્રક્રિયાને લઈને ગુજરાતના મુસ્લિમ સમાજ અને આગેવાનોમાં એક અણગમો અને નારાજગી જોવા મળી છે. આખા ભારતમાંથી ૮૧ સચિવોની નિમણૂંકમાં ફક્ત ૬ મુસ્લિમ આગેવાનોને સ્થાન આપવામાં આવ્યું છે.

વર્ષોથી કોંગ્રેસની સમર્પિત રહેલી અને કોંગ્રેસને જીવંત રાખનારા કોંગ્રેસના મુસ્લિમ કાર્યકર્તાઓને પણ મુસ્લિમ સમાજની અવગણના થતી હોય તેવી લાગણી ઉભરીને આવી રહી છે. સંગઠન સૃજન અભિયાન. અંતર્ગત ગુજરાતમાંથી જિલ્લા પ્રમુખોની નિમણૂક થઈ ત્યારે પણ એક પણ જિલ્લા પ્રમુખ મુસ્લિમ સમાજમાંથી આપવામાં આવ્યું ન હતું. જ્યારે સંગઠન સૃજન પેહલા પણ માત્ર એક જિલ્લા પ્રમુખ હતા યાસીન ગજજન જેઓ દ્વારકા જિલ્લાના પ્રમુખ હતા.

રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતમાંથી છેલ્લે ૨૦૧૭ સુધી ઈશાદ બેગ મિર્ઝા રાષ્ટ્રીય સચિવ તરીકે કાર્યરત હતા અને ૨૦૨૦ સુધી અહેમદ પટેલ રાષ્ટ્રીય સ્તરે સોનિયાજીના સલાહકાર તરીકે કાર્યરત હતા. બંને સિનિયર નેતાઓના અવસાન બાદ કોઈ પણ મુસ્લિમ આગેવાનને રાષ્ટ્રીય સ્તરની જવાબદારી આપવામાં આવી નથી. મુસ્લિમ સમાજની નેતાગિરી અને સક્ષમ કાર્યકર્તાઓની ઉપેક્ષા કરવામાં આવતી હોય એવું સમાજ અને કાર્યકર્તાઓના અંદરો અંદર ચર્ચાનો વિષય બન્યું છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસ સમિતિના મુસ્લિમ આગેવાનોએ પણ આ જ રીતે અવગણનાનો સામનો કરવો પડ્યો છે. મહારાષ્ટ્રમાંથી પણ એક પણ મુસ્લિમ કોંગ્રેસી કાર્યકર્તાને રાષ્ટ્રીય સચિવની પદવી આપવામાં આવી નથી.

જોકે મહારાષ્ટ્રના મુસ્લિમ આગેવાનો આ અન્યાય સામે અવાજ ઉઠાવવા માં સક્ષમ સાબિત થયા છે જ્યારે ગુજરાતમાંથી કોઈ કોંગ્રેસી નેતા અથવા આગેવાન આ અન્યાય સામે વિરોધ નોંધાવી શક્યું નથી.અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત તરફથી નઈમ બેગ મિર્ઝા અને શાહનવાઝ શેખ દ્વારા એ.આઈ.સી.સી.ના સચિવ માટે ઈન્ટરવ્યૂ આપવામાં આવ્યા હતા. એમ ગુજરાતમાંથી માત્ર ૨ મુસ્લિમ નેતાઓ આ પ્રક્રિયામાં ભાગીદાર થઈ શક્યા હતા. શિક્ષિત અને સક્ષમ એવા આ બન્નો યુવાઓમાંથી એક એકને પણ આ યાદીમાં સમાવવામાં આવ્યા નથી.

બીજી બાજુ સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદ શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિરોધ પક્ષના નેતા તરીકે શહેઝાદખાન પઠાણના સમર્થનમાં અધિકાંશ કોર્પોરેટરોએ સેન્સ આપ્યો હોવા છતાં તેમના નામ પર આટલો સમય વિત્યા પછી પણ મોહર લાગી નથી. અમદાવાદ મહાનગરપાલિકામાં કોંગ્રેસના સર્વાધિક કોર્પોરેટરો મુસ્લિમ હોય, અમદાવાદ મહાનગરપાલિકા માં વિરોધ પક્ષના નેતા તરીકે મુસ્લિમ સમાજમાંથીજ પસંદગી થવી જોઈએ તે સ્વાભાવિક છે અને સમાજની લાગણી પણ છે.

આવનારા સમયમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી છે અને જો મુસ્લિમ સમાજને આમ અણદેખો કરવામાં આવશે તો કાર્યકર્તાઓનું મનોબળ તુટસે. આગામી ચૂંટણીમાં AIMIM અને BJP મુસ્લિમ બહુલ વિસ્તારોમાં સક્રિય છે, મુસ્લિમ સમાજની અવગણના થયા ના આવા અનેક ઉદાહરણોને AIMIM અને BJP, કોંગ્રેસ વિરુદ્ધ ચૂંટણી દરમ્યાન હથિયાર બનાવી શકે છે.

અમદાવાદ ખાતે ૨૮ નવેમ્બરે સાદાત એડવોકેટ એસોસિએશનનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાશે

૪૦ વર્ષથી વધુ સમયથી વકીલાત કરનારને સાદાત રત્નથી સન્માનિત કરાશે

અમદાવાદ, તા.૨૩

ગુજરાત સાદાત એડવોકેટ એસોસિએશન દ્વારા એડવોકેટ મિત્રોના સ્નેહ મિલનનો કાર્યક્રમ આગામી ૨૮મી નવેમ્બરને શનિવારના રોજ ૧૦ કલાકે 'ગુજરાત ટુડે' પ્રેસના હોલમાં શાહઆલમ અમદાવાદ ખાતે રાખેલ છે. સદર કાર્યક્રમમાં સમાજના ૪૦ વર્ષથી વધુ સમયથી વકીલાત કરનાર વકીલ મિત્રોને સાદાત રત્નથી સન્માનિત કરવામાં આવશે. સદર કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ જનાબ ઝેડ.કે. સૈયદ (ગુજરાત હાઈકોર્ટના રિટાયર્ડ જસ્ટિસ) મુખ્ય મહેમાન જનાબ ડો.નસીમ કાદરી (સિનિયર એડવોકેટ) અતિથિ વિશેષ જનાબ અબરારઅલી એસ. સૈયદ (સિનિયર એડવોકેટ) અતિથિ વિશેષ જનાબ મોહમ્મદ સુહેલ તિરમીજી (સિનિયર એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ) ખાસ ઉપસ્થિત રહેશે. સદર કાર્યક્રમમાં જે સાદાત મિત્રોએ રજિસ્ટ્રેશન કરાવેલ છે તે વકીલોને ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે. એમ ગુજરાત સાદાત એડવોકેટ એસોસિએશનના પ્રમુખ જનાબ શબ્બીર પીરઝાદા અને સેક્રેટરી જનાબ એઝાઝ કાદરીએ એક સંયુક્ત યાદીમાં જણાવ્યું છે.

ગુજરાત સાદાત એડવોકેટ એસોસિએશન દ્વારા સન્માન પામનાર એડવોકેટ

ક્રમ	નામ	પ્રેક્ટિસ વર્ષ
૧.	જનાબ એમ.ટી.રીફાઇ	૫૨
૨.	જનાબ કાજી સિરાજુદ્દીન રૂકનોદ્દીન	૫૧
૩.	જનાબ ગુલહમીદ જી.સૈયદ	૫૦
૪.	જનાબ મુમતાજહુસેન અબ્દુલ્લામીયા બુખારી	૫૨
૫.	જનાબ સૈયદ ઇદ્રીસહુસેન બાપુમીયા	૪૩
૬.	જનાબ અબરારઅલી એસ.સૈયદ	૪૨
૭.	જનાબ કે.કે. સૈયદ	૪૨
૮.	જનાબ સૈયદ અશરફઅલી અમીરમીય	૪૨
૯.	જનાબ સૈયદ મહેબુબઅલી હૈદરઅલી	૪૧
૧૦.	જનાબ શમીમ એ.પીરજાદા	૪૦
૧૧.	જનાબ સૈયદ સૌકતઅલી જાવરઅલી	૪૦

હિંમતનગરમાં કડવા પાટીદાર સમાજનું સંયુક્ત સ્નેહમિલન યોજાયું

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૩

હિંમતનગરના મોટી ગ્રાઉન્ડ ખાતે શ્રી ઉમિયા પરિવાર સંચાલિત શ્રી સમસ્ત કડવા પાટીદાર સમાજ દ્વારા સંયુક્ત સ્નેહમિલન કાર્યક્રમ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હિંમતનગરમાં વસવાટ કરતા ૧૪ ગોળના પ્રમુખો, મંત્રીઓ, કારોબારી સમિતિના સભ્યો સહિત મોટી સંખ્યામાં સમાજના પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. સમાજમાં એકતા, સંગઠન અને સામાજિક ઉત્થાનના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ સામાજિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન સમાજની ૧૪ ગોળની અલગ-અલગ વ્યવસ્થાઓને એક મંચ પર લાવી સંગઠન વધુ મજબૂત બનાવવા પર ભાર મૂકાયો હતો. દીકરા-દીકરીઓના લગ્નસંબંધો સમાજમાં જ થાય, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પરસ્પર સહયોગ વધે તેમજ જરૂરિયાતમંદ પરિવારોને સમાજનો સહારો મળી રહે તે અંગે આગેવાનોએ માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત સમાજના ડોક્ટરો, એન્જિનિયરો અને સફળ ઉદ્યોગપતિઓ પોતાના અનુભવ અને જ્ઞાનનો લાભ યુવા પેઢીને આપે તેવી ભાવના વ્યક્ત કરવામાં આવી હતી. યુવાધન વ્યસનોથી દૂર રહી શિક્ષણ અને કારકિર્દી તરફ આગળ વધે, સામાજિક પ્રસંગો ઓછા ખર્ચે યોજાય તેમજ પ્લાસ્ટિક અને કાગળનો ઉપયોગ ટાળી પર્યાવરણમૈત્રી આયોજન કરવામાં આવે તેવો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

પંજાબમાં રિવોલ્વરની અણીએ કાર લૂંટવાના બનાવનો આરોપી વડોદરાથી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

પંજાબમાં એક સપ્તાહ પહેલા કાર લૂંટી લેવાના બનાવમાં એક આરોપીને વડોદરા પોલીસે ઝડપી પાડી પંજાબ પોલીસને જાણ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પંજાબના પઠાણકોટ જિલ્લાના સુજાનપુર ખાતે ગઈ તા.૧૫મી નવેમ્બરે એક પરિવાર કારમાં આવ્યું હતું અને મોલ પાસે ઉતરી અંદર ખરીદી કરવા ગયું હતું. જ્યારે કાર સાથે ડ્રાઇવર મોલ પાસે બેસી રહ્યો હતો. આ વખતે તેની છાતી પર રીવોલર મૂકી દેવામાં આવી હતી અને ધમકાવીને કારની લૂંટ ચલાવવામાં આવી હતી. જે ગુનામાં પંજાબ પોલીસે તપાસ કરતા આરોપી વડોદરામાં હોવાનું જણાઈ આવ્યું હતું જેથી વડોદરા પોલીસની મદદ લીધી હતી. પોલીસે આરોપીનું લોકેશન શોધી તેને કારેલીબાગ મેન્ટલ હોસ્પિટલ પાસે વિકલ નગર નજીકથી તેને ઝડપી પાડ્યો હતો. પંજાબ પોલીસને જાણ કરાતા ટૂંક સમયમાંઆરોપીને સોંપવામાં આવશે.

વડોદરા : બસમાં ધક્કામુક્કીનો લાભ લઈ તસ્કરે મહિલાના ગળામાંથી સોનાની ચેઈન તફડાવી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

જાહેર પરિવહનની બસોમાં મુસાફરી દરમિયાન ચોરીના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે વડોદરા-ફાગવેલ રૂટની ST બસમાં મુસાફરી કરવા માટે ચઢી રહેલી એક મહિલાના ગળામાંથી સોનાની ચેઈન ચોરી થવાની ઘટના બની છે. મળતી માહિતી મુજબ, નિઝામપુરા વિસ્તારમાં રહેતા ઈલાબેન ખ્રિસ્તી નામની મહિલા વડોદરા-ફાગવેલ રૂટની ST બસમાં ચઢી રહી હતી ત્યારે બસમાં મુસાફરોની ભારે ભીડ અને ધક્કામુક્કીનો લાભ લઈને અજાણ્યો તસ્કર મહિલાના ગળામાંથી સોનાની ચેઈન તફડાવી ગયો હતો. ચોરી થયેલી ચેઈન આશરે ૧૫ ગ્રામ વજનની અને અંદાજે રૂા.૮૦ હજારની કિંમતની હોવાનું જાણવા મળ્યું છે.

મહિલાને ચેઈન ચોરી થયાની જાણ થતાં જ આસપાસ તપાસ કરી હતી, પરંતુ તસ્કર ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ બનાવને પગલે બસમાં મુસાફરી કરતા મુસાફરોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.

વડોદરામાં સ્નેહ મિલનમાં ધારાસભ્યના આકરા પ્રહારો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

વડોદરા જિલ્લા અને શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને મજબૂત બનાવવા અને કાર્યકરો સાથે સંવાદ સાધવાના હેતુથી વિધાનસભા કક્ષાએ સ્નેહ મિલન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં ભાજપના આગેવાનો, પદાધિકારીઓ, ધારાસભ્યો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ પોતાના સંબોધનમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી સંસદમાં ચર્ચા કરવાને બદલે બહાર નિવેદનબાજી કરે છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચર્ચા કરવાની વાતો કરે છે. તેમણે પડકાર ફેંકતા કહ્યું હતું કે, રાહુલ ગાંધીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચર્ચા કરવાની જરૂર નથી. તેમણે પહેલા મારી સાથે ચર્ચા કરી બતાવવી જોઈએ. એટલું જ નહીં, ભાજપના કોઈ સામાન્ય કાર્યકર સાથે પણ ચર્ચા કરવા માટે રાહુલ ગાંધી તૈયાર થાય તો અમારો કાર્યકર જ તેમને જવાબ આપવા માટે કાફી છે.

ડભોઈ ભાજપના સ્નેહમિલન સમારોહમાં જૂથવાદનો ઉકળાટ ! ધારાસભ્ય શૈલેષ મહેતાએ સ્ટેજ પરથી જ કાર્યકરોને સંભળાવી ખરીખોટી

છોટાઉદેપુરમાં માટી-રેતી ચોરી મુદ્દે CIDમાં અરજીથી લઈને બેનરો અને મીઠાઈના વેચાણ સુધીના મુદ્દે ધારાસભ્યના આકરા નિવેદનો ચર્ચામાં

ડભોઈ, તા.૨૩

ડભોઈ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિક્રમ સંવત ૨૦૮૩ના નૂતનવર્ષ નિમિત્તે ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાની અધ્યક્ષતામાં ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપની પરંપરા મુજબ યોજાયેલા આ કાર્યક્રમમાં શહેર અને તાલુકાના મોટી સંખ્યામાં કાર્યકરો, આગેવાનો, હોદ્દેદારો અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. જોકે, નવા વર્ષની શુભેચ્છાઓ અને સંગઠનની એકતાના સંકલ્પ વચ્ચે ધારાસભ્ય શૈલેષ મહેતાના આક્રમક નિવેદનોએ રાજકીય માહોલ ગરમાવી દીધો હતો. સમગ્ર વિધાનસભા વિસ્તારમાં એકસાથે યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ



મહામંત્રી હિતેન્દ્ર ચૌહાણ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી લાઈવ જોડાયા હતા. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વિશેષ લાઈવ જોડાઈ કાર્યકરોને નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય શૈલેષ મહેતાએ કેટલાક મુદ્દાઓને લઈને સ્ટેજ પરથી જ આકરા શબ્દોમાં પોતાની વાત રજૂ કરી હતી. છોટાઉદેપુરમાં માટી અને રેતી ચોરીના મામલે CIDમાં અરજી આપ્યાનો ઉલ્લેખ કરતાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, આ મામલે ભાજપ પરિવારના સભ્યો સંકળાયેલા હશે તો પણ તેમને બચાવી લેવામાં આવશે . વધુમાં તેમણે કહ્યું હતું કે, "જે કંઈ બોલું છું તે ડંકાની ચોટ પર બોલું છું, કોઈથી ગભરાઈને નથી બોલતો."

દિવાળી પર્વ દરમિયાન બેનરો લગાવવા અને મીઠાઈ વેચવાના મુદ્દે પણ ધારાસભ્યએ નિશાન સાધ્યું હતું. પાટીદાર સમાજના ભાજપ અગ્રણી દ્વારા દિવાળી દરમિયાન બેનરો લગાવવા અને મીઠાઈ વેચવાના મુદ્દાને ટાંકીને તેમણે કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, "બેનરો લગાવીને અને મીઠાઈ વેચવાથી ટિકિટ ના લાવી શકાય." વધુમાં તેમણે સંઘ કે વિશ્વ હિન્દુ પરિષદના કોઈ નેતાની પાછળ ફરવાથી ટિકિટ મળી જશે તેવી માન્યતા રાખનારાઓને પણ આડકતરી રીતે સંભળાવ્યું હતું.

સ્નેહમિલન જેવા સંગઠનાત્મક કાર્યક્રમમાં ધારાસભ્યના આ નિવેદનોથી ડભોઈ ભાજપમાં આંતરિક ખેંચતાણ અને જૂથવાદની ચર્ચાઓને વેગ મળ્યો છે. એક તરફ મંચ પરથી સંગઠનની મજબૂતી અને એકતાની વાત કરવામાં આવી રહી હતી, તો બીજી તરફ ધારાસભ્યના નિવેદનોએ પક્ષની અંદરના અસંતોષ અને રાજકીય મતભેદો સપાટી પર લાવ્યા હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં શરૂ થઈ છે. આ પ્રસંગે ચાંદોદ, કરનાળી સહિતના વિસ્તારોમાંથી સાધુ-સંતોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. જિલ્લા ભાજપ પ્રમુખ ડો. બી.જે. બ્રહ્મભટ્ટ, પ્રદેશ કારોબારી સભ્ય શશીકાંતભાઈ પટેલ, શહેર પ્રમુખ દીક્ષિતભાઈ દવે, શહેર મહામંત્રી હિરેન શાહ સહિત નગર અને તાલુકાના સરપંચો, આગેવાનો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

બોરસદ પાલિકાના કર્મચારીઓની ૨૬ દિવસની હડતાળનો સુખદ અંત

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૩

બોરસદ નગરપાલિકાના કર્મચારીઓની છેલ્લા ૨૬ દિવસથી ચાલી રહેલી હડતાળનો આખરે સુખદ અંત આવ્યો છે. નગરપાલિકાના ઈન્ચાર્જ પ્રમુખ તરીકે ઉપપ્રમુખ સુરેશભાઈ પરમારે ચાર્જ સંભાળ્યાના માત્ર એક જ કલાકમાં કર્મચારીઓ સાથે બેઠક યોજી પ્રશ્નનો ઉકેલ લાવતા આંદોલન સમેટાયું હતું. લાંબા સમયથી ચાલતી હડતાળને કારણે બોરસદ શહેરમાં સફાઈ વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી અને ઠેર ઠેર કચરાના ઢગ ખડકાતાં શહેરની સ્થિતિ નર્કાગાર જેવી બની ગઈ હતી. બોરસદ નગરપાલિકામાં વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓને કાયમી કરવા માટે પાલિકા દ્વારા સરકારમાં દરખાસ્ત મોકલવામાં આવે તેવી મુખ્ય માંગ સાથે કર્મચારીઓએ હડતાળ શરૂ કરી હતી. જોતજોતામાં આંદોલનને ૨૬ દિવસ વીતી ગયા હતા. હડતાળના કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં કચરાના ઢગ ખડકાઈ ગયા હતા. રસ્તાઓ પર ગટરોનું ગંદુ પાણી ફરી વળતાં નગરજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શહેરની સફાઈ વ્યવસ્થા ખોરવાઈ જવા છતાં ભાજપ શાસિત નગરપાલિકાના સત્તાધીશો દ્વારા સમયસર ઉકેલ લાવવામાં આવ્યો ન હોવાના આક્ષેપો પણ ઊઠ્યા હતા. દરમિયાન ૨૩મી નવેમ્બરના રોજ નગરપાલિકાનાં પ્રમુખ પૂર્વીબેન પટેલે રજા મૂકતાં ઉપપ્રમુખ સુરેશભાઈ પરમારે ઈન્ચાર્જ પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. ચાર્જ સંભાળતાની સાથે જ તેમણે હડતાળ પર ઉતરેલા કર્મચારીઓના પ્રશ્નને પ્રાથમિકતા આપી ચર્ચા શરૂ કરી હતી. આ બેઠકમાં વિરોધ પક્ષના કાઉન્સિલરો રમેશભાઈ રબારી અને પરાગ પટેલ પણ જોડાયા હતા. ચર્ચા બાદ ઈન્ચાર્જ પ્રમુખે ચાર્જ સંભાળ્યાના માત્ર એક જ કલાકમાં ૨૬ દિવસથી ચાલી રહેલા આંદોલનનો સુખદ ઉકેલ લાવી દીધો હતો.

રાજ્યમાં ૨૫ ઠેકાણે ચોરી કરી હતી

નડિયાદમાં રૂા.૫ લાખની ઘરફોડ ચોરી કરનાર તસ્કર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૩

નડિયાદ શહેરના વાણિયાવાડ વિસ્તારમાં આવેલા બંધ મકાનને નિશાન બનાવી લાખો રૂપિયાની મત્તા ચોરી જનાર રીઢા ઘરફોડિયાને નડિયાદ ટાઉન પોલીસે ગણતરીના દિવસોમાં દબોચી લઈ મોટી સફળતા મેળવી છે. અમદાવાદના નારોલ વિસ્તારમાં રહેતા અને મૂળ રાજકોટના માલાભાઈ નાથાભાઈ સમેચા (ઉ.વ. ૪૯)ની ધરપકડ સાથે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં નોંધાયેલા ૨૫ જેટલા ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. પોલીસે આરોપી પાસેથી ચોરીનો મુદ્દામાલ, ગુનામાં વપરાયેલી રિક્ષા અને ચોરી કરવાના સાધનો કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. ઈ-ગુજકોપ અને ICIS ડેટાબેઝ પર તપાસ કરતા માલુમ પડ્યું છે કે આરોપી માલાભાઈ સમેચા રીઢો ગુનેગાર છે. તેની વિરુદ્ધ અગાઉ અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, કચ્છ, બનાસકાંઠા, પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં ઘરફોડ ચોરીના ૨૪થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૫માં અમદાવાદના ચાંદખેડા પોલીસ સ્ટેશન હેઠળ તેની વિરુદ્ધ પાસા હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી ચૂકી છે.

દબાણકર્તાઓમાં ફફડાટ

ભાવનગર નવાપરા કબ્રસ્તાનમાં વકફ બોર્ડની ટીમે સર્વે હાથ ધર્યો

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૩

આજ રોજ ભાવનગરના નવાપરા કબ્રસ્તાનમાં ગુજરાત રાજ્ય વકફ બોર્ડની ટીમે સ્થળ તપાસ કરી પંચરોજ કામ કરી દબાણ કર્તાઓની જગ્યાનું સર્વે કરવાની કામગીરી કરી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઘાંચીવાડ મેમણ જમાત ટ્રસ્ટ દ્વારા અગાઉ કલમ-૫૪ મુજબ ગેરકાયદેસર કબજેદારોનું દબાણ દૂર કરવા બાબતે અને હન્સબાઈ ફંડ ટ્રસ્ટ દ્વારા કલમ-૭૦ મુજબ સ્થળ સ્થિતિ તપાસ કરી જમીનનું પંચરોજ કામ કરી પંચનામું કરી આપવા રજૂઆતો કરી હતી. આ બન્ને ટ્રસ્ટોએ જે તે સમયે આપેલ અરજીના અનુસંધાને ગત તારીખ ૨૨-૧૦-૨૬ના રોજ બન્ને પક્ષકારોને રૂબરૂ સાંભળ્યા હતા અને ગુજરાત વકફ બોર્ડ દ્વારા આ સ્થળનું પંચરોજ કામ કરવા માટે તેમજ સ્થળ તપાસ કરી રિપોર્ટ આપવાનો હુકમ કરેલ. જે અનુસંધાને આજરોજ ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા ટીમ મોકલી હતી. આ ટીમ દ્વારા આજરોજ સ્થળ સ્થિતિ મુજબ પંચરોજ કામ કરેલ. ત્યારે કબ્રસ્તાનમાં દબાણકર્તાઓ, બન્ને ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સહિત મુસ્લિમ સમાજના આગેવાનો અને લોકો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા.

કઠલાલ ખાતે સમુદાય જાગૃતિ કાર્યક્રમનું આયોજન

આણંદ, તા.૨૩

ભારતમાં સૌથી પ્રથમ સ્ટેન્ડઅલોન હેલ્થ ઈન્સ્યોરન્સ કંપની સ્ટાર હેલ્થ એન્ડ એલાઇડ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ દ્વારા ગ્રામ્ય સ્તરે આરોગ્ય વીમા અંગે જાગૃતિ ફેલાવવા માટે કઠલાલ ખાતે આરોગ્ય વીમા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ૨૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. આ પહેલનો મુખ્ય હેતુ સ્થાનિક લોકોમાં આરોગ્ય વીમાનું મહત્વ સમજાવવાનો અને તબીબી આકસ્મિક પરિસ્થિતિઓના કારણે ઊભી થતી આર્થિક અનિશ્ચિતતાઓ સામે પરિવારને સુરક્ષા કેવી રીતે મળી શકે તે અંગે જાગૃતિ લાવવાનો હતો.

બાકરોલમાં રસ્તાના વિવાદમાં એક કરોડની ખંડણી માંગીને પેટમાંથી આંતરડા કાઢી નાંખવાની ધમકી

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૩

આણંદ તાલુકાના બાકરોલ ગામની સીમમાં આવેલી પાર્થ ટાઉનશીપમાં રસ્તા બાબતે લાંબા સમયથી ચાલી રહેલાં ઝઘડામાં ગઈકાલે મધ્યરાત્રીના સુમારે ક્રોસ ફરિયાદ નોંધાતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ બનાવમાં સોસાયટીના છ જેટલા હોદ્દેદારો વિરૂદ્ધ એક કરોડ રૂપિયાની ખંડણી માંગીને છરો બતાવી પેટમાંથી આંતરડા બહાર કાઢી નાંખવાની ધમકી આપી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. આ અંગે વિદ્યાનગર પોલીસે ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પાર્થ ટાઉનશીપમાં રહેતા તરૂણભાઈ હમીરભાઈ ભરવાડે ટાઉનશીપ નજીક ખરીદેલી જમીન પર 'નંદનબાગ વીલા' નામનો ૨૧ મકાનોનો રહેણાંક પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટમાં જવા-આવવાનો રસ્તો પાર્થ ટાઉનશીપમાંથી પસાર થતો હોવાથી સોસાયટીના હોદ્દેદારો સાથે કાનૂની વિવાદ ચાલી રહ્યો છે. આ ઉપરાંત, તરૂણભાઈનાં મોટાભાઈ ભાનુભાઈએ હોદ્દેદારો વિરૂદ્ધ નાણાંકીય ગેરરીતિ આચરી હોવાની ફરિયાદ રજીસ્ટ્રાર સમક્ષ કરી છે. ગત ૨૦મી તારીખે સાંજે સાડા છ વાગ્યાના સુમારે તરૂણભાઈ પાર્થ ટાઉનશીપમાં ચાલતા જતાં હતાં, ત્યારે કૃષ્ણ કુટ્ટી નાયર અને પૂર્વેશ પટેલે તેમને રોકીને નંદનબાગ સ્કીમનો પ્રોજેક્ટ બંધ કરી દેવા તેમજ રજીસ્ટ્રાર સમક્ષ કરેલી ફરિયાદ પાછી ખેંચી લેવાનું કહીને અપશબ્દો બોલ્યા હતા. થોડી જ વારમાં યજ્ઞેશ ભાઈ ભટ્ટ, ઉર્વેશભાઇ પટેલ, રાજેન્દ્રભાઈ નાયર અને જયેન્દ્રભાઈ ઉર્ફે જયન નાયર પણ ત્યાં આવી પહોંચ્યા હતા. તમામ આરોપીઓએ અરજીઓ પરત ખેંચવાના લખાણ પર સહી કરી આપવા દબાણ કર્યું હતું અને પૂર્વેશ પટેલે પ્રોજેક્ટ પૂર્ણ કરવા દેવા બદલ એક કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી.

ત્યારબાદ ઉશ્કેરાયેલા યજ્ઞેશ ભટ્ટે છરો કાઢીને જો એક કરોડ રૂપિયા નહીં આપે તો પેટમાં છરો મારી આંતરડા બહાર કાઢી નાંખવાની ધમકી આપી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘની ૪૦ વર્ષની લાંબી કાનૂની લડત રંગ લાવી

ઉના ખાંડ ઉદ્યોગના ૬૦૦થી વધુ કામદારોને રૂા.૨૩ કરોડ ચૂકવવા સુપ્રીમ કોર્ટનો આખરી આદેશ

(સંવાદદાતા દ્વારા) ઉના, તા.૨૩

ઉનાના ખાંડ ઉદ્યોગમાં વર્ષો પહેલાં ગેરકાયદેસર લેઓફ અને ત્યારબાદ કાયદેસરના હક-હિસ્સા ચૂકવ્યા વિના છૂટા કરાયેલા ૬૦૦થી વધુ કામદારો માટે ન્યાયની આશા આખરે પ્રબળ બની છે. સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ દ્વારા છેલ્લા ચારદાયકાથી ચલાવવામાં આવેલી લાંબી કાનૂની લડત બાદ સુપ્રીમ કોર્ટના આખરી ચુકાદામાં કામદારોને અંદાજે રૂા.૨૩ કરોડની રકમ ચૂકવવા આદેશ કરવામાં આવ્યો છે. જો કે, આ ચુકાદાનો અમલ ન થતાં સંઘે જવાબદાર સરકારી અધિકારીઓ સામે કોર્ટના તિરસ્કાર બદલ કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં આવેલી ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.માં વર્ષો પહેલાં કામદારોને અન્યાયનો સામનો કરવો પડ્યો હતો. ફેક્ટરી સંચાલન દ્વારા પ્રથમ બે વખત કથિત રીતે ગેરકાયદેસર લે-ઓફ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ૬૦૦થી વધુ કામદારોને કાયદા મુજબ મળવા પાત્ર હક, હિસ્સા અને વળતર ચૂકવ્યા વિના જ છૂટા કરી દેવામાં આવ્યા હતા. જેના કારણે મોટી સંખ્યામાં કામદારો અને તેમના પરિવારોની આજીવિકા સામે ગંભીર પ્રશ્ન ઊભો થયો હતો. રોજગારી છીનવાઈ જતાં અનેક પરિવારો આર્થિક મુશ્કેલીમાં મુકાયા હતા.

કામદારોને થયેલા આ અન્યાય સામે સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ દ્વારા ન્યાય અપાવવા માટે કાનૂની લડત શરૂ કરવામાં આવી હતી. આ લડત એક-બે વર્ષ નહીં, પરંતુ સતત ૪૦ વર્ષ સુધી ચાલી હતી. આ દરમિયાન સં

અર્થશાસ્ત્રીઓ, નાણાકીય નિષ્ણાતોએ વિશ્વ બેંકના ગરીબી મૂલ્યાંકન પર સવાલ ઉઠાવ્યા, ભારતમાં આર્થિક અસમાનતા વધવાની ચેતવણી આપી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓબ્જેક્ટિવ સ્ટડીઝ (IOS)એ શનિવારે નવી દિલ્હીમાં 'ભારતમાં ગરીબી અને સમાનતા માપવાઃ વિશ્વ બેંકના ઓકટોબર ૨૦૨૬ના સંક્ષિપ્ત અહેવાલમાંથી આંતરદૃષ્ટિ' વિષય પર એક પેનલ ચર્ચાનું આયોજન કર્યું હતું, જેમાં ગરીબીના બદલાતા પરિમાણો, તેને માપવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ અને દેશમાં આર્થિક અસમાનતા અને સંસાધનોના વિતરણને લગતી વધતી ચિંતાઓની તપાસ કરવા માટે અગ્રણી અર્થશાસ્ત્રીઓ, શિક્ષણવિદો અને સંશોધકોને એકત્ર કરવામાં આવ્યા હતા.

સંસ્થાના મુખ્ય મથક ખાતે યોજાયેલી આ ચર્ચામાં પ્રોફેસર અમિતાભ કુંડુ, પ્રોફેસર એમેરિટસ, એલજે યુનિવર્સિટી, અમદાવાદ; પ્રોફેસર નૌશાદ અલી આઝાદ, પૂર્વ ડીન, ફેકલ્ટી ઓફ સોશિયલ સાયન્સ, જામિયા મિલ્લિયા ઈસ્લામિયા; સેન્ટર ફોર ઈકોનોમિક સ્ટડીઝ એન્ડ પ્લાનિંગ, જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટીના પ્રોફેસર શક્તિ કુમાર; ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સ, જામિયા મિલ્લિયા ઈસ્લામિયાના પ્રોફેસર અશરફ ઈલિયાન; અને પ્રોફેસર એમ. અફઝલ વાની, ચેરમેન, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓબ્જેક્ટિવ સ્ટડીઝ જેમણે કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી.

આ ચર્ચા વિશ્વ બેંકના તાજેતરમાં પ્રકાશિત થયેલા 'ભારત ગરીબી અને સમાનતા સંક્ષિપ્તઃ ઓકટોબર ૨૦૨૬' પર કેન્દ્રિત હતી, જે છેલ્લા દાયકામાં ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે, જ્યારે આવક, રોજગાર અને આર્થિક તકોની ઉપલબ્ધતામાં સતત અસમાનતાઓ તરફ ધ્યાન દોરે છે.

વિશ્વ બેંકના સંક્ષિપ્ત અહેવાલ મુજબ ભારતની વસ્તીનું પ્રમાણ જે પ્રતિ વ્યક્તિ ૪.૨૦ ડોલર પ્રતિ દિવસ (૨૦૨૧ ખરીદ શક્તિ સમાનતા)ની નીચી-મધ્યમ આવક ગરીબી રેખા નીચે જીવે છે તે ૨૦૧૧માં ૫૭.૭ ટકાથી ઘટીને ૨૦૨૩માં ૧૬.૧ ટકા થયું છે. આ જ સમયગાળા દરમિયાન આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક ૩ ડોલર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસ સામે માપવામાં આવતી ભારે ગરીબી ૨૭.૧ ટકાથી ઘટીને ૨.૬ ટકા થઈ ગઈ છે.

જ્યારે આ આંકડા જીવનધોરણમાં સુધારો દર્શાવે છે, ત્યારે પેનલિસ્ટોએ પ્રશ્ન કર્યો હતો કે, શું ગરીબીમાં ઘટાડો ભારતીય સમાજના વિવિધ વર્ગોની આર્થિક વાસ્તવિકતાઓને પર્યાપ્ત રીતે પ્રતિબિંબિત કરે છે.

પ્રોફેસર અમિતાભ કુંડુએ સ્વ-અહેવાલિત આર્થિક પરિસ્થિતિઓની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવ્યો અને અવલોકન કર્યું કે ભારતમાં લોકો ઘણીવાર તેમની નાણાકીય સ્થિતિ વિશે પૂછવામાં આવે ત્યારે તેમના સંજોગોને વધારે પડતો અંદાજ આપે છે. તેમણે કહ્યું કે, વિશ્વ બેંકના અહેવાલમાં જ ગરીબી ઘટાડાથી પ્રાપ્ત થયેલા લાભોની ટકાઉપણું અને તેના વિતરણ અંગે મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

તેમણે એ તપાસવાની જરૂરિયાત પર ભાર મૂક્યો કે શું ગરીબીમાં ઘટાડાની સાથે પૂરતી રોજગારીની તકો, ઊંચા વાસ્તવિક વેતન અને આર્થિક સંસાધનોનું વધુ ન્યાયી વિતરણ જોવા મળ્યું છે કે કેમ.

વિશ્વ બેંકના મૂલ્યાંકનમાં સામે આવેલા મહત્ત્વપૂર્ણ તારણોમાંનું એક એ છે કે, આવકની નોંધપાત્ર અસમાનતા હજુ પણ યથાવત્ છે. ગરીબીના એકંદર સૂચકાંકોમાં સુધારો થયો હોવા છતાં ૨૦૨૩માં આવક વિતરણમાં ટોચના ૧૦ ટકા વર્ગમાં આવતા કામદારોની સરેરાશ કમાણી, સૌથી નીચેના ૧૦ ટકા વર્ગના કામદારોની કમાણી કરતાં લગભગ ૧૩ ગણી વધુ હતી.

ચર્ચામાં ભાગ લેનારા નિષ્ણાતોએ નોંધ્યું કે, આ અસમાનતા ગરીબી ઘટાડા અને આર્થિક સમાનતા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરે છે. ગરીબી રેખાની નીચે જીવતા લોકોની સંખ્યામાં ઘટાડો થવાનો અર્થ એ નથી કે આર્થિક વિકાસના લાભોનું સમાન રીતે વિતરણ થઈ રહ્યું છે.

આવક અને ઉત્પાદક સંપત્તિનું અમુક ચોક્કસ વર્ગોમાં કેન્દ્રીકરણ, શિક્ષણની અસમાન તકો અને સુરક્ષિત રોજગારી મેળવવાની બાબતમાં રહેલી અસમાનતાઓ સમાજના વિવિધ વર્ગોની આર્થિક સ્થિતિ પર સતત અસર કરી રહી છે.

પ્રોફેસર કુંડુએ અન્ય કેટલાક અહેવાલોનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં રોજગાર ક્ષેત્રે લઘુમતી સમુદાયો, ખાસ કરીને મુસ્લિમો દ્વારા સામનો કરવામાં આવતા ભેદભાવ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેમણે નોંધ્યું કે ગ્રામીણ વિસ્તારોની સરખામણીમાં શહેરી વિસ્તારોમાં મુસ્લિમો વિરુદ્ધનો ભેદભાવ વધુ સ્પષ્ટપણે જોવા મળે છે.

તેમણે ગરીબી રેખા નક્કી કરવા માટે અપનાવવામાં આવેલી પદ્ધતિ પર પણ સવાલ ઉઠાવ્યા અને દલીલ કરી કે સરકારી સહાયને કેવી રીતે ગણતરીમાં લેવી જોઈએ, તેની વધુ ઝીણવટભરી તપાસ થવી જરૂરી છે. તેમણે ધ્યાન દોર્યું કે વિશ્વ બેંકે પરિવારોની આવકની ગણતરી કરતી વખતે તેમને મળેલી સરકારી સહાયને પણ આવકમાં સામેલ કરી છે. આ બાબત એવો પ્રશ્ન ઊભો કરે છે કે, શું આવી સહાયને કાયમી કૌટુંબિક આવક સમાન ગણી શકાય કે કેમ.

પ્રોફેસર શક્તિ કુમારે વિશ્વ બેંક દ્વારા તારણો પર પહોંચવા માટે ઉપયોગમાં લેવાયેલા ડેટાની તુલનાત્મકતા પર પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે, આ અહેવાલ 'નેશનલ હાઉસહોલ્ડ સર્વે'ના ડેટા પર આધારિત છે અને તેમાં ૨૦૧૧ તથા ૨૦૨૩ના આંકડાઓ વચ્ચે સરખામણી કરવામાં આવી છે. જો કે, તેમણે બંને સમયગાળા દરમિયાન હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણોમાં રહેલા તફાવતો તરફ ધ્યાન દોર્યું અને તારણોની વિશ્વસનીયતા અંગે ચિંતા વ્યક્ત કરી. સમગ્ર ભારતમાં દૈનિક વેતનના દરોમાં રહેલી ભિન્નતા પર પ્રકાશ પાડતા તેમણે જણાવ્યું હતું કે, વેતનના દરો એક રાજ્યથી બીજા રાજ્યમાં અલગ-અલગ હોય છે અને રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારના દરો વચ્ચે પણ તફાવત જોવા મળે છે. તેમણે વિશ્વ બેંક દ્વારા ગરીબીમાં ઘટાડા અંગેના મૂલ્યાંકન પર પ્રશ્ન ઉઠાવ્યો, જે આશરે ૩૫૦ રૂપિયાની દૈનિક કમાણીના અનુમાન પર આધારિત હતું. લગભગ ૫૦ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર લાવવાના સરકારના દાવાનો ઉલ્લેખ કરતા તેમણે દલીલ કરી કે, આ લોકોમાંથી ઘણાની આવક લઘુત્તમ દૈનિક વેતન કરતાં પણ ઘણી ઓછી છે.

પ્રોફેસર કુમારે ગરીબીના ભૌગોલિક કેન્દ્રીકરણ તરફ પણ ધ્યાન દોર્યું, ખાસ કરીને પૂર્વીય અને ઉત્તરીય રાજ્યોમાં. તેમણે નોંધ્યું કે ગરીબી મુખ્યત્વે ઉત્તરપ્રદેશથી લઈને પશ્ચિમ બંગાળ સુધીના પટ્ટામાં કેન્દ્રિત છે. તેમણે જણાવ્યું કે, ગ્રામીણ ગરીબી, શહેરી ગરીબીની સરખામણીમાં નોંધપાત્ર રીતે વધુ છે, જે રોજગારીની તકો, ઉત્પાદકતા, માળખાકીય સુવિધાઓ અને જાહેર સેવાઓ સુધીની પહોંચમાં રહેલી અસમાનતાઓને પ્રતિબિંબિત કરે છે.

વધુ સમાવેશી આર્થિક મોડેલની જરૂરિયાત પર ભાર મૂકતા તેમણે કહ્યું કે, ભારતે માત્ર ગરીબી ઘટાડાના આંકડાઓ પર આધાર રાખવાને બદલે, આર્થિક વિકાસમાં લોકોની વ્યાપક ભાગીદારી સુનિશ્ચિત કરવાની જરૂર છે. પ્રોફેસર અશરફ ઈલિયાને જીવનધોરણમાં સુધારા માપવાની પદ્ધતિ પર ચિંતા વ્યક્ત કરી. તેમણે દલીલ કરી કે, જીવનની ગુણવત્તા માપવા માટેના માપદંડોને નીચા લાવીને તેના આધારે સકારાત્મક તારણો કાઢવા એ યોગ્ય અભિગમ નથી. તેમણે પ્રશ્ન કર્યો કે, જ્યારે શિક્ષણ અને આરોગ્ય જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં જાહેર ખર્ચ ઘટાડવામાં આવી રહ્યો હોય, ત્યારે જીવનધોરણમાં સુધારો કેવી રીતે થઈ શકે? સંપત્તિના કેન્દ્રીકરણનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, દેશની ૪૨ ટકા સંપત્તિ માત્ર ૧૦ ટકા વસ્તીના હાથમાં છે. તેમણે દલીલ કરી કે, ગરીબ પરિવારોને માત્ર મફત સુવિધાઓ પૂરી પાડવાને બદલે, સરકારે ટકાઉ રોજગારીની તકો ઊભી કરવા અને નિયમિત તથા સ્થિર આવક સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે સ્વીકાર્યું કે સામાજિક સુરક્ષાના પગલાંના વિસ્તરણે પરિવારોની આર્થિક સ્થિતિ સુધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જો કે, તેમણે ભારપૂર્વક કહ્યું કે, અર્થતંત્રની માળખાકીય નબળાઈઓને સંબોધ્યા વિના, આવા પગલાં ગરીબીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવી શકે નહીં.

ભારતે JWALA MK-1નું સફળ પરીક્ષણ કર્યું : ખાનગી ક્ષેત્ર દ્વારા વિકસાવવામાં આવેલી નાની, કિફાયતી અને સ્માર્ટ એન્ટી-ડ્રોન મિસાઈલ

IG ડિફેન્સના જણાવ્યા અનુસાર JWALA MK-1 દુશ્મન ડ્રોન લક્ષ્યોને ઓળખી શકે છે, તેમનું વર્ગીકરણ કરી શકે છે અને 'મિશન ઓટોનોમી આર્કિટેક્ચર' દ્વારા તેમને નિષ્ક્રિય કરવામાં મદદ કરી શકે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

નોઇડા સ્થિત આઈજી ડિફેન્સે JWALA MK-1નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું, જેને તે ભારતની પ્રથમ સ્વ-સંચાલિત કાઉન્ટર-અનમેનન્ડ એરક્રાફ્ટ સિસ્ટમ (CUAS) માઇક્રો-મિસાઇલ સિસ્ટમ તરીકે વર્ણવે છે.

JWALA MK-1 - જે પાંચ કિ.મી.ની ઓપરેશનલ રેન્જ ધરાવે છે અને સ્થાનિક રીતે બનાવેલ, સ્વાયત્ત અને સસ્તું કાઉન્ટર-ડ્રોન સોલ્યુશન તરીકે ડિઝાઇન કરવામાં આવ્યું છે - તેનું પરીક્ષણ સોમવારે રાજસ્થાનના પોખરણ ખાતે કરવામાં આવ્યું. પોખરણ ખાતેનું પરીક્ષણ ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં ખાનગી ઉત્પાદકોની ભૂમિકા પર પ્રકાશ પાડે છે. દેશ સંરક્ષણ સ્વદેશીકરણને આગળ ધપાવી રહ્યો છે, ત્યારે સ્વદેશી મિસાઈલો, સ્વાયત્ત સિસ્ટમો અને AI-સંચાલિત યુદ્ધ વ્યવસ્થાપન પ્લેટફોર્મ રાષ્ટ્રીય સુરક્ષામાં યોગદાન આપે તેવી અપેક્ષા છે. સંઘર્ષોમાં સસ્તા હુમલાના ડ્રોનનો ઉપયોગ વધતો જાય છે અને ખર્ચાળ પરંપરાગત હવાઈ-રક્ષા પ્રણાલીઓ સાથે તેમને અટકાવવાના પડકાર પછી આ વિકાસ થયો છે. અસંતુલન ખર્ચ ઈન્ટરસેપ્ટર ઈન્વેન્ટરી, દારૂગોળો પુરવઠો અને હવાઈ સંરક્ષણના અર્થશાસ્ત્ર પર દબાણ લાવી શકે છે. ભારતના વર્તમાન સુરક્ષા વાતાવરણને ધ્યાનમાં રાખીને, ખર્ચ-મૈત્રીપૂર્ણ અને સ્કેલેબલ કાઉન્ટર-ડ્રોન ટેકનોલોજી વિકસાવવી એ એક વ્યૂહાત્મક પ્રાથમિકતા છે, સંરક્ષણ કંપનીએ જણાવ્યું હતું. આઈજી ડિફેન્સના મતે JWALA MK-1, મિશન ઓટોનોમી આર્કિટેક્ચર દ્વારા પ્રતિકૂળ ડ્રોન લક્ષ્યોને ઓળખી શકે છે, તેમને વર્ગીકૃત કરી શકે છે અને તેમના તટસ્થીકરણને સરળ બનાવી શકે છે. આ સિસ્ટમ GRID પર ચાલે છે, જે કંપનીની AI-સંચાલિત મિશન ઓટોનોમી અને યુદ્ધ વ્યવસ્થાપન સિસ્ટમ છે. GRID સેન્સર એકીકરણ, લક્ષ્ય શોધ, ઓળખ, વર્ગીકરણ, મિશન નિર્ણય-નિર્માણ અને જોડાણ વ્યવસ્થાપનનું સંચાલન કરે છે. IG ડિફેન્સ તેને JWALA MK-1ના ઓપરેશનલ કિલ સિક્વન્સના 'મગજ શક્તિ' તરીકે વર્ણવે છે. આઈજી ડિફેન્સના સ્થાપક અને સીઈઓ બોબિસત્વ સંઘપ્રિયાએ જણાવ્યું હતું કે, GRID AI-સંચાલિત સંકલન દ્વારા સિસ્ટમની કામગીરીના દરેક તબક્કાને એકસાથે લાવે છે. 'GRID AI-સંચાલિત સંકલન દ્વારા સમગ્ર ઓપરેશનલ સાંકળને એકસાથે લાવે છે, લક્ષ્ય શોધથી લઈને જોડાણ વ્યવસ્થાપન સુધી,' તેમણે કહ્યું. સંઘપ્રિયાએ ઉમેર્યું કે કંપનીનો ઉદ્દેશ્ય સ્વદેશી સંરક્ષણ પ્રણાલીઓ વિકસાવવાનો છે જેમાં હાર્ડવેર અને સોફ્ટવેર એકસાથે બનાવવામાં આવે છે, સ્વાયત્તતા અને બુદ્ધિ તેમને તેમના મૂળમાં એકસાથે રાખે છે. આઈજી ડિફેન્સ એસોસિયેટ વાઇસ-પ્રેસિડેન્ટ વિંગ કમાન્ડર અનૂપ શર્મા (નિવૃત્ત)એ ભારપૂર્વક જણાવ્યું હતું કે, માનવરહિત હવાઈ ધમકીઓના પ્રસારને કારણે હવાઈ સંરક્ષણ માટે નવી વ્યૂહરચના જરૂરી છે. સસ્તા ડ્રોનને રોકવા માટે મોંઘા શસ્ત્રોનો ઉપયોગ સશસ્ત્ર દળો માટે ટકાઉ નથી, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે મોટી સંખ્યામાં ઉત્પાદન કરી શકાય તેવા વિશ્વસનીય, ખર્ચ-અનુકૂળ સંરક્ષણની માંગ પર પ્રકાશ પાડ્યો હતો. 'ભારતને મોટા પાયે ઉભરતા હવાઈ જોખમોનો સામનો કરવા માટે સ્વદેશી, વિશ્વસનીય અને ખર્ચ-અસરકારક ઉકેલોની જરૂર છે,' તેમણે કહ્યું. શર્માએ ટેકનોલોજી, મિશન સ્વાયત્તતા અને કાર્યકારી અસરકારકતાને સંકલિત કાઉન્ટર-ડ્રોન ક્ષમતા તરફના પગલા તરીકે JWALA MK-1 રજૂ કર્યું.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ બાંગ્લાદેશી શરણાર્થીઓ માટે CAA હેઠળની 'કટ-ઓફ' તારીખ લંબાવવાની માંગ કરી

(એજન્સી) તા.૨૩

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ રવિવારે બાંગ્લાદેશમાં વધી રહેલી અશાંતિ અને ત્યાં હિન્દુઓ પર અત્યાચારના અહેવાલો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, તેઓ આ મુદ્દો વિદેશ મંત્રી એસ. જયશંકર સમક્ષ ઉઠાવશે. કોલકાતામાં એક પત્રકાર પરિષદને સંબોધતા અધિકારીએ કહ્યું કે, જો જરૂર પડશે તો તેઓ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને પણ વિનંતી કરશે કે બાંગ્લાદેશથી આવતા અત્યાચારનો ભોગ બનેલા પરિવારો માટે 'નાગરિકતા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯' (CAA) હેઠળની 'કટ-ઓફ' તારીખ (નિર્ધારિત સમયમર્યાદા) લંબાવવામાં આવે. તેમણે કહ્યું, 'આ અત્યંત દુઃખદ છે. પડોશી દેશની સરહદે આવેલા રાજ્યના મુખ્યમંત્રી તરીકે, હું ખૂબ જ ચિંતિત છું; તેની અસરો અહીં પશ્ચિમ બંગાળમાં પણ અનુભવાઈ રહી છે.' તેમણે નોંધ્યું કે, પ્રોટોકોલ મુજબ રાજ્ય સરકાર વિદેશી બાબતોમાં સીધો હસ્તક્ષેપ કરી શકતી નથી પરંતુ તેમણે પુષ્ટિ કરી કે તેઓ સોમવારે વિદેશ મંત્રી જયશંકરનો સંપર્ક કરશે. પશ્ચિમ બંગાળમાં ઘણા લોકોના પરિવારજનો બાંગ્લાદેશમાં રહે છે અને તેઓ ત્યાંની પરિસ્થિતિને લઈને ચિંતિત છે. અધિકારીએ કહ્યું કે, તેમને મળેલી તસવીરો, વીડિયો અને સંદેશાઓ જોઈને તેઓ વ્યથિત છે અને તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, વિદેશ મંત્રાલયના માધ્યમથી જરૂરી પગલાં લેવા જોઈએ. સરહદ અંગે તેમણે લોકોને આશ્વાસન આપતા કહ્યું કે, તે સંપૂર્ણપણે સુરક્ષિત છે. તેમણે ઉમેર્યું કે, પશ્ચિમ બંગાળ, આસામ, ત્રિપુરા અને અન્ય સ્થળોએ ઓછામાં ઓછા બે કરોડ લોકો એવા છે જેમનાં સગાં-સંબંધીઓ બાંગ્લાદેશમાં રહે છે અને તેઓ ખૂબ જ ચિંતિત છે. CAA અંગે અધિકારીએ વર્તમાન જોગવાઈનો ઉલ્લેખ કર્યો, જે બાંગ્લાદેશથી આવતા અત્યાચારનો ભોગ બનેલા પરિવારો સામે પોલીસ કાર્યવાહી પર પ્રતિબંધ મૂકે છે. આ જોગવાઈ હાલમાં ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી અમલમાં છે. તેમણે કહ્યું કે, તેઓ કેન્દ્રીય ગૃહ મંત્રીને આ સમયમર્યાદા લંબાવવા માટે વિનંતી કરશે. આ ઉપરાંત અધિકારીએ ૫.૭૩ લાખથી વધુ ખેડૂતો માટે રૂા.૨૧૨.૩ કરોડના પ્રાથમિક વળતર પેકેજની જાહેરાત કરી છે. 'ચક્રવાત અકવાન'ને કારણે થયેલા વરસાદથી આ ખેડૂતોના પાક અને બાગાયતી પેદાશોને નુકસાન થયું હતું.

મહારાષ્ટ્ર : ભાજપના કબજા હેઠળની બેઠક પર મતદારોના નામ હટાવવા માટે દાખલ કરાયેલી 'ફોર્મ ૭'ની ૧૪,૫૬૨ અરજીઓમાંથી માત્ર ૭૪ જ માન્ય ઠરી

(એજન્સી) તા.૨૩

ભાજપના કબજા હેઠળની ભુસાવળ બેઠક પર મતદારોના નામ મતદાર યાદીમાંથી હટાવવા માટે 'ફોર્મ ૭' હેઠળ ૧૪,૫૬૨ વાંધા અરજીઓ દાખલ કરવામાં આવી હતી, જેમાંથી માત્ર ૭૪ જ માન્ય ઠરી છે. આ ઘટનાએ મુસ્લિમ મતદારોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવા માટે આ ફોર્મનો દુરૂપયોગ થઈ રહ્યો હોવાની ચિંતાઓને વધુ ઘેરી બનાવી છે. 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ના અહેવાલ મુજબ, મહારાષ્ટ્રના ભુસાવળ વિધાનસભા મતવિસ્તારમાં મતદાર યાદીમાંથી નામ હટાવવા માટે દાખલ કરાયેલી 'ફોર્મ ૭'ની ૧૪,૫૬૨ અરજીઓમાંથી માત્ર ૭૪ જ માન્ય ગણવામાં આવી છે. આ અરજીઓ 'ફોર્મ ૭' દ્વારા દાખલ કરવામાં આવી હતી, જેનો ઉપયોગ કોઈ વ્યક્તિ મતદાર યાદીમાં નામ સામે વાંધો ઉઠાવવા અથવા પહેલેથી નોંધાયેલું નામ હટાવવાની માંગણી કરવા માટે કરી શકે છે. કોંગ્રેસે ભુસાવળમાં ૧૮૬ લોકો દ્વારા મોટા પાયે 'ફોર્મ ૭' અરજીઓ દાખલ કરવામાં આવી હોવાની ફરિયાદ કરી હતી. ભુસાવળ બેઠકનું પ્રતિનિધિત્વ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના ધારાસભ્ય સંજય સાવકારે કરે છે. આ ફરિયાદો બાદ, જળગાંવ જિલ્લા વહીવટીતંત્રે એવા લોકો સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી જેમણે 'દૂષિત ઈરાદા'થી આ વાંધા અરજીઓ દાખલ કરી હતી. સબ-ડિવિઝનલ ઓફિસર અને ઈલેક્ટોલ રજિસ્ટ્રેશન ઓફિસર (ચૂંટણી નોંધણી અધિકારી) દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, કોંગ્રેસ દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યા બાદ ૨૧ અરજદારોએ સ્વેચ્છાએ ૨,૫૩૨ વાંધા અરજીઓ પાછી ખેંચી લીધી હતી. બાકીના કિસ્સાઓમાં, અરજદારોને નોટિસ પાઠવીને તેમના વાંધાઓના સમર્થનમાં પુરાવા રજૂ કરવા માટે કહેવામાં આવ્યું હતું. અધિકારીઓએ દરેક અરજીની સંબંધિત 'બૂથ-લેવલ ઓફિસર્સ' (BLO) મારફતે ઝુબરૂ તપાસ અને પૂછપરછ પણ કરી હતી. તપાસમાં માત્ર ૭૪ મતદારો જ એવા જણાયા કે જેમના નામ મતદાર યાદીમાંથી દૂર કરી શકાય અને નિયમો અનુસાર તેમની સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અહેવાલમાં જણાવાયું છે કે બાકીની તમામ વાંધા અરજીઓનો નિકાલ કરી દેવામાં આવ્યો છે. આ તારણો એવા સમયે સામે આવ્યા છે જ્યારે ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR - વિશેષ સઘન પુનરાવર્તન) પ્રક્રિયા ચાલી રહી છે. આ દરમિયાન ભાજપના 'બૂથ-લેવલ એજન્ટ્સ' (BLAs) દ્વારા મુસ્લિમ મતદારોના નામ હટાવવા માટે 'ફોર્મ ૭'નો દુરૂપયોગ કરવામાં આવી રહ્યો હોવાની ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ પ્રક્રિયાની ટીકા થઈ રહી છે કારણ કે એવી આશંકા છે કે મોટા પાયે નામ હટાવવાની અરજીઓને કારણે પાત્ર મતદારોના નામ ભૂલથી મતદાર યાદીમાંથી નીકળી શકે છે, જે ચૂંટણીના પરિણામોને પણ અસર કરી શકે છે.

૩૦ ઓક્ટોબરના રોજ, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને ઉત્તર પ્રદેશમાં સુધારણા પ્રક્રિયા દરમિયાન ફોર્મ ૭ અરજીઓના જથ્થાબંધ ફાઈલિંગ સામે સુધારાત્મક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો.

તાજમહેલમાં બાળક ગુમ થયું; પરિવારે CISF જવાનો પર હુમલાનો આરોપ લગાવ્યો

CISFના એક અધિકારીએ આ આરોપને નકારી કાઢ્યો છે અને જણાવ્યું છે કે, VIP ગેટના ઉપયોગને લઈને સુરક્ષાકર્મીઓ અને તે વ્યક્તિ વચ્ચે બોલાચાલી થઈ હતી

(એજન્સી) આગ્રા, તા.૨૩



દિલ્હીના એક મુસ્લિમ પરિવારે જેઓ અહીં પ્રખ્યાત તાજમહેલ જોવા આવ્યા હતા, તેમણે આરોપ લગાવ્યો છે કે, ફરજ પરના સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF)ના જવાનોએ તેમની સાથે ગેરવર્તણૂક કરી અને તેમના પર હુમલો કર્યો. આ ઘટના રવિવારે, ૨૨ નવેમ્બરે પૂર્વીય દરવાજા (ઈસ્ટર્ન ગેટ) પર બની હતી. અહેવાલો અનુસાર સાજિદનું ત્રણ વર્ષનું બાળક ખોવાઈ ગયું હતું અને સુરક્ષાકર્મીઓ પાસે પહોંચી ગયું હતું. જ્યારે પરિવારે બાળકને CISF જવાનો પાસે જોયું, ત્યારે તેઓ તેમની પાસે ગયા અને બાળકને પાછું આપવા વિનંતી કરી. આરોપ છે કે, જવાનોએ સાજિદ પાસે બાળકના આધાર કાર્ડની માગણી કરી. તેના બદલામાં સાજિદે પોતાના અને બાળકના ફોટા મોબાઈલમાં બતાવ્યા, સાથે જ સંબંધ સાબિત કરવા માટે બાળકના જન્મનું પ્રમાણપત્ર પણ રજૂ કર્યું. પરંતુ CISFના જવાનો સંતુષ્ટ થયા નહીં. તેમણે 'બાલ આધાર કાર્ડ' (બાળકો માટેનું આધાર કાર્ડ) માંગ્યું અને સાજિદને ચાર દિવસ પછી પાછા આવવાનું કહ્યું. મુસ્લિમ પરિવારે આરોપ લગાવ્યો છે કે, જ્યારે તેમણે આ બાબતે વિરોધ કર્યો, ત્યારે અધિકારીઓએ સાજિદનો ફોન છીનવી લીધો અને તેના પર હુમલો કરવાનું શરૂ કર્યું. આ ઝપાઝપી દરમિયાન તેના સાળા આઝાદને એટલી ખરાબ રીતે મારવામાં આવ્યો કે તે ભેભાન થઈ ગયો.

CISFએ ઝઘડાની વાત નકારી કાઢી : દરમિયાન CISFના એક અધિકારીએ PTI સાથે વાત કરતા આ આરોપોને નકારી કાઢ્યા છે. તેમણે જણાવ્યું કે, VIP ગેટના ઉપયોગને લઈને ફોર્સના જવાનો અને તે વ્યક્તિ વચ્ચે બોલાચાલી થઈ હતી. સુપરિન્ટેન્ડિંગ આર્કિયોલોજિસ્ટ (પુરાતત્વ અધિકારી) ડૉ. સ્મિતા એસ. કુમારે જણાવ્યું કે, તેમને પ્રવાસીઓ અને CISF જવાનો વચ્ચે થયેલા ઝઘડા અંગે માહિતી મળી છે. તેમણે કહ્યું, 'અમે આ અંગે અમારા અધિકારીઓ પાસેથી અહેવાલ માંગ્યો છે. CISF કમાન્ડન્ટ પાસેથી પણ સ્પષ્ટતા માંગવામાં આવશે. દિલ્હીમાં સંબંધિત સત્તાવાળાઓને પણ લેખિતમાં જાણ કરવામાં આવશે.' આ અહેવાલ લખાયો ત્યાં સુધી એ સ્પષ્ટ નહોતું કે બાળકને તેના પરિવારને પાછું સોંપવામાં આવ્યું છે કે નહીં.

બંગાળમાં SIR અપીલ ટ્રિબ્યુનલ વધારવા, મતદારોના નામ કાઢી નાખવાને પ્રાથમિકતા આપવા SCનો ECને નિર્દેશ

કોર્ટે ચૂંટણી પંચને કલકત્તા હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સાથે પરામર્શ કરવા અને પડતર અપીલોના નિકાલને ઝડપી બનાવવા માટે કોલકાતામાં યોગ્ય જગ્યાઓની વ્યવસ્થા કરવા જણાવ્યું છે

(એજન્સી) તા.૨૩

સોમવારે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, બંગાળમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન દરમિયાન મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવામાં આવેલા મતદારો દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલોને પ્રાથમિકતા આપવી જોઈએ અને ચૂંટણી પંચને રાજ્યમાં આવી ફરિયાદોનો સામનો કરતી અપીલ ટ્રિબ્યુનલની સંખ્યા વધારવાનો નિર્દેશ આપ્યો. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી મોહનાની બનેલી બેન્ચે ચૂંટણી પેનલને ટ્રિબ્યુનલની સંખ્યા વધારતા પહેલા કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશનો સંપર્ક કરવા કહ્યું જેથી બાકી રહેલી અપીલોનો ઝડપી નિકાલ થાય. કોર્ટે ખાસ કરીને વિધાનસભા મતવિસ્તારોમાંથી ઉદ્ભવતી અપીલો પર ભાર મૂક્યો જ્યાં નાગરિક સંસ્થાઓની ચૂંટણીઓ સુનિશ્ચિત થાય છે અને નિર્દેશ આપ્યો કે મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવેલા કેસોને પહેલા લેવામાં આવે. તેણે અપીલ ટ્રિબ્યુનલ્સને બાકી રહેલા કેસોને બે શ્રેણીઓમાં વિભાજીત કરવા કહ્યું - મતદારોના નામ કાઢી નાખવાને પડકારતી અપીલો અને મતદાર યાદીમાં નામના સમાવેશને પડકારતી અપીલો. બેન્ચે અવલોકન કર્યું કે મતદારોના સમાવેશને લગતી અપીલોને સમાન સ્તરની તાકીદની જરૂર નથી અને પછીના તબક્કે તેની સુનાવણી કરી શકાય છે. કોર્ટે ચૂંટણી પંચને કોલકાતામાં વિવિધ સ્થળોએ યોગ્ય જગ્યાઓ ઓળખવાનો પણ નિર્દેશ આપ્યો હતો જેથી મતદારો માટે ટ્રિબ્યુનલ વધુ સુલભ બને અને કેસોનો ઝડપી નિકાલ થાય. કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારક્ષેત્રમાં રહેતા મતદારોને લગતી અપીલોને પ્રાધાન્ય આપવું જોઈએ, એમ બેન્ચે જણાવ્યું હતું. બંગાળમાં SIR કવાયતથી ઉદ્ભવતી ફરિયાદોને ઉકેલવા માટે રચાયેલી અપીલ ટ્રિબ્યુનલની કામગીરીને સુવ્યવસ્થિત કરવા માટે પગલાં લેવાની માંગ કરતી અરજ

શહેરી વિકાસને વેગ આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો મહત્ત્વનો નિર્ણય

ગુજરાતની નવરચિત ૯ મહાપાલિકાઓને વિકાસને લઇ વિનામૂલ્યે જમીન ફાળવાશે

પાંચ વર્ષ સુધી નિયમોમાં ખાસ છૂટછાટ : માલિકી સરકારની જ રહેશે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં નવી રચાયેલી ૯ મહાનગરપાલિકાઓના માળખાકીય વિકાસને વેગ આપવા રાજ્ય સરકારે મોટો નિર્ણય કર્યો છે. હવે આ મહાનગરપાલિકાઓને વિવિધ નાગરિક સુવિધાઓ ઊભી કરવા માટે સરકારી જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે. મહેસૂલ વિભાગે જમીન ફાળવણીના પ્રવર્તમાન નિયમોમાં પાંચ વર્ષ માટે ખાસ છૂટછાટ આપતો ઠરાવ કર્યો છે. આ નિર્ણયથી નવી મહાપાલિકાઓને જમીન ખરીદવા પાછળ થનારા કરોડોના સંભવિત ખર્ચમાંથી રાહત મળશે અને વિકાસકાર્યો માટે જમીન મેળવવાની પ્રક્રિયા સરળ બનશે. અગાઉ સરકારે જાહેરાત કરી હતી, જે અંગે આજે ૨૩ નવેમ્બરે વિધિવત્ રીતે ઠરાવ જાહેર કરવામાં આવ્યો છે.

મહેસૂલ વિભાગના ઠરાવ મુજબ નિર્ધારિત હેતુઓ માટે એક હેક્ટર સુધીની સરકારી જમીન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને તબદીલ કરી શકાશે. જો કે, એક હેક્ટરથી વધુ જમીનની જરૂરિયાત હોય તો રાજ્ય સરકારની મંજૂરી લેવી પડશે. જમીન ફાળવણી માટે સંબંધિત મહાપાલિકાના મ્યુનિસિપલ કમિશનરે i-ORA પોર્ટલ મારફતે કલેક્ટર સમક્ષ અરજી કરવાની રહેશે.



હેતુ બદલાશે જમીન સરકાર પરત લઇ લેશે

ગૌચર જમીન માટે અલગ જોગવાઈ જાહેર સુવિધાઓ ઊભી કરવા માટે ગૌચર જમીનની જરૂર પડે તો ગૌચર નીતિ મુજબ કાર્યવાહી કરવી પડશે. ગૌચર જમીન ફાળવવામાં આવે તેવા કિસ્સામાં તેટલી જ અન્ય સરકારી પડતર જમીન ગૌચર હેડ હેઠળ અનામત રાખવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. ગૌચર જમીન મેળવવા માટે રાજ્ય સરકારની મંજૂરી લેવી ફરજિયાત રહેશે. આ ઠરાવ મુજબ સરકારી જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે પરંતુ તેની માલિકી સરકારની જ રહેશે. ફાળવાયેલી જમીનનો ઉપયોગ માત્ર મંજૂર કરાયેલા જાહેર હેતુ માટે જ કરવાનો રહેશે. જમીનના ગામ નમૂના નંબર ૭માં કબજેદાર તરીકે 'શ્રી સરકાર' અને અન્ય હક્કમાં 'શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ' નોંધવામાં આવશે. જો જમીનનો નિર્ધારિત હેતુ માટે ઉપયોગ નહીં થાય અથવા સરકારને અન્ય જાહેર હેતુ માટે તેની જરૂર પડે તો સરકાર જમીન પરત લઈ શકશે.

મહેસૂલ વિભાગ દ્વારા આપવામાં આવેલી આ ખાસ છૂટછાટ ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી પાંચ વર્ષ સુધી અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન નવરચિત મહાપાલિકાઓ જાહેર સુવિધાઓ માટે જમીન મેળવવાની પ્રક્રિયા આ ખાસ જોગવાઈઓ હેઠળ કરી શકશે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી નવી મહાપાલિકાઓને વહીવટી કચેરીઓ, પાણી-ગટર વ્યવસ્થા, અગ્નિશમન સેવા અને સામાજિક સુવિધાઓના વિકાસ માટે જમીન મેળવવામાં સરળતા રહેશે. સાથે જ જમીન ખરીદવા પાછળનો ખર્ચ બચાવીને શહેરોના માળખાકીય વિકાસ માટે નાણાંનો ઉપયોગ કરી શકાશે. નવરચિત મહાનગરપાલિકાઓના વિસ્તારોમાં વિવિધ જાહેર સુવિધાઓ ઊભી કરવા માટે ૧૧ પ્રકારની સુવિધાઓ માટે જમીન ફાળવણીની જોગવાઈ કરવામાં આવી છે. તેમાં મહાનગર સેવા સદન, ફાયર સ્ટેશન, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભૂગર્ભ ગટર ડ્રેનેજ, પમ્પિંગ સ્ટેશન, વોટર સપ્લાય પ્રોજેક્ટ - પાણી પુરવઠાના કામો, સોલિડ/લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ કામગીરી, કોમ્યુનિટી હોલ અને કન્વેન્શન સેન્ટરનો સમાવેશ થાય છે. આ સુવિધાઓ શહેરના વહીવટી માળખાને મજબૂત બનાવવા, પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થાનું વિસ્તરણ કરવા, સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન સુધારવા, અગ્નિશમન સેવા સુદૃઢ બનાવવા તથા સામાજિક અને સામુદાયિક સુવિધાઓ ઊભી કરવા માટે મહત્ત્વપૂર્ણ છે. ઠરાવ મુજબ દર્શાવેલા હેતુઓ માટે એક હેક્ટરની મર્યાદામાં સરકારી જમીન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને તબદીલ કરી શકાય; તેવી જોગવાઈ કરવામાં આવી છે. એક હેક્ટરથી વધુ જમીનની માગણી અથવા ગૌચર જમીનની માગણીના કિસ્સામાં રાજ્ય સરકારની મંજૂરી મેળવવાની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. જમીન ફાળવણીના નિયમોમાં આપવામાં આવેલી આ ખાસ છૂટછાટ ઠરાવ પ્રસિદ્ધ થયા બાદ પાંચ વર્ષ સુધી અમલમાં રહેશે.

ત્રણ મહિનામાં બન્ની અને પંચમહાલમાં લાવવામાં આવશે

ગુજરાતમાં હવે ચિત્તા અને વાઘણની એન્ટ્રીનું કાઉન્ટડાઉન શરૂ : તમામ તૈયારીઓ પૂર્ણ

બન્નીમાં ૫૦૦ હેક્ટરમાં વાડા બનાવાયા : કેન્યાથી ચિત્તા લવાશે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં ૩ મહિનામાં ચિત્તા અને એક વાઘણ આવશે. રાજ્યના વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ અંગે જણાવ્યું હતું કે, કેન્યાથી એક નર ચિત્તો, એક માદા અને ૨ બચ્ચાંને કચ્છના બન્નીમાં લવાશે. જ્યારે મધ્યપ્રદેશમાંથી વાઘણને પણ ગુજરાત લાવવાની તમામ તૈયારીઓ થઈ ગઈ છે. આ સાથે જ ગુજરાત સિંહ, દીપડા, વાઘ અને ચિત્તા જેવા બિલાડી કૂળના પ્રાણીઓ ધરાવતું દેશનું એકમાત્ર રાજ્ય બની જશે.

પંચમહાલ જિલ્લામાં રહેતા નર વાઘ માટે મધ્યપ્રદેશથી વાઘણ લવાશે. આવનારા ૩ મહિના પહેલાં વાઘણને ગુજરાતમાં લાવવાની તમામ તૈયારીઓ પૂરી થઈ ગઈ છે. રતનમહાલના જંગલોમાં રહેતા વાઘ માટે રાજ્ય સરકારે વાઘણ લાવવાની માગ કરી હતી. NCTAની ટીમે જંગલની મુલાકાત લીધા બાદ વાઘણને ગુજરાતમાં સ્થળાંતરિત કરવાની મંજૂરી આપી દીધી હતી. કચ્છમાં ૧૫૪ વર્ષ બાદ ચિત્તાની ઘરવાપસી થશે ચિત્તા માટે કેન્યામાં જોવા મળતાં ખુલ્લા મેદાન જેવા ૫૦૦ હેક્ટરના વાડા બન્નીમાં બનાવાયા છે. જ્યાં તેમને રાખવામાં આવશે. આ પહેલાં મધ્યપ્રદેશમાં જે ચિત્તા લવાયા હતા તે નામીબિયા અને દક્ષિણ આફ્રિકાથી લવાયા હતા. જ્યારે ગુજરાતમાં આવનારા ચિત્તા કેન્યાથી આવતા હોવાથી તેની અલગ પ્રજાતિ હશે. ચિત્તા માટે નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA)એ પણ બન્નીના આ મેદાનની મુલાકાત લીધી હતી. ભારતમાંથી ૧૯૫૨માં ચિત્તા લુપ્ત થયા બાદ મધ્યપ્રદેશના કુનો પછી ગુજરાત દેશનું બીજું એવું રાજ્ય બનશે જ્યાં આ ફાસ્ટેસ્ટ લેન્ડ એનિમલનું પુનઃવસન કરવામાં આવશે. ચિત્તાઓને ખાસ કાર્ગો વિમાન દ્વારા પહેલા ભુજ લાવવામાં આવશે અને ત્યાંથી તેમને રોડ માર્ગે બન્ની વિસ્તારમાં લઈ જવામાં આવશે. કચ્છનો બન્ની વિસ્તાર તેના વિશાળ ઘાસિયા મેદાનો માટે જાણીતો છે. જે ભૌગોલિક દ્રષ્ટિએ કેન્યાના સવાના જંગલો સાથે ઘણી સમાનતા ધરાવે છે. ચિત્તાઓને ખુલ્લા મેદાનમાં ઝડપથી દોડવા અને શિકાર કરવા માટે આવી જ જમીનની જરૂર હોય છે, તેથી જ નિષ્ણાતોએ આ વિસ્તારને સર્વોત્તમ પસંદગી ગણાવી છે. ગુજરાત વનવિભાગ અંતર્ગત આવતા બન્ની ગ્રાસલેન્ડ ડિવિઝન વન વિભાગે આ માટે પૂરતી તૈયારીઓ કરી લીધી છે. બન્નીમાં આશરે ૫૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં ખાસ સુરક્ષિત એક્લોઝર તૈયાર કરાયું છે. જેની ફરતે આશરે ૧૦ કિલોમીટર લાંબી લોખંડની જાળીવાળી વાડ બનાવાઈ છે. આ વ્યવસ્થા એટલા માટે કરવામાં આવી છે જેથી બહારના હિંસક પ્રાણીઓ ચિત્તાના વિસ્તારમાં ઘૂસી ન શકે અને ચિત્તાઓ પણ સુરક્ષિત રીતે નવા વાતાવરણમાં અનુકૂલન સાધી શકે. શરૂઆતના એક મહિના સુધી આ ચારેય ચિત્તાઓને ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવશે અને ટીમ તેમના સ્વાસ્થ્ય અને વર્તન પર ૨૪ કલાક નજર રાખશે. પ્રોજેક્ટના બીજા તબક્કામાં એક વર્ષની અંદર વધુ ચિત્તા લાવવાનું આયોજન છે. જેથી બન્નીમાં ચિત્તાઓની કુલ સંખ્યા ૧૨ સુધી પહોંચી શકે. ચિત્તાઓના પુનર્વસન માટે ચિત્તા સંરક્ષણ સંવર્ધન કેન્દ્ર પ્રોજેક્ટ હેઠળ ૨૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ભગાડિયા વિસ્તારમાં ચિત્તા માટે પાણીના પોઈન્ટ, વનતળાવ, આર્ટિફિશિયલ શેડ ટેકરા સહિત સુવિધાઓ ઉભી કરાઈ છે. વાઘણ લાવવાના નિર્ણય પહેલાં અનેક તબક્કાની ચકાસણી કરવામાં આવી હતી. તેમાં રતનમહાલમાં માનવ-વાઘ સંઘર્ષની શક્યતા, જંગલનું વાતાવરણ, સુરક્ષા વ્યવસ્થા, અંતર તેમજ વાઘ અને વાઘણ વચ્ચેનું જિનેટિક મેચિંગ સામેલ છે. જન્મકુંડળી મેળ ખાતી હોય તે રીતે જિનેટિક સમાનતા તપાસ્યા બાદ જ અંતિમ નિર્ણય લેવાયો છે. NTCAએ સ્થળનું મૂલ્યાંકન, ખોરાકની પૂરતી ઉપલબ્ધતા, ભાવિ બચ્ચાઓ માટેની સુરક્ષા અને કાયમી વસવાટની યોગ્યતા અંગે વિગતવાર રિપોર્ટ તૈયાર કર્યો હતો.



સુરત સાયબર ક્રાઈમ સેલને મળી મોટી સફળતા

પહેલાં અસલી એપથી નફો કરાવ્યા પછી નકલી એપથી ૮.૨૨ કરોડ ખંખેર્યા : ૫ આરોપીઓની ધરપકડ

● ભણતર માત્ર ૧૦-૧૨ પાસ પણ કામ ભેજાબાજોને ટક્કર મારે તેવું ● ઈન્દોરમાં ચાલતા ગેરકાયદે કોલ સેન્ટર પર દરોડો પાડી આરોપીઓને ઝડપી પાડ્યા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૩

સુરતના એક ફરિયાદી સાથે શેર માર્કેટમાં ઊંચા નફાની લાલચ આપી રૂા.૧૪,૪૭,૯૯૭ની ઓનલાઈન છેતરપિંડી આચરવાના કેસમાં સુરત સાયબર ક્રાઈમ સેલને મોટી સફળતા મળી છે. પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે મધ્ય પ્રદેશના ઈન્દોરમાં ચાલતા ગેરકાયદે કોલ સેન્ટર પર દરોડો પાડી ૫ આરોપીની ધરપકડ કરી છે. આ ગેંગે છેલ્લા એક વર્ષમાં ૧૨ બેંક એકાઉન્ટ મારફતે રૂા.૮,૨૨,૦૦,૯૬૯ના શંકાસ્પદ વ્યવહારો કર્યા હોવાનું સામે આવ્યું છે. આ ગેંગની છેતરપિંડી કરવાની પદ્ધતિ અત્યંત શાતિર હતી. આરોપીઓ સૌપ્રથમ શેરબજારમાં રોકાણ કરવા ઈચ્છુક લોકોનો ડેટા મેળવી તેમને વ્હોટ્સએપ અને ફોન દ્વારા સંપર્ક કરતા હતા. શરૂઆતમાં તેઓ રોકાણકારોનો વિશ્વાસ જીતવા માટે Groww અને Angel One જેવી જાણીતી એપ્લિકેશનમાં ડિમેટ એકાઉન્ટ ખોલાવી તેમાં રોકાણ કરાવતા અને થોડો નફો પણ અપાવતા હતા. ત્યારબાદ આ એપ્સમાં વધુ કમિશન અને ચાર્જિસ લાગતા હોવાનું બહાનું કાઢી, પોતાની ડેવલપ કરેલી 'Wealth Trade' નામની બનાવટી APK ફાઈલની લિંક મોકલી એપ ડાઉનલોડ કરાવતા હતા. ફરિયાદી એકવાર નકલી 'Wealth Trade' એપ્લિકેશનમાં એકાઉન્ટ ખોલે ત્યારબાદ આરોપીઓ વ્હોટ્સએપ મારફતે અલગ-અલગ બેંક એકાઉન્ટની વિગતો મોકલી તેમાં નાણાં ટ્રાન્સફર કરાવતા હતા. એપ્લિકેશનમાં શરૂઆતમાં નફો બતાવી વધુ રોકાણ કરાવ્યા બાદ અચાનક ડિમેટ એકાઉન્ટમાં મોટું નુકસાન થયું હોવાનું જણાવી રોકાણકારોના પૈસા પરત આપતા નહોતા. સુરતના ફરિયાદી પાસેથી પણ આ જ રીતે રૂા.૧૪.૪૭લાખ પડાવી લેવાતા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. સાયબર ક્રાઈમ સેલની ટીમે છેલ્લા ૩-૪ દિવસથી ઈન્દોરમાં ધામા નાખી ટેકનિકલ વિગતોના આધારે કોલ સેન્ટર પર રેડ કરી હતી. ત્યાં કુલ ૧૮ ટેલીકોલર્સ કામ કરતા મળી આવ્યા હતા, જેમાંથી મુખ્ય ૫ આરોપી હેમંત સોનારે (ઉ.વ. ૨૮), ધર્મેન્દ્ર ઉર્ફે ડી.કે. રાય (ઉ.વ. ૨૫), સુધાંશુ ગીતે (ઉ.વ. ૨૬), પ્રવિણ ઉર્ફે પ્રિયાંશુ રાય (ઉ.વ. ૨૫) અને યશ કુમાવત (ઉ.વ. ૨૭)ની ધરપકડ કરી ૪ દિવસના રિમાન્ડ મેળવાયા છે. આ તમામ મૂળ મધ્યપ્રદેશના રહેવાસી છે અને છેલ્લા ૯ મહિનાથી એક વર્ષથી આ કોલ સેન્ટરમાં નોકરી કરતા હતા. પોલીસે કોલ સેન્ટરમાંથી ૧૯ અને આરોપીઓ પાસેથી ૫ મળી કુલ ૨૪ મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. તપાસ દરમિયાન કોલ સેન્ટરમાંથી ભારતના વિવિધ રાજ્યોના કુલ ૩,૦૭૯ કસ્ટમરોનો ડેટા મળી આવ્યો છે. આ અંગે સાયબર સેલના ડીસીપી બિશાખા જૈને જણાવ્યું કે, છેલ્લા બે-ત્રણ મહિનાના ટેકનિકલ વર્કઆઉટ બાદ અમારી ટીમે ઈન્દોરમાં દરોડો પાડી ૫ આરોપીને પકડ્યા છે, જેઓ માત્ર ૧૦ કે ૧૨ ધોરણ સુધી જ ભણેલા છે. તેમની મોડસ ઓપરેન્ડી એવી છે કે શરૂઆતમાં પ્રોફિટ વિડ્રો કરવા દઈને જેન્યુઈન હોવાનો વિશ્વાસ અપાવે છે અને બાદમાં મોટું રોકાણ કરાવી ફોન બંધ કરી દે છે.

અમરેલી જિલ્લાના બાબરામાં ઘરકંકાસે આખા પરિવારનો લીધો ભોગ

ઘર કંકાસમાં પત્નીની પથ્થરના ઘા ઝીંકી હત્યા કર્યા બાદ પતિ અને પુત્રે પણ જીવન ટૂંકાવ્યું

પત્ની હત્યા બાદ પતિ-પુત્ર મૂળ વતન પહોંચ્યા અને રાત્રે ઝેરી દવા ગટગટાવી

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લાના બાબરા શહેરમાં ઘરકંકાસના કારણે એક જ પરિવારના ત્રણ સભ્યોનાં મોતની હૃદયદ્રાવક ઘટના સામે આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. બાબરા શહેરમાં રહેતી ૪૨ વર્ષીય મહિલાની તેના જ પતિએ પથ્થરના ઘા ઝીંકી હત્યા કરી નાખ્યા બાદ પતિ અને પુત્રએ ધોળેરા તાલુકાના કાદીપુર ગામે ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારનો કરુણ અંત આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બાબરા શહેરની ખોજા શેરી વિસ્તારમાં આવેલા એક રહેણાંક મકાનમાં ૪૨ વર્ષીય શારદાબેન વિનોદભાઈ ગોહેલની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, મહિલાના પતિ વિનોદભાઈ ગોહેલે ઘરકંકાસના કારણે પત્ની શારદાબેન પર પથ્થર વડે હુમલો કરી તેમની હત્યા કરી હતી. પત્નીની હત્યા કર્યા બાદ વિનોદભાઈ પોતાના પુત્ર રોહન સાથે ધોળેરા તાલુકાના કાદીપુર ગામે આવેલા પોતાના મૂળ વતન પહોંચ્યા હતા. જ્યાં ગત રાત્રિના સમયે પિતા-પુત્રએ અલગ-અલગ રૂમમાં જઈ ઝેરી દવા પી લીધી હતી. આ ઘટનામાં બંનેનાં મોત નીપજ્યાં હતાં. બીજી તરફ બાબરાની ખોજા શેરીમાં મહિલાની હત્યાની જાણ થતાં પરિવારજનો અને સ્થાનિકોમાં દોડધામ મચી હતી. પરિવારજનો મહિલાની શોધખોળ કરી રહ્યા હતા તે દરમિયાન પોલીસને જાણ કરવામાં આવતાં બાબરા પોલીસની ટીમ તપાસ માટે રહેણાક મકાનમાં પહોંચી હતી. જ્યાં શારદાબેનનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને પગલે DYSP વિક્રમ્ય માનસેતા સહિતની પોલીસ ટીમો પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં પતિ વિનોદભાઈએ જ પત્નીની હત્યા કર્યા બાદ પુત્ર સાથે આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. હાલ મહિલાના મૃતદેહની પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને હત્યાનો ગુનો નોંધી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. હીરાના કારખાનામાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા વિનોદભાઈ ગોહેલ થોડા સમય પહેલાં જ ધોળેરા તાલુકાના કાદીપુર ગામેથી બાબરાની ખોજા સોસાયટીમાં રહેવા આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ, છેલ્લા કેટલાક સમયથી પરિવારમાં બોલાચાલી અને ઘરકંકાસ ચાલતો હતો. જોકે, આ કરુણ ઘટનાનું ચોક્કસ કારણ પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

ડ્રગ્સ વેચનારાઓની હવે ખેર નથી

અમદાવાદમાં નાર્કોટિક્સના બે આરોપીઓના ગેરકાયદે મકાન પર તંત્રનું બુલડોઝર ફર્યું

સરખેજની મહિલા આરોપી સામે પ્રોહિબિશનના ૪૮ ગુના

અમદાવાદ, તા.૨૩

રાજ્યભરમાં હવે ડ્રગ્સ અને નશાના કાળા કારોબાર સામે પોલીસ અભિયાન ચલાવી રહી છે ત્યારે અમદાવાદમાં ડ્રગ્સ વેચનારા આરોપીઓના ગેરકાયદે બાંધકામ સામે હવે બુલડોઝરની કાર્યવાહી શહેર પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી છે. સરખેજ પોલીસ અને ઝોન ૭ LCB દ્વારા સરખેજ વિસ્તારમાં સુનીતા રાઠોડ અને દિપક રાઠોડ નામના આરોપીઓ સામે NDPS એક્ટ હેઠળ ગુના નોંધવામાં આવેલા હતા. પતિ-પત્ની અને તેમના પાડોશમાં રહેતા શાંતાબેન રાઠોડ પણ NDPS ગુનામાં સંડોવાયેલા હતો અને તેમની ગેરકાયદે મિલકત હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડિમોલેશન કરવાની કાર્યવાહી પાડવામાં આવ્યા. જેના ડ્રોન વીડિયો પણ સામે આવ્યા છે. આ આંગે અમદાવાદ શહેરના ઝોન ૭ ડીસીપી શિવમ વર્મએ જણાવ્યું હતું કે, નો ડ્રગ્સ અમદાવાદ અભિયાન ચાલી રહ્યું છે. નાના-મોટા ડ્રગ્સ પેડલરોની વિરૂદ્ધમાં પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. સરખેજ પોલીસ અને ઝોન ૭ LCB દ્વારા સરખેજ વિસ્તારમાં સુનીતા રાઠોડ અને દિપક રાઠોડ નામના આરોપીઓ સામે NDPS એક્ટ હેઠળ ગુના નોંધવામાં આવેલા હતા. પતિ-પત્ની અને તેમના પાડોશમાં રહેતા શાંતાબેન રાઠોડ પણ NDPS ગુનામાં સંડોવાયેલા હતો અને તેમની ગેરકાયદે મિલકત હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડિમોલેશન કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે કોઈપણ નશાકારક પ્રવૃત્તિ કરવાના ગુનામાં સંડોવાયેલું હશે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

તો મામલે સરખેજની આરોપી સુનિતા રાઠોડ વિરૂદ્ધ નાર્કોટિક્સનો પ્રથમ ગુનો નોંધવામાં આવ્યો હતો. જો કે અગાઉ તેની સામે પ્રોહિબિશનના ૪૮ ગુના નોંધાયેલા છે. તેના પતિ વિરૂદ્ધમાં પણ પ્રોહિબિશનના ૨૪ ગુના દાખલ થયા છે. આરોપી શાંતાબેન રાઠોડ સામે પણ સરખેજ પોલીસ સ્ટેશનમાં નાર્કોટિક્સનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પ્રોહિબિશનના કે અન્ય કોઈ ગુના છે કે કેમ તેને લઈને હાલમાં તપાસ થઈ રહી છે. ત્યારે આરોપીઓની ગેરકાયદે મિલકતો અંગે તપાસ કરવામાં આવી રહી છે. જે બાદ તેમની સામે બુલડોઝર ફેરવવાની કાર્યવાહી થશે.

સિટી સેશન્સ કોર્ટમાં કેસ ચાલતા બંને પીડિત સગીરાઓ હોસ્ટાઈલ થઈ હતી !

અમદાવાદમાં જુદી-જુદી બે સગીરાઓ પર દુષ્કર્મ આચરનાર આરોપીને ૨૦ વર્ષની સજા

૧૮ વર્ષથી નાની ઉંમરની પીડિતાની સંમતિ કાયદેસર ગણાતી નથી : કોર્ટ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૩

અમદાવાદના હરેશ પટ્ટણી નામના આરોપી સામે બે અલગ અલગ સગીરા પર દુષ્કર્મ કર્યા ફરિયાદ નોંધતા તેની તપાસ બાદ અમદાવાદ સિટી સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતાં કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારી છે. જો કે, કોર્ટ કાર્યવાહી દરમિયાન બંને પીડિત સગીરાઓ કોર્ટમાં હોસ્ટાઈલ થઈ હતી. અંતે કોર્ટે ચુકાદો આપતા નોંધ્યું હતું કે, કાયદા મુજબ ૧૮ વર્ષથી ઓછી ઉંમરની સગીરાની સંમતિ કાયદેસર ગણાતી નથી, તેથી પ્રેમસંબંધ કે સંમતિનો બચાવ આરોપીને ગુનામાંથી મુક્ત કરી શકે નહીં.

હરેશ પટ્ટણી સામે વર્ષ ૨૦૨૨માં શાહીબાગ પોલીસ સ્ટેશનમાં પ્રથમ ફરિયાદ નોંધાઇ હતી.૨૪મે, ૨૦૨૨ના રોજ ભોગ બનનાર ૧૩ વર્ષ અને ૧૦ મહિનાની સગીરા ઘરેથી જમવાનું લેવા જવાનું કહીને નીકળ્યા બાદ પરત ફરી ન હતી. આ અંગે ભોગ બનનારની માતાએ તારીખ ૪ જૂન,૨૦૨૨ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. તપાસ દરમિયાન તા.૨૨ જૂન, ૨૦૨૨ના રોજ સગીરા મળી આવી હતી અને તા.૬ જુલાઈ, ૨૦૨૨ના રોજ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી સામે સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જવા અને રાજકોટ તથા સુરેન્દ્રનગર સહિતના વિવિધ સ્થળોએ લઈ જઈ એકથી વધુ વખત દુષ્કર્મ આચરવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હતો.

બીજા કેસમાં આરોપી સામે વર્ષ ૨૦૨૨માં મેઘાણીનગર પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો. તા.૨૪ જૂન, ૨૦૨૨ના રોજ ત્રણે ભોગ બનનાર ૧૩ વર્ષ અને ૧૧ મહિનાની સગીરા લારી મૂકવા માટે નજીકની એક સ્કૂલ પાસે ગઈ હતી અને ત્યારબાદ પરત ફરી ન હતી. આ અંગે ભોગ બનનારની માતાએ તારીખ ૪ જૂન,૨૦૨૨ના રોજ ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસ તપાસ દરમિયાન બહાર આવ્યું કે ભોગ બનનાર અને આરોપી વચ્ચે પ્રેમસંબંધ હતો અને સગીરા પોતાની મરજીથી ઘરેથી નીકળી મહેસાણા ગઈ હતી, જ્યાંથી તેણે આરોપીને બોલાવ્યો હતો. ત્યારબાદ બંને રાજકોટ, સુરેન્દ્રનગર, પાટણ અને પાલનપુર જેવા સ્થળોએ રોકાયા હતા, જ્યાં આરોપીએ સગીરા સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધ્યો હતો. તબીબી તપાસમાં ભોગ બનનારને ૬ અઠવાડિયાનો ગર્ભ હોવાનું જણાયું હતું. ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ સગીરાનો ગર્ભપાત કરાવવામાં આવ્યો હતો. ગર્ભપાત બાદ લેવામાં આવેલા ગર્ભના નમૂના, ભોગ બનનાર અને આરોપીના લોહીના નમૂનાઓના DNA પરીક્ષણમાં વૈજ્ઞાનિક રીતે સાબિત થયું હતું કે આરોપી અને ભોગ બનનાર જ તે ગર્ભના જૈવિક માતા-પિતા છે.

કોર્ટે નોંધ્યું હતું કે, ભોગ બનનાર સગીરા જુબાની દરમિયાન હોસ્ટાઈલ જાહેર થઈ હતી અને તેણે આરોપી સાથે પ્રેમસંબંધ હોવાનું તથા પોતાની મરજીથી ગઈ હોવાનું જણાવ્યું હતું. જો કે, કોર્ટે ઠરાવ્યું કે, કાયદાની નજરમાં સગીરની સંમતિનું કોઈ મહત્ત્વ નથી, તેથી સગીરા સાથે બાંધવામાં આવેલો શારીરિક સંબંધ દુષ્કર્મ અને પોક્સો એક્ટ હેઠળ ગંભીર ગુનો ગણાય છે. જેને લઈને કોર્ટે આરોપીને કસૂરવાર ઠરાવી ૨૦ વર્ષની કેદની સજા ફટકારી છે.

૨૦૦૨ના ગોધરા કાંડના કેસમાં સુપ્રીમ કોર્ટે દોષિત ઈરફાન સિરાજ પાડોને લગભગ ૧૮ વર્ષ જેલમાં રહ્યા બાદ મેડિકલ જામીન આપ્યા

અમદાવાદ, તા.૨૩

સુપ્રીમ કોર્ટે ૨૦૦૨ના ગોધરા કાંડના કેસમાં દોષિત ઈરફાન સિરાજ પાડોને હૃદય સંબંધિત બીમારીને ધ્યાનમાં રાખીને મેડિકલ જામીન આપ્યા છે, પાડો આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે અને લગભગ ૧૮ વર્ષ જેલમાં વિતાવ્યા છે, જ્યારે તેની ફોજદારી અપીલ ૨૦૧૮થી પેન્ડિંગ છે. ૨૦૦૨ ગોધરા કાંડના કેસમાં સુપ્રીમ કોર્ટે દોષિત ઈરફાન સિરાજ પાડોને લગભગ ૧૮ વર્ષ જેલમાં રહ્યા બાદ મેડિકલ જામીન આપ્યા છે. સુપ્રીમ કોર્ટે સોમવારે ૨૦૦૨ના ગોધરા કાંડના કેસમાં દોષિત એક વ્યક્તિની સજા સ્થગિત કરી તેને મેડિકલ જામીન આપ્યા છે. તે આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે અને લગભગ ૧૮ વર્ષથી જેલમાં બંધ છે. ન્યાયમૂર્તિ એમ.એમ. સુન્દરેશ અને ન્યાયમૂર્તિ પ્રસન્ના બી. વરાલેની ખંડપીઠે ઈરફાન સિરાજ પાડોની તબીબી સ્થિતિને ધ્યાનમાં રાખીને તેને રાહત આપી છે. સુનાવણી દરમિયાન ગુજરાત સરકારે પણ તેની હૃદય સંબંધિત બીમારી હોવાની વાત સ્વીકારી હતી. દોષિતે પોતાની સજા સ્થગિત કરવા અને દોષિત ઠેરવવાના ચુકાદા સામેની ફોજદારી અપીલ પેન્ડિંગ હોય તે દરમિયાન જામીન પર મુક્ત થવા માટે સર્વોચ્ચ અદાલતનો સંપર્ક કર્યો હતો. ૨૦૧૮થી સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ રહેલી આ અપીલ ફેબ્રુઆરી ૨૦૦૨ની ગોધરા કાંડની ઘટના સાથે સંબંધિત છે. આ ઘટનામાં સાબરમતી એક્સપ્રેસના એક ડબ્બાને આગ લગાડવામાં આવી હતી, જેમાં ૫૯ લોકોના મોત થયા હતા અને ત્યારબાદ સમગ્ર ગુજરાતમાં સાંપ્રદાયિક રમખાણો ફાટી નીકળ્યા હતા. માર્ચ ૨૦૧૧માં, ટ્રાયલ કોર્ટે આ કેસમાં ૩૧ લોકોને દોષિત ઠેરવ્યા હતા. જેમાંથી ૧૧ લોકોને મૃત્યુદંડ અને ૨૦ લોકોને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી, જ્યારે ૬૩ આરોપીઓને નિર્દોષ જાહેર કરીને મુક્ત કરવામાં આવ્યા હતા. ઓક્ટોબર ૨૦૧૭માં, ગુજરાત હાઈકોર્ટે તમામ ૩૧ આરોપીઓના દોષિત હોવાના ચુકાદ